
વર્ષ ૪૬ · અંક ૬
સળંગ અંક
૫૪૬
સંસ્થાપક - રવિશંકર મ. રાવળ
તંત્રી : બ. રાવત




મૃદંગ નૃત્ય · કલાકાર : શ્યાવક્ષ ચાવડા (બ્લૉકો : કલાકારના સૌજન્યથી)



લોકેશ્વર (ની
(વિષ્ણુપુર-બંગાળી-માંની મૂ

બંગાળના પાલ વંશના રાજ્યઅમલમાં થએલા બૌદ્ધ ધર્મના ન
નિર્માણકાળે તેના મહાયાન સંપ્રદાય અને જંત્રોના સંમિલનથી ઉ
ભવેલા જે કેટલાક જનમાન્ય દેવતાઓ પૂર્વ ભારતમાં—અને ત્યાં
નેપાળ તિબેટ ને અગ્નિ એશિયામાં પૂજાવા લાગ્યા તે પૈકી એક તે
લોકેશ્વર—અવલોકિતેશ્વર અથવા લોકનાથ; ¶. માથે સુસંપન્ન મુ
સાથે ડાબા હાથમાં કમલ-નાલ-દંડ ધારેલી અને વરદ મુદ્રાવાળા
મણા હ થ વડે શોભિત એ મૂર્તિના મુખ પર દુનિયાના સંતાપ પ્રત્યે
કરુણામિશ્રિત પ્રસાદભાવ છે. ¶. આદર્શવાદની રંગદર્શિતા સા
મનોભાવનું સૂક્ષ્મીકરણ સંમિશ્રિત કરવામાં પાલ મૂર્તિકલાની વિશિષ્ટ
છે. નાજુક દેહયષ્ટિના ચારુદર્શન સ્નાયુઓ સાથે સામંજસ્ય સાધ
વેશભૂષા અને આભૂષણોના એના મુલાયમ ઘડતરમાંથી બૌદ્ધ ન
નિર્માણકાળની પ્રગાઢ ધર્મપ્રભા પ્રતિધ્વનિત થાય છે. ¶. અગ્નિ-એ
યામાં ખાસ કરીને સીઆમ ને કમ્બોજમાં આજે પણ પૂજાના લોકે
કે લોકનાથ એ, આબાલવૃદ્ધ સર્વને મોક્ષની ખાતરી આપતા અમિતા
બુદ્ધનું જ પ્રસર્જન છે. પણ ભારતમાં તે બૌદ્ધ અને શૈવ ધર્મની પ
પરાઓના સંમિલનથી ઉદ્ભવેલા નાથ સંપ્રદાય સાથે સંબંધિત, શિ
અને બુદ્ધના સંમિશ્રણથી બનેલા સંયુક્ત, સંશ્લિષ્ટ દેવ છે.



નટરાજ શિવ (ઉપર)

એ હિન્દુઓના અધ્યાત્મ અને વિજ્ઞાનવિચારના મૂલગત ભાવકલ્પનને વ્યક્ત કરતી સંજ્ઞામૂર્તિ છે. પ્રકૃતિ, જીવન અને મનને લગતા હિંદુ સિદ્ધાંતને સમજવાની એ ચાવી છે. શિવનું એ બ્રહ્માંડવ્યાપી નૃત્ય, માનવ-મનના તેમજ વિશ્વ સમસ્તના અવિરત શાશ્વત ચાલી રહેલા જીવનધબકારનું, ગતિ અને સ્થૈર્યનું, લીલા અને વિલયનું મૂર્ત સ્વરૂપ છે. પરમ રસાનુભૂતિ અને આત્મિક આનંદના ભાવોદ્રેકને એ અત્યંત પ્રભાવશાળીરીતે વ્યક્ત કરે છે. એક કાળે સમસ્ત દક્ષિણ ભારતનાં મંદિરોમાં તેમજ અન્યત્ર વ્યાપકપણે ધ્યાનપૂજા માટે રખાતી એ મૂર્તિનાં અનેકવિધ સ્વરૂપો આજે જગતભરનાં કલાસંગ્રહસ્થાનોમાં ભારતીય શિલ્પની ચરમ સિદ્ધિરૂપ કલારત્ન તરીકે આદરણીયસ્થાન ધરાવે છે.


કુમાર


જૂન ૧૯૬૯ • અંક ૫૪૬

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડતરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.





કરોડરજ્જુ (કાયાની કરામત-૨૩)

કરોડરજ્જુના ભૂખરા દ્રવ્યના પાછલા **મૂળમાંથી** નીકળતો **અંતર્વાહી** જ્ઞાનતંતુ શરીરને થતી વિવિધ **સંવેદનાની** (દા.ત. **આંગળીમાં** કાંટો ભોંકાવાની) જાણ વહી લાવે છે. આગલા **મૂળમાંથી** નીકળતો **બહિર્વાહી** જ્ઞાનતંતુ જે તે **સંવેદનાને** અનુકૂળ (દા.ત. કાંટા પાસેથી **આંગળી ખસેડી લેવાની**) સૂચના જે તે અંગમાં પહોંચાડે છે. આવા બંને પ્રકારના **અનેક** જ્ઞાનતંતુઓ જોડાઇને નાડી બને છે. કરોડરજ્જુની બંને બાજુએ આવી ૩૧-૩૧ નાડીઓ છે.

જમણી બાજુની આકૃતિમાં કરોડ વચ્ચે કરોડરજ્જુની ગોઠવણ **દર્શાવી** છે **એમાં** (૧) કરોડરજ્જુ, (૨) **સફેદ** દ્રવ્ય, (૩) ભૂખરું દ્રવ્ય, (૪) બહિર્વાહી તંતુ, (૫) અંતર્વાહી તતુ, (૬) અંતર્વાહી તંતુ **પરની** નાડીગ્રંથિ (એ પ્રત્યેક અંતર્વાહી તંતુ **પર હોય છે**), (૭) કરોડનો **એક મણકો**, (૮) બે મણકા વચ્ચેની ગાદી, (૯) બે મણકા વચ્ચેનો ગાળો જેમાંથી જ્ઞાનતંતુઓની નાડી બહાર આવે છે અને (૧૦) જ્ઞાનતંતુઓ–



પગલાં તારાં — / મનોહર ત્રિવેદી

· ગાન ·

પગલાં તારાં પડ્યાં જરી ને બોલી ઊઠ્યું ફળિયું,
દીવાલ પરની એકસામટી કૉળી શી ઓકળિયું.
અને પાણિયારાને બેડે કૈંક અરીસા ઝબક્યા,
ગોળા નીચે ટીપેટીપાં ભીનુંભીનું મલક્યાં;
ખુંઝારાનો મોર ટહુક્યો અડકી જ્યાં આંગળિયું—પગલાં૰

કમાડ આડે મિજાગરાંઓ ગુપચુપ વાતે વળગ્યાં,
જાળીમાંથી તડકાઓનાં તેજ ફરીથી તબક્યાં;
નળિયે નળિયે હવા હવાની બજી રહી વાંસળિયું—પગલાં૰

ગમાણની હરિયાળી વચ્ચે છપ્પર આ ફરફરતું,
ખીલા પાસે શીંગડિયુંનું ટોળું કોલાહલતું;
બોઘરણાની હલકે ઘરની હરીભરી તાંસળિયું—પગલાં૰

એમ થાતું કે — / માધવ રામાનુજ

· ગાન ·

વન વચોવચ ખેતર ઊભાં, ગામ વચોવચ મેડી,
એમ થાતું કે સ્હેજ ઝૂકીને ખીણ આખી લઉં તેડી.

ચારને ભારે લચક લચક થાઉં ને
મૂઆં ઝાડવાં નફ્ફટ આંખ ફાડીને જોઈ રે';
મારી ઝાંઝરિયુંનું રણકી જોબન વાયરે ઊડ્યું જાય.

હાય રે, મારા પગને ભૂંડી ધૂળની લાગે નજર,
મારાં પગલાં સૂંઘી પાછળ પાછળ આવતા ચીલા
દોડતા આગળ થાય.

ગામને ઝાંપે આધું ઓઢી ઘરની ભૂલું કેડી.
એમ થાતું કે સ્હેજ ઝૂકીને ખીણ આખી લઉં તેડી.

બારીએ બેઠી હોઉં ને
ખોળો ખૂંદતી કોમળ પગલિયુંના ખિલખિલાટે
ઊછળે છાતી : છલ છલોછલ બે કાંઠે ઉભરાય નદીનાં૰હેણ.

ઉંબરે ઊભી હોઉં ને વાટે ગાડે ગાડાં
સીમની કૂંણી સાંજ ભરીને સાયબો આવે,
દનના ડુંગર ઊતરી આવે રાતનાં અબોલ કહેણ.
ઊંઘની આંબાડાળ : ટપોટપ સોણલિયાં લઉં વેડી.
વન વચોવચ ખેતર ઊભાં, ગામ વચોવચ મેડી.

વલોણું / મનહર તળપદા

· ગાન ·

ગામ આખાને ગોળીએ ઘાલી ગીત પરોઢનાં ગાય વલોણું,
આહ્લેઓલી સીમને માથે દોટંદોટા જાય વલોણું.

દહીંનાં દોણે ઘાસનાં લીલાં ખેતરમાં ઠલવાય વલોણું,
ચાસમાં ઊગ્યા છોડની કૂણી વાસમાં વલોવાય વલોણું.

શેડકઢાં રે દૂધની ધારે ધારે ત્યાં દો'વાય વલોણું,
છાશના ફોરે ફોરે આખા ફળિયામાં વ્હેંચાય વલોણું.

ડુંગરે ઊગ્યા ભતવારીના ગીતમાંહી ખોવાય વલોણું,
બેસી ફરી પ્રીતને જોવા તટ પરે ડોકાય વલોણું.

નેતરું ઝાલ્યા કરમાં ચારે પારણું બની જાય વલોણું,
ઉર ભરીને નેણનો કાવો એકબીજાને પાય વલોણું.

મેં મને સાંભળી / રમેશ પારેખ

· ગાન ·

મેં મને વાતો કીધાની મશે સાંભળી.

પથ્થરના દરિયામાં આવ્યો હિલ્લોળ
એની છાલકથી ભીની પગથાર,
પછડાતાં મોજાંની વચ્ચે વેરાઈ ગયો
ફીણ બની વેળાનો ભાર;
કલરવતાં નેવાંને અજવાળે જોયું તો
પાણી કરતાં ય ભીંત પાતળી…મેં૰

પગલું ભરું તો પણે ઊભેલા પહાડને
ઝરણાની જેમ ફૂટે ડાળ,
સુક્કાં યે ઝાડવાંને સ્પર્શું તો ઊઘડતાં
જાસૂદનાં ફૂલ ડાળડાળ;
પાણીને ધોળું તો કંકુ થઈ જાય
એવી રાતીચટાક મારી આંગળી…મેં૰

પાણિયારે / ધીરુ પરીખ

· ગાન ·

હું પાણિયારે ઊભી, વાલીડા
તું ચોકડીમાં દાતણ કરતો.
લૈ છાશ ગોળી હું માંજું, વાલીડા
તું તાંબાકુંડીએ મુખ ધરતો.

મૈં હાથ નાખી ખંગાળું, વાલીડા
તું ચાપવેક કોગળા ભરતો.
ધીમેથી ગોળી હું મેલું, વાલીડા
તું હળવેક રહે ઓર્યો સરતો.

ઝગમગ ગોળી ઝગંતી, વાલીડા
તું ઈમાં કૈં હરતો ફરતો;
ગેળે પાણીડાં હું ગાળું, વાલીડા
તું હેમખેમ ભીતર ઊતરતો.

કેમ કરી બુઝારું ઢાંકું, વાલીડા
તું તાજા પાણીમાં ઊભરતો!
હું પાણિયારે બૂડી, વાલીડા
તું ગોળીનાં નીર મહીં તરતો.

આવરણ / ગાફિલ

· ગઝલ ·

ચ્હેરા ઉપર છે નીલ ગવન કેરું આવરણ,
જાણે અદીઠ પર છે ગગન કેરું આવરણ.

ભેદી શકે છે આવરણો કેટલાં નયન!
ક્યાંથી કળાય એવાં નયન કેરું આવરણ?

આંખો મળી ગઈ કે કંઈક આવરણ થયું,
વચ્ચે ઢળી ગયું શું નમન કેરું આવરણ?

ખાલી સમુદ્ર થાય ને ઓલાય સૂર્ય પણ,
સંભવ છે દૂર થાય તો ઘન કેરું આવરણ.

ઓછાં હતાં શું આવરણો જિંદગી મહીં
ઓઢાડવા ચહો કે કફન કેરું આવરણ!

દિશા

ફાધર વાલેસ

'નદી જોઈ કે સવાલ ઊઠે છે, કે આ નદી ક્યાંથી આવી અને ક્યાં જાય છે. મને તો હમેશ નદી ક્યાંથી આવી એ જ સવાલ પ્રથમ ઊઠે છે. ઘણાને એમ જ થતું હશે. કારણ શું? નદી ક્યાં જાય છે એ તપાસવું સહેલું છે. નદીમાં પડતું મૂક્યું એટલે એ આપણને અનાયાસે સાથે લઈ જાય...પણ ક્યાંથી આવે છે એ તપાસવા માટે પ્રતીપ ગતિએ જવું જોઈએ. એ તો ઋષિઓ જ કરી શકે.' (કાલેલકર)

ભૂગોળરસિકનો આ પ્રશ્ન છે; જીવન-મર્મજ્ઞનું મંથન છે: નદી ક્યાંથી? જીવન ક્યાંથી?

જે ચાલે છે તેનું ઊપડવાનું ધામ હોવું જોઈએ. જે વહે છે તેનું મૂળ હોવું જોઈએ.

પણ તે શોધવા માટે પાછળ જવું જોઈએ, અવળી ગતિએ તરવું જોઈએ, પર્વતોનો પ્રદેશ ઓળંગવો જોઈએ.

હિમાલયમાં ગંગાનો જન્મ છે. ભગવાનમાં જીવનની ઉત્પત્તિ છે. પણ એ છે ભક્તિની શોધ. ઋષિઓનું કામ. જીવનસાધકોનું સાહસ.

પ્રશ્ન પૂછવા માટે હિંમત જોઈએ. તેના જવાબની શોધમાં ઊપડવા માટે શ્રદ્ધા જોઈએ. પણ એ શ્રદ્ધા, ને એ હિંમત, ને એ જિજ્ઞાસા માનવીનું આગવું ગૌરવ છે.

એવું બીજું મંથન: 'એક રાત્રે મારા અભ્યાસખંડમાં ચામાચીડિયું આવી ચડ્યું. બહારના અંધકારમાંથી ખુલ્લી બારી વાટે તે ઓરડામાં આવ્યું અને ઓરડાની છત સરસું ચક્કર ચક્કર ફરવા લાગ્યું. તે ઝપાટાબંધ ઊડતું હતું. તેને કોણ જાણે થાક પણ નહોતો લાગતો! તેનું ભ્રમણ મને તો સાવ નિરર્થક જેવું જણાતું હતું. તે ક્યાંથી આવ્યું? શા માટે આવ્યું? શા માટે ચકાવે ચડ્યું છે? છેવટ તે ક્યાં જશે? આવા પ્રશ્નો મારા મનને અકળાવી રહ્યા.

'પછી મને વિચાર આવ્યો કે આપણી પણ દશા શું ઘણે અંશે આ ચામાચીડિયા જેવી નથી? ક્યાંથી આવ્યા? કેમ આવ્યા? ક્યાં જઈશું? એ કશું આપણે ક્યાં જાણીએ છીએ?... છતાં આ ચામાચીડિયા પેઠે આપણે પણ અર્થહીન ભ્રમણ નથી કરતાં શું? આ દૃષ્ટિએ જીવનનો વિચાર કરીએ છીએ ત્યારે નિત્યજીવનમાં જે બાબતોને અમથું મહત્ત્વ આપી દઈએ છીએ તે બાબતો કેવી ક્ષુલ્લક લાગે છે!

'મન વિચારચકાવે ચડી ગયું છે. પણ હજી પેલું ચામાચીડિયું એ જ રીતે, એ જ ગતિથી ચક્કર ચક્કર ફરી રહ્યું છે. તે પણ કદાચ, હું કોણ? હું ક્યાંથી આવ્યું? હું આ શું કરું છું? આ ખંડ છોડીને જઈશ ત્યારે શું થશે? હું ક્યાં જઈશ? — એવા જ વિચાર કરતું હશે?' (વિનોદિની નીલકંઠ)

ચામાચીડિયાનો અવતાર.

ચક્કરે ફરવાનો ધર્મ. ભલે.

પણ ફરતાં ફરતાં જો મનમાં એ પ્રશ્ન ઊઠે, જો દિશા જાણવાની વૃત્તિ જાગે, જો 'હું ક્યાંથી ક્યાં?' પૂછવાની હિંમત ચાલે તો એ જડ અવસ્થામાંથી નવી ચેતના ઉત્પન્ન થાય. કેવળ પ્રશ્ન પૂછવાથી જ જીવનમાં નવું ગાંભીર્ય આવે, નવી દૃષ્ટિ આવે, નિત્યવ્યવહારની પેલી ક્ષુલ્લક બાબતો ક્ષુલ્લક જ બની જાય.

કદાચ ચામાચીડિયા અને માણસ વચ્ચે આ જ ફેર હોય. કદાચ જડ નદી અને જીવંત માનવી વચ્ચે આ જ ફેર હોય. માનવી અસ્થિર છે, પણ પોતાની અસ્થિરતા એ જાણે છે અને તેથી મૂળ આધાર શોધે છે. માનવી વહ્યા કરે છે, પણ પોતાની ગતિનું એને ભાન છે માટે પોતાનું ઉદ્ભવસ્થાન એ શોધતો રહે છે. માનવી ચક્કરચક્કર ફરે છે પણ પોતાના પરિભ્રમણનો એને ખયાલ છે અને તેથી પોતાનું ગુરુત્વકેન્દ્ર એ શોધતો રહે છે. માનવી અપૂર્ણ છે, પણ પોતાની અપૂર્ણતા એ બરાબર પારખે છે માટે જ એ પૂર્ણતા તરફ પ્રયાણ કરી રહ્યો છે. માનવી માનવી જ છે. અને માનવી હોવાના એ એકરારમાં ભગવાનના અસ્તિત્વની શ્રદ્ધા સમાઈ જ જાય છે.

એક જૂનું હાલરડું છે. પારણામાં સૂતેલા બાળકને હિંચોળતાં હિંચોળતાં એની મા ધીમેથી ગાય છે: 'તું મારું બાળક છે. મેં તને જન્મ આપ્યો છે, જીવન આપ્યું છે. પણ એ કેવી રીતે થયું એની મને ખબર નથી. તારાં એ નાજુક અંગો મારા પેટમાં કેવી રીતે ઘડાયાં, તારો એ નાનકડો દેહ કેવી રીતે બંધાયો એની મને ખબર નથી. બીજાનું કામ છે. મેં તને ઘડ્યો હોત તો કદાચ વધારે રૂપાળો બનાવત, વધારે હોશિયાર બનાવત. પણ એ મારા હાથનું કામ નહોતું...બેટા, તું મોટો થઈશ ત્યારે લોકો તને પૂછશે કે તારી મા કોણ? ત્યારે તું મારી તરફ આંગળી કરીશ. અને એ જોઈને હું પાણીપાણી થઈ જઈશ. પણ બેટા, યાદ રાખજે કે મારી પાછળ બીજો ઊભો છે, જેના આશીર્વાદથી તું મારા પેટમાં આવ્યો, જેની કૃપાથી તું જન્મ્યો. એની તરફ પણ આંગળી કરજે, બેટા. એ ખરો માલિક છે. મારા આ હાથે તને બનાવ્યો નથી. તેમનું કામ જુદું છે. તે હવે નમસ્કારમાં જોડાઈને તારા કલ્યાણ માટે એ ભગવાનને વિનંતી કરી રહ્યા છે. તું નિરાંતે ઊંઘી જજે.'

માની એ પ્રાર્થનામાં 'હું ક્યાંથી આવ્યો?' એ પ્રશ્નનો ઊંડો ને સુંદર જવાબ નથી શું? *બાળક તો એનું, પણ એના સર્જનનું રહસ્ય એની સમજમાં નથી, માટે એની નજર તરત* ઉપર વળી જાય છે ને સાચા માલિકને ઓળખે છે. જીવન તો મારું પણ એ જીવનના સંજોગો મારા હાથમાં નથી, એટલે મારી નજર પણ આપોઆપ ઊંચે જાય છે ને ભગવાનને શોધે છે.

અને એમાં જ જીવનની શ્રદ્ધા ને ઉલ્લાસ ને ઉમંગનું રહસ્ય છે. નદીનાં પાણી પૂરા જોર સાથે આગળ વધતાં જાય છે, કારણ કે પોતાના કુળની ખાતરી એમને થઇ ચૂકી છે. ભાગીરથી આનંદના આવેશ સાથે તળેટીનાં ખેતરો ઉપર ઊતરે છે, કારણ કે તે ગિરિરાજના વંશની છે એની એને ખબર પડી છે. અને માનવી નવા ઉત્સાહ સાથે જીવનમાં ઝંપલાવે છે, કારણ કે એણે પણ આખરે જાણી લીધું છે કે પોતે ભગવાનનો જ વંશજ છે.

એ જીવનના ઉત્સાહને કોણ રોકી શકશે? નદીના પૂરને કોણ અટકાવી શકશે?

'તું થોભ જરી તો પૂછું સિન્ધુ મતવાલી,
આ સજી સોળ શણગાર, કહે, તું ક્યાં ચાલી?'

એ જાણે છે કે પોતે હવે ક્યાં જાય છે, ક્યા સાગરને મળવા જાય છે. માટે સોળ શણગાર સજે જ ને! ને જવાબ આપવા પણ એ રોકાશે નહિ. જવાબ તો એના તરંગથી આપે છે, એના સંગીતથી આપે છે, એના ઉન્માદથી આપે છે.

બ્રહ્માંડના નકશા પર માનવીનું જીવન પણ એક ભૂરી આસમાની રેખા છે. આછીઆછી, ઝીણી પાતળી, પણ સ્પષ્ટ, ઊંડી, સીધી. એનું મૂળ પણ છે ને એને લક્ષ્ય પણ છે. તેથી એને દિશા છે: નક્કી, ને શૂર, ને શ્રદ્ધાવાન દિશા છે. એ દિશાનું એને ભાન છે, ગર્વ છે. એ દિશામાં એનું સ્વમાન છે, એના કુળની ખાનદાની છે, એના ભવિષ્યની આશા છે.

ક્યાંથી ક્યાં? હિમાલયના શિખરેથી મહાસાગરની ભેટ સુધી.

પછી શું એ નદીના વહેણમાં નવો વેગ, નવો વિશ્વાસ, નવો ઉમંગ ન આવે?

જામનગરના રાજેન્દ્રસિંહજી પછી ભારતીય ભૂમિદળના બીજા ગુજરાતી સેનાધિપતિ

જનરલ માણેકશા

લેખક · વિજયગુપ્ત મૌર્ય

સૈન્યમાં ટોચ પર પહોંચવા માટે યોગ્યતા પૂરતી નથી; તેમાં 'સદ્ભાગ્ય' પણ જોઈએ છે;—કદાચ સદ્ભાગ્યની પરંપરાની જરૂર પડે! તેણે સૈનિકો તરીકે યુદ્ધમાં પરાક્રમો કરવાં જોઈએ એટલું જ નહિ, પણ તેમાંથી જીવતા પાછા આવવું જોઈએ; તેણે સરદાર તરીકે યશસ્વી દોરવણી આપવી જોઈએ; અને પછી ટોચ પર પહોંચવા માટે સ્પર્ધામાં વિજયી થવું જોઈએ! આથી જ્યારે પોતાના કોઈ સરદારને બઢતી આપવાનો પ્રશ્ન નેપોલિયન પાસે આવતો ત્યારે તે પૂછતો કે આ માણસ 'ભાગ્યશાળી છે'?—એટલે કે તે યુદ્ધમાં પરાક્રમ કરીને જીવતો પાછો આવ્યો છે?!

તાજેતરમાં ભારતના ભૂમિદળના સેનાધિપતિ તરીકેના હોદ્દા પર આવેલા જનરલ સામ હોરમજી ફ્રામજી જમશેદજી માણેકશાને નસીબે વારંવાર આવી યારી આપી છે. તેમણે કેટલાયે યુદ્ધોમાં ભાગ લીધો છે. બે વખત ગંભીરરીતે ઘવાયા હતા. તેમની અવગણના પણ કરવામાં આવી હતી. સર્વોચ્ચ લશ્કરી પદની ઉમેદવારીમાં તેમની સામે સમર્થ હરીફો હતા. આ બધી મુશ્કેલીઓને તેઓ હેમખેમ પાર કરી જાય એ કંઈ જેવુંતેવું સદ્ભાગ્ય છે?

ઇરાની ઢબનું લાક્ષણિક લાંબું અને મોટું નાક ધરાવતા 'સામ'નો જન્મ તા. ૩ એપ્રિલ ૧૯૧૪ના દિવસે અમૃતસરમાં થયો તે પછી ચોથે જ મહિને દુનિયાની લડાઈઓના ઇતિહાસમાં ત્યાં સુધીમાં ભીષણતમ ગણાએલો યુરોપનો પહેલો વિશ્વવિગ્રહ ફાટી નીકળ્યો, અને તેમના પિતા લશ્કરી ડૉક્ટર તરીકે તેમાં સામેલ થયા.

કિશોર વયમાં માણેકશાએ પહેલા વિશ્વવિગ્રહની રોમાંચક કથાઓ વાંચી હતી. વીસ વર્ષની વયે તેમને બ્રિટિશ હિંદી સૈન્યમાં કમિશન્ડ અફસર તરીકે લેવામાં આવ્યા અને ઇંગ્લૅન્ડમાં તેમને લશ્કરી તાલીમ મળી. ત્યાં ઇમ્પિરીઅલ ડિફેન્સ કૉલેજમાં, પુસ્તકોના વિશાળ વાચન દ્વારા અને કવાયતના મેદાન પર તેમને જે જ્ઞાન મળ્યું હતું તેની પરીક્ષા બીજા વિશ્વયુદ્ધમાં થઈ. તેમને બ્રહ્મદેશના બચાવ માટે મોકલવામાં આવ્યા. જાપાનીઓ ત્યારે દાવાનળની જેમ પેગુ અને રંગૂન ઉપર ધસી આવતા હતા. તે સમયે માણેકશા ફોજના કૅપ્ટન હતા. જાપાનીઓની ધસમસતી આગેકૂચને ખાળવા તે સિતાંગ નદીને કાંઠે પોતાની ટુકડીઓ સાથે આગળ ધસી ગયા. આ વધુપડતું સાહસ હતું. જાપાનીઓને ખાળવા જેટલી લશ્કરી તાકાત અંગ્રેજો પાસે ન હતી. પરંતુ માણેકશા કાંઈ બળાબળની તુલના તાજવે તોળીને કરે એવા ન હતા. ફરજ પહેલી, સલામતીનો વિચાર પછી.

આ તુમુલ સંગ્રામમાં માણેકશાની બહાદુરીએ તેમના અંગ્રેજ સેનાપતિને પ્રભાવિત કરી દીધો. માણેકશા એમાં ગંભીર રીતે ઘવાયા. તેમને સારવાર માટે તત્કાલ હિંદ મોકલી દેવાયા અને મિલિટરી ક્રૉસ અર્પણ કરીને તેમનું માન કરવામાં આવ્યું. દરમ્યાન બ્રહ્મદેશ તો જાપાનીઓએ જીતી લીધો. સાજા થયા પછી માણેકશાને હિંદમાં બીજી ફરજ પર મૂકવામાં આવ્યા, ને તેમણે ઉચ્ચતર લશ્કરી તાલીમ લીધી.



વિગ્રહના અંત ભાગમા જ્યારે જાપાનીઓ બ્રહ્મદેશમાં હારી રહ્યા હતા ત્યારે માણેકશાને ફરીથી બ્રહ્મદેશ મોકલવામાં આવ્યા. જાપાનીઓ હારતા હતા તો ખરા, પણ પરાજય સ્વીકારી શરણે આવવા માગતા ન હતા. તેઓ સર્વત્ર કેસરિયાં કરીને લડી રહ્યા હતા. એ વખતે જનરલ સ્લિમના સૈન્યમાં રંગૂન–માંડલે ધોરી માર્ગ પર બ્રિગેડમેજર માણેકશા આક્રમણ લઈ ગયા. તેઓ પોતાના જવાનો સાથે યુદ્ધમાં સદા મોખરે જ રહેવાનું પસંદ કરે. આથી તેઓ ફરીથી ઘવાયા અને ફરી તેમને સારવાર માટે હિંદુસ્તાન મોકલી દેવામાં આવ્યા. આવા તુમુલ સંગ્રામોમાં બે વખત ગંભીર જખ્મો થયા છતાં માણેકશા જીવતા રહે અને કાયમ માટે પાંગળા પણ ન થઈ જાય એ કેવું સદ્ભાગ્ય!

ત્રીજી વખત માણેકશાને હિંદી ચીન મોકલવામાં આવ્યા. હવે જાપાનીઓ હારી ચૂક્યા હતા અને હિંદી ચીનમાં એ હારેલા ૬૦ હજાર યુદ્ધકેદીઓની વ્યવસ્થા કરવાની હતી. એ દિશામાં પણ જનરલ ડેઈઝીના સૈન્યમાં માણેકશાએ પ્રશંસનીય કામ કર્યું.

માણેકશા વતનમાં પાછા આવ્યા ત્યારે અહીં ઐતિહાસિક પરિવર્તન થઈ રહ્યું હતું. દેશના ભાગલાના અને અંગ્રેજોની વિદાયના ભણકારા વાગી રહ્યા હતા. ભારત સ્વતંત્ર થતાં જ પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કર્યું. ફરી એક વખત માણેકશાને પોતાનું પાણી બતાવવાની તક મળી. હવે તેઓ બ્રિગેડીઅર બન્યા અને કાશ્મીરની રક્ષા માટેના યુદ્ધના આયોજનમાં તેમણે ભાગ લીધો. તેઓ એક ડિવિઝનના સરદાર હતા. તેમની મહત્ત્વાકાંક્ષી દીર્ઘદૃષ્ટિ સમગ્ર કાશ્મીરમાંથી પાકિસ્તાનીઓને હાંકી કાઢવાનું આયોજન કરતી હતી. પરંતુ વયમાં અને હોદ્દામાં તેઓ નાના હતા અને કાશ્મીરનો પ્રશ્ન યુનોમાં લઈ જવાની રાજકીય ભૂલ થઈ ચૂકી હતી. આથી માણેકશાની સલાહની ઉપેક્ષા થઈ. પરિણામે ૧/૩ ભાગનું કાશ્મીર પાકિસ્તાનના હાથમાં જ રહ્યું.

મૂળ મુંબાઈમાં પ્રૅક્ટીસ કરતા અને પાછળથી પંજાબમાં અમૃતસરમાં જઈ ત્યાં દવાખાનું તથા ડ્રગસ્ટૉર બંને ચલાવતા ડૉ. હૉરમસજી ફ્રામજી માણેકશાનાં છ સંતાનો (ચાર ભાઈઓ અને બે બહેનો)માં પાંચમા આપણા ચરિત્રનાયક 'સામ' નાનપણથી જ ટીખળી હતા. એમના નાના ભાઈ કહે છે કે સામ હમેશાં તોફાની મજાકો અને આબેહૂબ અનુકરણચાળાથી ઘર આખાને સદા હસતું રાખ્યા કરતા. પિતાના એ સૌથી લાડકા હતા.

છતાં પિતા મિજાજના ભારે કડક હતા. સામ હજી પોતે છ કે એમણે જ્યાં શરૂનું શિક્ષણ લીધેલું તે નૈનીતાલની શેરવૂડ કૉલેજમાંથી વૅકેશનમાં ઘેર આવે ત્યાં પણ ટ્યૂશન માટે માસ્તર તૈયાર જ હોય! બાપદીકરા વચ્ચે કરાર થએલો કે સામ સીનિયર કેમ્બ્રિજમાં (મૅટ્રિકની કક્ષાની ઉચ્ચ પરીક્ષામાં) ઑનર્સ મેળવે તો એને ઇંગ્લંડ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ માટે મોકલવો. દીકરાએ 'ડિસ્ટિંક્શન' જ નહિ પણ આખા યૂ. પી—યુનાઈટેડ પ્રૉવિન્સિઝ (આજના ઉત્તરપ્રદેશ)માં પ્રથમ સ્થાન મેળવ્યું. પણ બાપા ફરી ગયા. ઇંગ્લંડ મોકલવા માટે સામ ઘણો નાનો ગણાયો! આમ કપટ કરીને પોતાની પાસે ઑનર્સ લેવડાવવા માટે સામે ચીડાઈને પિતા સાથે બોલવાનું જ બંધ કરી દીધેલું.

પણ એ સુખ-આનંદના દિવસો હતા. એમના બંગલા—પહેલાં ન્યૂ કોર્ટ રોડ પર અને પછી મૉલ ઉપર—કુશાદે હતા. આગળ ઘણી મોટી 'લૉન' હતી અને ઘેર એક ચિલઝડપી કાળી સિટ્રૉએન મોટર હતી, જે રોજ પિતાને સુવર્ણમંદિર (અમૃતસર) પાસેના એમના દવાખાને કે બજારમાં આવેલા એમના દવાના સ્ટોરે (દુકાને) લઈ જતી. ડૉ. માણેકશા ઈ. ૧૯૬૪માં ૯૦ના થઇને ગુજરી ગયા. ૯૨ વર્ષનાં માતાજી આજે પણ મુંબાઇમાં હયાત છે. મધુર, મમતાળુ, ચારુદર્શન અને ચુસ્ત પારસી એ માતા, ઉગ્રશાસન પિતાના ઘરનું વાતાવરણ પોતાની સાલસતાથી સદા મુલાયમ અને સહ્ય બનાવીને કુટુંબને સંયુક્ત ને સુખી રાખતાં.

અમૃતસર હિંદુ કૉલેજમાં ભણતા સામને પિતા પેઠે ડૉકટર થવું હતું. એવામાં, દેહરાદૂનમાં તાજી ઊઘડેલી ઇંડિયન મિલિટરી ઍકેડેમી (લશ્કરી કૉલેજ)ની જાહેરાત એના વાંચવામાં આવી. એણે નામ નોંધાવ્યું ને શરૂની જ ૪૦ કૅડેટની ટુકડીમાં એ ચૂંટાયા.

ઈ. ૧૯૩૪ની ૪થી ફેબ્રુઆરીએ કમિશન્ડ ઑફિસર બનીને એ રૉયલ સ્કૉટ્સ રેજિમેન્ટમાં જોડાયા. ત્રણ વરસ બાદ લાહોરમાં એક પારસી સમારંભમાં આ યુવાન અફસર મુંબાઈના એક પારસી વેપારીની રૂપસુંદર અને મેધાવી પુત્રી સિલ્લુના સંપર્કમાં આવ્યા. મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઇને તે ત્યાંની જમશેદજી જીજીભાઈ કલાશાળામાં અભ્યાસ કરતી હતી. બંનેનાં મન મળ્યાં અને ઈ. ૧૯૩૯માં તેઓ પરણ્યાં.

બીજા મહાયુદ્ધમાં, ૧૯૪૨ની ૨૨મી ફેબ્રુઆરીએ બ્રહ્મદેશની યુદ્ધભૂમિ પર એમને મિલિટરી ક્રૉસ કેમ મળ્યો એ પણ નોંધપાત્ર પ્રસંગ છે. જાપાનીઓ સામે વળતો હુમલો કરતી ટુકડીને મોખરે એ બેધડક આગે ધપી રહ્યા હતા, ત્યાં બાજુની ઝાડીમાંથી એક જાપાનીઝ સૈનિકે કૂદી આવીને માણેકશાના પેટમાં પોતાની ટૉમ્સન બંદૂક ઠાલવી દીધી; અને



ઇંડિયન મિલિટરી ઍકેડેમીના
જેન્ટલમૅન કૅડેટ માણેકશા

સિતાંગ નદીના કિનારાની એ ઝાડીમાં લોહીના ખાબોચિયામાં અમળાતા માણેકશા તૂટી પડયા. એવામાં ૧૭મી ડિવિઝનના કમાન્ડર મેજર જનરલ કોવાન—જે એક કાળે ઇંડિયન મિલિટરી ઍકેડેમીમાં માણેકશાના શિક્ષક હતા એણે માણેકશાને આ દશામાં જોયા. તેણે કેવી ઉમદા કામગીરી બજાવી હતી તે એ જાણી ચૂકયા હતા. સહસા મેજર-જનરલ કોવાને પોતાની છાતી પરની મિલિટરી ક્રૉસની રિબન ઉખેડીને કૅપ્ટન માણેકશાની છાતી પર લગાડી દીધી અને બોલ્યા: 'મરેલા માણસને પાછળથી પછી મિલિટરી ક્રૉસથી શણગારી શકાતો નથી.' આમ, મિલિટરી ક્રૉસથી યુદ્ધભૂમિ પર જ નવાજવાનું વિરલ માન કૅપ્ટન માણેકશા પામ્યા. ઑસ્પિટલમાં છ માસ ગાળ્યા બાદ એ ફરી ઘોડા જેવા થઈ ગયા.

બીજા મહાયુદ્ધમાં મોખરા પરની બે

સામ માણેકશા મુંબાઈના છે. સૈનિકના ગુણ તેમને વારસામાં મળ્યા છે. તેમના પિતા કૅપ્ટન માણેકશા બ્રિટિશ હિંદી સૈન્યની તબીબી શાખામાં હતા અને પહેલા વિશ્વવિગ્રહમાં મેસોપોટેમિયા (ઈરાક)માં બ્રિટિશ હિંદી સૈન્યમાં હતા.


તેજસ્વી આંખો, પ્રભાવશાળી મુખ અને વીંછીની આર જેવા તીણા છેડાવાળી ભરાવદાર મૂછો ધરાવતા જનરલ માણેકશા પારસીઓની લાક્ષણિક વિનોદવૃત્તિ ધરાવે છે. તે સાથે સ્પષ્ટવક્તા પણ છે. તેઓ આખાબોલા હોવાથી જ કોર કમાન્ડરનો હોદ્દો તેમને મોડો મળ્યો. ઈ. ૧૯૬૨માં ચીને આક્રમણ કર્યું ત્યારે જ તેમને કોર કમાન્ડર બનાવી નેફામાં મહત્ત્વની કામગીરી સોંપવામાં આવી.

એ વખતે ચીનના હાથે આપણે, ખાસ કરીને નેફાના મોરચે, જે નામોશીભર્યો માર ખાધો તે માટે સંરક્ષણ પ્રધાન કૃષ્ણમેનન જવાબદાર ગણાયા એ ખરું, પરંતુ વડા પ્રધાન, પ્રધાનમંડળ અને સેનાપતિ મંડળ સૌ તે માટે જવાબદાર હતા. સૈન્યમાં મેનન પોતાના માણસોને આગળ લાવી રહ્યા હતા. અલબત્ત, ઊંચી કક્ષાની નિમણૂકો સીનિયૉરિટીના ધોરણે નહિ પણ ગુણવત્તાની દૃષ્ટિએ, પસંદગીના ધોરણે થાય છે, અને કોઈ પણ પસંદગી માટે ટીકા થઈ શકે. તેમ છતાં નેફામાં આપણો ધબડકો થયો તે બતાવી આપે છે કે મેનને કરેલી પસંદગી યોગ્ય ન હતી. ભૂમિદળમાં સેનાપતિ તરીકે મેનને થોરાટને બદલે થાપરની પસંદગી કરી. ચીફ ઑવ જનરલ સ્ટાફ તરીકે તેમણે લેફ્ટેનન્ટ જનરલ બી. એમ. કૌલની પસંદગી કરી. આ પસંદગી પાછળનું કારણ ઉઘાડું હતું. કૌલ નેહરુની નજીક હતા અને નેહરુ કૌલની વાત સાંભળતા હતા. નેફામાંથી 'ચીની સૈન્યને ફેંકી દેવા' કૌલને સરદાર બનાવવામાં આવ્યા એ એક મોટી ભૂલ હતી. આ કામ માણેકશા જેવા કસાએલા સરદારને સોંપવાની જરૂર હતી. હૈદરાબાદ સામે લશ્કરી પગલું લઇને નિઝામની સાન ઠેકાણે લાવનાર અને ગોવાને પોર્ટુગીઝોના હાથમાંથી મુક્ત કરનાર ચૌધરીની પણ ઉપેક્ષા કરવામાં આવી હતી. ચૌધરી પ્રતિભાશાળી સેનાપતિ હતા, તેમ છતાં કૌલને ચૌધરી પ્રત્યે સખત અણગમો હતો અને કૌલ માટે મેનનને પક્ષપાત હતો.

કૌલને આખાબોલા માણેકશા પ્રત્યે પણ નફરત હતી. માણેકશા પારસી છે. મુંબાઈના સાપ્તાહિક 'કરન્ટ'ના પારસી તંત્રી ડી. એફ. કરાકાએ કૌલ સામે ઝુંબેશ શરૂ કરી હતી. આ ઝુંબેશે કૌલને ઘણા



જેન્ટલમૅન કૅડેટ માણેકશા
ઇંન્ડિયન મિલિટરી ઍકૅડેમીમાં



ઇમ્પિરીઅલ ડીફેન્સ કૉલેજ (યુનાઇટેડ કિંગડમ)માં ગયા ત્યારે કુટુંબ સાથે
ડાબી બ જુથી: પર્લ, શ્રીમતી સિલ્લુ, બ્રિગે. માણેકશા અને પુત્રી શેરી તથા માયા

વખતની વીરતા અને કાશ્મીરમાં પાકિસ્તાન સામેની લડાઇમાં આયોજનની કાબેલિયત ઉપરાંત વહીવટી ક્ષેત્રે ભારતના આગલા વખતની લશ્કરી સમસ્યાઓના ઉકેલ તથા દેશી રાજ્યોનાં લશ્કરોની ભેળાદુખણુ પતાવટ એમણે કુનેહપૂર્વક પાર પાડેલી. યુનાઇટેડ નેશન્સમાં કાશ્મીરના પ્રશ્ન પર ભારતના પ્રતિનિધિ બેનેગલ નરસિંહરાવના લશ્કરી સલાહકાર તરીકે પણ એમણે જનરલ થિમૈયા સાથે કામ કરેલું. ગઈ ૧૫–૧૬ માર્ચની રાત્રે ભૂગર્ભ નાગસેનાના જનરલ ઓવુ અંગામીની ધરપકડ એ એમની તાજી ઉલ્લેખપાત્ર સફળતા છે.

નાથુલાનાં ચીની છળકપટ, નાગપ્રદેશ (નાગાલૅન્ડ)ની સમસ્યાઓ, મિઝો ટેકરીઓના ભૂગર્ભવ સીઓની કનડગત અને લશ્કરના સેનાપતિ તરીકેની વહીવટી તથા અન્ય દુગ્ધાઓ અને ચિંતાઓથી વેગળા થઈને ગૃહસ્થી જીવન જીવતા માણેકશા વત્સલ પિતા અને પ્રેમાળ પતિ તરીકે જોવા મળે. ઘેર પણ તે નાનાવિધ કાર્યોમાં રત જ હોય: બાગબાની (અને તેમાં યે ગુલાબનો ઉછેર) એમનો પ્રિય શોખ છે. એવો જ મરઘાંઉછેરનો રસ અને ઉત્કટ શ્વાનપ્રેમ એમનામાં છે. (એમણે છ કુતરા પાળ્યા છે.) પણ આ સૌથી વધારે ઉત્કટ તો છે એમનો સંગીતપ્રેમ—પશ્ચિમી શાસ્ત્રીય સંગીતનો. બીજી બાજુ એમનાં પત્નીની કલાપ્રવૃત્તિ પણ હજી ચાલુ છે. ઘરમાં એકાદ તૈલચિત્ર તો તેઓ ચીતરતાં જ હોય. પોતાના પતિની કર્તવ્યનિષ્ઠા અને ઠંડા મગજની તે બહુ પ્રશંસા કરે છે.

માણેકશા કહે છે કે 'આ બધું છતાં સૈનિક તો હર પળે સૈનિક જ' છે. પોતાના લશ્કરમાં એમને અપાર શ્રદ્ધા છે, અને આજના કેળવાએલા અને ચડિયાતી તાલીમ પામેલા આપણા જવાનો એમને 'અદ્ભુત' લાગે છે.

નેતા–સેનાપતિમાં કયા ગુણો હોવા જોઈએ તેના ઉત્તરમાં જનરલ માણેકશા કહે છે: 'પોતાના વ્યવસાયનું ઊંચું જ્ઞાન, અદલ નિષ્પક્ષપાતપણું, નૈતિક હિંમત, વફાદારી, માનવતા અને પોતામાં રહેલું ખમીર બતાવી આપવાની શક્તિ.' એ કહે છે કે 'દીવો પછેડીમાં સંતાડવાનો હોય નહિ.'

ગુજરાતી ઉપરાંત પંજાબી, પુશ્તો, ગોરખાલી, હિંદી અને અંગ્રેજી ભાષાઓ ઉપર એમનો અચ્છો કાબૂ છે. એમના વ્યક્તિત્વની મુખ્ય છાપ પડે તે તલવારની ધાર જેવી તીક્ષ્ણતાની! સીધું સોટા જેવું શરીર, ચપળ મન, તીક્ષ્ણ બુદ્ધિ અને સાહોત્સાહ પ્રેરક હાજરી, એટલે માણેકશા. ઈ. ૧૯૬૮માં એમને પદ્મભૂષણ બનાવવામાં આવ્યા છે.


('ઇલસ્ટ્રેટેડ વીકલી ઑાવ ઇંડિયા' પરથી)

અસ્વસ્થ બનાવી મૂકયા હતા. સંભવ છે કે કૌલને તે માટે માણેકશા પર શંકા હોય. કૌલે કૃષ્ણમેનન પાસે એવો આક્ષેપ મૂકયો કે માણેકશા સત્તાની ઉપરવટ જાય છે અને લશ્કરી શિસ્તનો ભંગ કરે છે. મેનને માણેકશા સામેના આક્ષેપોની તપાસ કરવા ત્રણ સભ્યોનું તપાસપંચ નીમ્યું, પરંતુ પંચે આ આક્ષેપો ખોટા ઠરાવ્યા. તેથી માણેકશાની પ્રતિષ્ઠા વધી; કૌલના હાથ હેઠા પડયા.


મેનનને થાપર ને કૌલ જેવા સરદારો ગમતા હતા, જે તેના આપખુદ વર્તાવને અનુકૂળ થઈ શકે. જે સરદારો પોતાના વિચારો, અભિપ્રાયો ને સ્વતંત્ર માનસ ધરાવતા હતા તેમના પ્રત્યે મેનન ઉપેક્ષા ને અણગમાથી માંડીને નફરત સુધીની લાગણી ધરાવતા હતા. આમાં માણેકશાનો પણ સમાવેશ થતો હતો. તેમાં સૌથી પહેલા થીમૈયા હતા, કારણ કે ટોચ પર હતા અને મેનન માટે એટલી જ નફરત ધરાવતા હતા. ચૌધરી, સેન અને વર્મા પણ મેનનને ગમતા ન હતા. વર્મા સામે પણ તપાસસમિતિ બેસાડવામાં આવી હતી. માણેકશાને તપાસસમિતિએ નિર્દોષ ઠરાવ્યા છતાં મેનનને માણેકશાને અન્યાય કર્યો. તેમણે માણેકશાને બઢતી તો ન આપી, એટલું જ નહિ પણ તેમનો જે હોદ્દો હતો તે પણ પાછો આપવામાં આવ્યો નહિ.

નેફામાં આપણને મળેલા પરાજયના પરિણામે મેનન ગયા, થાપર ગયા, કૌલ પણ ગયા. ચૌધરીને આ પરાજય ખાળવાની જવાબદારી સોંપવામાં આવી. તેમાં એક કોર (Corps)–સૈન્ય–ની સરદારી માણેકશાને આપવામાં આવી. કૌલનું સ્થાન તેમને મળ્યું, અને તેમને લેફ્ટેનન્ટ જનરલ બનાવવામાં આવ્યા. માણેકશાની જેમ જનરલ જે. એન. ચૌધરી માટે પણ આ ભાગ્યશાળી અકસ્માત હતો, કારણ કે તેમને નિવૃત્તિનો હુકમ મળી ચૂકયો હતો તેથી તેઓ ભૂમિદળના વડા બનવાની આશા રાખતા ન હતા. નેફાના ધબડકા માટે થાપરને જવું પડયું એટલે ચૌધરીને નિવૃત્ત કરવાને બદલે બઢતી આપવામાં આવી.

પણ ચીનાઓના ઘોડાપૂરને ચૌધરી અને માણેકશા ખાળી શકે તે પહેલાં ચીને એકતરફી યુદ્ધવિરામની જાહેરાત કરી અને પોતાનું સૈન્ય સરહદ પાર ખેંચી લીધું. તેમ છતાં માણેકશાની હિંમત, યુદ્ધનિપુણતા ને વ્યવસ્થાશક્તિની કદર થઈ. ૧૯૬૪માં જનરલ કુમારમંગલમ ભૂમિદળના સેનાપતિ બન્યા ત્યારે તેમને સ્થાને પૂર્વ ભારતના સેનાપતિ







યુવાન માણેકશા (વચ્ચે બેઠેલા) ઈંડિયન મિલિટરી ઍકેડેમીમાં પોતાના સહાધ્યાયીઓ સાથે. જમણી બાજુ (મથાળે): લેફ. જન. માણેકશા નાગાર્લેન્ડ મોરચે હિંદી સૈન્યના એક જવાન સાથે. (નીચે) ચીની આક્રમણ પછી નીફા મોરચે પંડિત નેહરુ સાથે

તરીકે માણેકશાને નીમવામાં આવ્યા. અને હવે જ્યારે કુમાર મંગલમ્ નિવૃત્ત થયા ત્યારે પણ માણેકશા કંઈ આપમેળે તેમના સ્થાને નથી આવી ગયા. માણેકશાના બે સમોવડિયા હતા: લેફ. જનરલ હરબક્ષ અને લેફ. જનરલ મોતીસાગર. લશ્કરની પ્રણાલિકા એવી છે કે જ્યારે આવા ઉચ્ચ હોદ્દા માટે એકથી વધુ ઉમેદવારો હોય, અને એક ઉમેદવારની પસંદગી કરવામાં આવે ત્યારે બીજા ઉમેદવારો લશ્કરમાંથી નિવૃત્ત થાય. આથી મોતીસાગર જુલાઈમાં ને હરબક્ષ સપ્ટેમ્બરમાં નિવૃત્ત થશે.

માણેકશાનાં સદ્ભાગ્યોની પરંપરામાં એક વધુ સદ્ભાગ્ય એ છે કે તે ઈ. ૧૯૬૭માં નિવૃત્ત થવાના હતા, પરંતુ તેમને ત્રણેને બે વર્ષની મુદત વધારી આપવામાં આવી હતી, અને હવે માણેકશા પસંદગી પામતાં નવા અને સર્વોચ્ચ હોદ્દા પર આવવા માટે ફરીથી તેમની મુદત વધી. ભારત સ્વતંત્ર થયા પછી માણેકશા ભૂમિદળના આઠમા વડા છે.

પૂર્વભારતના સેનાપતિ બન્યા પછી જનરલ માણેકશાએ નાગ અને મીઝો બળવાખોરો સામે પ્રશંસનીય સફળતા મેળવી છે. વિયેટનામના વિગ્રહે બતાવી આપ્યું છે કે જંગલથી છવાએલા ડુંગરાળ પ્રદેશમાં ગેરિલાઓ સામે જીતવું એ લગભગ અશક્ય છે. દુનિયાનો સૌથી વધુ બળવાન દેશ અમેરિકા પણ વિયેટનામમાં ગેરિલાઓને હરાવી શક્યો નથી અને વર્ષોની નિરર્થક લડાઈમાંથી હવે માનભેર કેમ છૂટવું તેની મથામણમાં છે. તેમ છતાં ચીન અને પાકિસ્તાનની મદદ તથા તાલીમ મેળવતા નાગ અને મીઝો બળવાને માણેકશાએ નિષ્ફળ બનાવ્યો છે. હતાશ નાગ બળવાખોરો વચ્ચે હવે તો ગંભીર ભંગાણ પડ્યું છે અને તેનો એક વગદાર વર્ગ ભારત સરકાર સાથે સમાધાન પર આવી જવાની હિમાયત કરે છે. એ માણેકશાની કામગીરીનું પરિણામ છે.

મીઝો જિલ્લામાં માણેકશાએ એક જુદી જ યુક્તિ અજમાવી, જે વિયેટનામમાં નિષ્ફળ ગઈ હતી. પહાડોમાં અને જંગલોમાં દૂર દૂર છૂટાંછવાયાં વસેલાં ગામડામાંથી બળવાખોરો પુરવઠો મેળવતા હતા. ત્યાં પહોંચવાના વ્યવહાર-માર્ગો આપણા સૈન્ય માટે ન હોવાથી અને એ ગામડાં ઘણાં વેરવિખેર હોવાથી માણેકશાએ એકમાત્ર ધોરી માર્ગની બંને બાજુ નવાં ગામડાં વસાવ્યાં. ત્યાં મકાનો, શાળાઓ, દવાખાનાં, ખેતરો વગેરે તમામ જરૂરિયાતો પૂરી પાડી તેમને લશ્કરી રક્ષણ આપવામાં આવ્યું. પરિણામે મીઝો બળવાખોરોને મળતો પુરવઠો બંધ થઈ ગયો. માણેકશા શાંતિવાંછુ મીઝો પ્રજાને વિશ્વાસમાં લઈ સમજાવી શક્યા કે બળવાખોરોને મદદ કરવી એ તેમના હિતમાં નથી અને ભારતીય સૈન્ય તેમને અસરકારક રક્ષણ તથા ખેતી સહિત જીવનની બધી જરૂરિયાતો પૂરી પાડી શકે તેમ છે. આવી યોજના આસામ સરકારે જ્યારે હાથ ધરી ત્યારે તે નિષ્ફળ ગઈ, કારણ કે માણેકશાના સૈન્ય જેવી આવડત ને વ્યવસ્થાશક્તિ આસામ સરકારમાં નથી.

જનરલ માણેકશા એવા સમયે ભૂમિદળના સેનાધિપતિ થયા છે કે જ્યારે આપણું ભૂમિદળ તેના ઇતિહાસમાં વધુમાં વધુ વિકાસ અને બળ પ્રાપ્ત કરી રહ્યું છે. ચીન અને પાકિસ્તાન એમ બે દુશ્મન સામે કે માત્ર ચીન સામે પણ, ભારત એકલા હાથે પોતાનો બચાવ કરી શકે કે કેમ તે વિષે બે મત છે. પરંતુ માણેકશાની યોગ્યતા માટે બે મત નથી. સેનાપતિની સફળતા માત્ર યુદ્ધમાં વિજય મેળવવામાં જ પર્યાપ્ત નથી. તેણે સૈન્યને એવું તો સજ્જ, બળવાન અને જુસ્સાભર્યું રાખવું જોઈએ કે દુશ્મન આક્રમણ કરવા પ્રેરાય જ નહિ. ઈ. ૧૯૬૨માં આપણું સૈન્ય તેની કાર્યક્ષમતાની નીચામાં નીચી સપાટીએ ગયું હતું. જાસૂસો વડે આ જાણી લીધા પછી જ ચીને ફટકો મારવાની હિંમત કરી હતી. પૂર્વ ભારતના સેનાપતિ દરજ્જે આ વર્ષ દરમ્યાન માણેકશાએ આ બધી નબળાઈઓ દૂર કરીને શક્તિશાળી સંરક્ષણ-હરોળ ઊભી કરી છે; અને એમના હાથમાં ભારતની સીમાઓ સલામત છે.

સેલ્વી પંકજમ્



ઈવા ડેવ

ગાંધીગ્રામના દરવાજે મને છોડી મોટર બસ મસતી ત્યાંથી ચાલી ગઈ. દરવાજામાં પ્રવેશ કરતાં મારું મન ધડકી ઊઠયું. પ્રશ્ન થયો : મેં એક મોટી મૂર્ખાઈ તો નથી કરીને ? માત્ર એક જાહેરખબર વાંચીને, પત્રવ્યવહાર કરીને, પત્નીની પસંદગી કરવા હું છેક દક્ષિણમાં દોડી આવ્યો છું ! થોડા વેરાન, થોડા શહેરિયા, પણ વધારેપડતા ગામઠી દેખાતા આ સ્થાનમાં વસતી યુવતી કેવી હશે ? આદર્શની ઘેલછામાં, લાગણીઓના ઊભરામાં કંઈ ઉતાવળિયું પગલું તો નથી ભરાઇ ગયુંને મારાથી ?

મેં ચોમેર નજર દોડાવી. મજૂરો જેવા દેખાતા માણસો સિવાય બીજું કોઈ દેખાયું નહિ. ત્યાં મારી નજર નારિયેળીનાં પાંદડાંથી છાએલા છાપરાવાળી નજીકની કુટિર પર પડી. મેં તે તરફ ચાલવા માંડયું.

એ ગાંધીગ્રામના ડિરેક્ટરની ઑફિસ હતી. મારી પૃચ્છાના જવાબમાં એક તદ્દન સાદા ખાદીના લેબાસવાળા ભાઈ બહાર આવ્યા. મિસ પંકજમ્નો હું મહેમાન છું એ જાણતાં પોતે જ એમનું ક્વાર્ટર બતાવવા મારી સાથે ચાલ્યા. ચાલતાંચાલતાં, રહીરહીને, આસપાસ શાંત, ગરમ વાતાવરણમાં ચૂપકીથી ઊભેલાં અત્યંત સાદાં મકાનોને અવલોકતાં મારા મનમાં પ્રશ્ન સળવળવા માંડયો : ક્યાં હું મુંબાઈનો રહેવાસી, ને ક્યાં આ સાદગીભર્યા જીવનમાં ઊછરેલી યુવતી ! કેમ કરીને મેળ ખાશે ? હું અસ્વસ્થ થવા માંડયો. ગાંધીગ્રામના ઝાંપે ઊતર્યો ત્યાં સુધી મુસાફરી દરમિયાન જે મધુર સ્વપ્નમાં રાચ્યો હતો તે એક ચિંતામાં પરિવર્તિત થવા માંડયું.

અમે એક લાંબા બરાક જેવા ઓરડીઓના બ્લૉકને અંતે એકાએક અટકયા. ત્યાં એક નાનું ઘર હતું. આંગણામાં સુંદર સફેદ સુશોભન આળપેલું હતું. 'આ સેલ્વી (કુમારી) પંકજમ્નું ગૃહ.' કહી એણે ઘેરા શાખોડી રંગથી રંગેલા સાદા પણ મજબૂત કમાડ પર ધીરેથી ટકોરા માર્યા. થોડી એ ક્ષણો માટે મારું હૈયું કૈં વિચિત્ર ઊર્મિઓથી ધકધક થઈ ઊઠયું : કેવી હશે એ ?

ને કમાડ ધીરેથી ખૂલ્યાં. એ ત્યાં ઊભી હતી.

'આ તમારા મહેમાન લાવ્યો છું, બહેન.'

'આવો, આવો. તમારો આભાર. ક્યારની તમારી રાહ જોઇને બેઠી હતી. ચોક્કસ કયા સમયે આવવાના છો એ તમે પત્રમાં જણાવેલું નહિ, એટલે હું ડિંડિગલ લેવા આવી શકી નહિ. માફ કરશો. તમને કાંઈ તકલીફ તો નથી પડીને ? અંદર આવો. નારાયણજી, આભાર ફરીથી.'

'નમસ્તેજી.' કહેતાં પેલા ભાઇએ વિદાય લીધી. મેં પણ તેને 'આભાર' કહી શિષ્ટાચાર બતાવ્યો.

મારા પ્રસન્ન ચિત્તમાં, કમાડ વચ્ચે ઊભેલી એ નાજુક યુવતીની મૂર્તિ કંડારાઈ ગઈ હતી. મારી કલ્પનામાં વસેલી નારીને એ બહુધા મળતી આવતી હતી. અમુક રીતે એ વધુ આકર્ષક હતી એમ મને લાગ્યું. એ કોઈ સુંદર યુવતી નહોતી. એમ તો એ પણ મારી જેમ યુવાન વય વિતાવી ગઈ હતી. છતાં એ કોમલાંગ સ્ત્રીની નમણાઈ મોહક હતી. સહજ શ્યામ કહેવાય એવી એ યુવતીના મોં પર સંસ્કારના સાથિયા હતા. એની ત્વચા અત્યંત સુંવાળી હતી, ને એના મોં પર સદાય વિહરતું સ્મિત સામાને આત્મીય બનાવી દેતું હતું.

મીઠા, જરા ઘેરા અવાજે, દક્ષિણી ઍક્સેન્ટ સાથે એ ગુજરાતીમાં બોલી : 'અહીં ખૂબ જ તાપ છે. હું તમને ઠંડું પાણી આપું. આવો, બેસો.' એ રસોડામાં ચાલી ગઇ. હું આશ્ચર્યથી છળી મર્યો. એક મધુર સંતોષથી હું ગદ્ગદ્ બની ગયો.

ઓરડો નાનો હતો, સાદો હતો, પરંતુ ખૂબ ચીવટથી સજાવેલો હતો. ખાદીની ચાદરથી આચ્છાદિત ગાદીવાળી પાટ પર નાનાનાના જુદાજુદા આકારના તકિયા ખૂબ વ્યવસ્થિત ને કલાત્મક રીતે ગોઠવેલા હતા. ભીંતો પર ગાંધીજી, વિનોબાજી, સંસ્થાના ડિરેક્ટર વગેરેની છબીઓ હતી. એક નાની ચારપાઈ પાસે રેંટિયો ને પૂણીઓ પડયાં હતાં. મારા મન પર એક ઊંડી ઘેરી અસર પ્રસરિત બની. અચેતનમાં અત્યાર સુધી ભંડારાએલી 'સુખી ઘર' વસાવવાની એષણા ધીમેધીમે સળવળવા માંડી. મીઠોમીઠો ક્ષોભ મેં પોતે જ અનુભવવા માંડ્યો.

પાણીનો પ્યાલો લઇને એ પાછી આવી ત્યારે મારી આંખો ને નાક બેઉએ એક તૃપ્તિ અનુભવી. કેશમાં ગૂંથેલી મોગરાની વેણીએ વાતાવરણને મીઠી સુગંધથી મ્હેકતું કરી મૂક્યું હતું. એણે પરિધાન કરેલી સાડી ખાદીની હતી એ માનવા મારું મન તૈયાર નહોતું. મૉડર્ન પ્રિન્ટસને પણ લજાવે એવી, સુંદર આછા રંગોના મિશ્રણને અસ્તવ્યસ્ત વેરીને એ બનાવેલી હતી. ક્ષણેક્ષણે એ વ્યક્તિ મારા સમગ્ર વ્યક્તિત્વને કો અદૃશ્ય મજબૂત તાંતણાથી બાંધી રહી હતી. હું અસહાય બની એમાં બંધાતો જતો હતો; બલ્કે એ અસહાયતા ને બંધન મને ગમતાં હતાં.

એણે જ મૌન તોડયું : 'મને ગુજરાતીમાં બોલતાં સાંભળી તમને નવાઈ ઊપજી હશે ! તમારા મોંના ભાવ જોઈ હું સમજી ગઈ હતી. હું ત્રણચાર વર્ષ વડોદરામાં રહી હતી. મારું M. Sc. Home Science મેં ત્યાં કર્યું હતું. ડિગ્રી લીધા બાદ મેં દોઢેક વર્ષ નર્સરીમાં નોકરી કરી હતી. બાળકોના સંપર્કમાં ભાષા શીખવાનું વધુ સહેલું બની ગયું હતું. મને ગુજરાત ગમી ગયું હતું—ને ગુજરાતીઓ પણ.' કહી એ મીઠુંમીઠું હસી. એને લગારે ક્ષોભ થતો હોય એવું એના વર્તન પરથી મને લાગ્યું નહિ. એની બોલવાચાલવાની ને વાતચીત કરવાની રીત એટલી સરળ, એટલી સ્વચ્છ, ને એટલી મુક્ત હતી કે મારી વ્યગ્રતા થોડીથોડી ઓછી થવા માંડી હતી. 'ગુજરાતીઓ પણ ' એ શબ્દો પાછળનો ભાવ ને સૂચન બેઉ હું સમજી ગયો હતો. મને એ ગમ્યાં હતાં.

મેં સ્વસ્થ બની બોલવાં માંડયું : 'મારી મુક્તમાં મુક્ત કલ્પનામાં પણ મને એ વિચાર નહોતો આવ્યો કે દક્ષિણમાં મને ગુજરાતી ભાષા સમજે એવી કોઈ વ્યક્તિની મુલાકાત થશે. સાચું કહું છું તમને : મારા આનંદનો પાર નથી. તમારી બોલીમાં જે મીઠાશ છે તે મેં કોઈ ગુજરાતણમાં સાંભળી નથી.'

'તમારી વાત સાચી છે. પારકાને મોઢે બોલાતી આપણી ભાષા કાનને વધુ મીઠી લાગે છે. હં; હવે જુઓ. તમે થાકી ગયા લાગો છો. તાપ પણ ઘણો છે. લાંબી મુસાફરીમાં તમારી સગવડ પણ નહિ સચવાઈ હોય. હું તમને મહેમાનગૃહે લઈ જાઉં. ત્યાં તમે નાહીધોઇને તૈયાર થાઓ. હું ભોજનનો પ્રબંધ કરું છું. પછી તમે બેચાર કલાક આરામ કરો. નમતી સાંજે હું તમને ગાંધીગ્રામની સંસ્થાઓનો અને ત્યાંની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવીશ.' હું મનોમન બોલ્યો :

કેવી સરસ ચતુરાઈ! એકમેકનો પરિચય મેળવવાનો કેવો સરસ રસ્તો!

એક પછી એક ક્રિયાઓ પતાવતાં હું પંકજમ્‌ની સ્મૃતિમાં ગાયબ થઈ ગયો. મને લાગ્યું કે મારી હસ્તી ખોવાઇ ગઇ છે. એનું મોં, એનું રૂપ, એના હાવભાવ, એના બોલ, એની ચાલ, એની આગવી રીતો... એ...માત્ર...એ...કેવી મુક્ત! કેવી સાદી! કેવી સીધી! કેવી નિખાલસ! ક્યાંય ખોટી શરમ નહિ, કોઈ ખોટો દંભ નહિ, કશી છેતરામણી ચાલાકી નહિ. ઉઘાડી ચોપડી જોઇ લો; વાંચી લો, સમજી લો.

ત્યાં એક શંકા ઊઠી: રે ભાઈ, તું તો પ્રેમમાં પડી ગયો! પણ... પણ ..એનું શું? તું એને સ્વીકાર્ય બનશે? થોડી બેચેની થઈ. વિચારોમાં અટવાતાં મને ગાઢ ઊંઘ આવી ગઈ.

સાંજ મઝાની હતી. હું એની રાહ જોતો, ફરી ઉત્કંઠ બનતો લૉબીમાં આંટા મારતો હતો. ને એ આવી. નમસ્કાર કરી એ પગથિયા પર ઊભી થઈ રહી. હું એના આકર્ષક સ્વરૂપને જોઈ ખરેખર આભો બની ગયો. મને અનુભવ થયો કે હું કોઈ નવી જ વ્યક્તિને મળી રહ્યો છું.

સાદગીમાં પણ આટલી મોહક સુંદરતા ને કમનીયતા હોઈ શકે એનો ખયાલ મને જીવનમાં પહેલી વાર આવ્યો. મારું મન હર્ષવિભોર બની ઊઠયું; કારણ આ દેખાતા ખરબચડા જીવનમાં, શહેરના ઉપલકિયા ભપકાને ક્યાં ય લજાવે એવું, ચીવટવાળું શોભન લબ્ધ હતું. ચોરસ ડિઝાઈનના ચકતામાં ગ્રામ્ય પ્રતીકોની તપકીરિયા ને પોપટી રંગની ભાતથી શણગારેલી ખાદીની ઝીણી સાડીમાં એ સજ્જ હતી. કપાળમાં ગુલાબી રંગનો કંકુનો મોટો ચાંદલો હતો. લુખ્ખા ઢીલા વાળના આધુનિક સ્ટાઈલના અંબોડામાં ફૂલોની ગૂંથણી હતી આછા બદામી રંગની પટ્ટીમાં લાલ મ્હોરાવાળી હાથે બનાવેલી ચંપલો હતી. ભભક ને મહકથી વાતાવરણ સચેતન બની ગયું હતું.

કૈંક બોલવાનું, એની પ્રશંસા કરવાનું, એને આનંદિત બનાવવાનું મન થઈ ઊઠયું: 'ખાદીની સાડી, ગ્રામ્ય વિસ્તાર, સાદાં માણસો— આ બધું આટલું સુંદર હોઈ શકે, એમાં આટલી શોભા હોઈ શકે એનો ખયાલ જો હું ગાંધીગ્રામ ન આવ્યો હોત તો મને જીવનમાં કદી ય ન આવત.—'ખરેખર, આ સાડી તમને સરસ દીપે છે.' એ જરા શરમાઈ. એ લજ્જાને હું જોઈ રહ્યો પોતાને સંભાળી લઈ બોલી: 'હજુ તમે બધી નાનીમોટી સંસ્થાઓની મુલાકાત લેશો અને એમની વિભિન્ન પ્રવૃત્તિઓથી પરિચિત થશો ત્યારે તમને એની મહાનતા સમજાશે. ચાલો, તમને આ સંસ્થાઓનો પરિચય કરાવી દઉં.'

અમે સાથોસાથ ચાલવા માંડયાં. મારું મન આનંદના આવેગોથી ભરાવા માંડયું. એણે બોલવાનું ચાલુ રાખ્યું: 'અહીંની ચાર મુખ્ય સંસ્થાઓ જોવા જેવી છે: Family Planning Institute, Rural Agricultural Institute, Music and Dance College અને છેલ્લે Home for Destitute children. બીજાં અનાથાશ્રમ જેવું નહિ, હોં. ખૂબ સાયન્ટિફિક ને સાઇકૉલૉજિકલ રાહ પર ઊભું કરેલું.'

'અત્યંત સુંદર જગ્યા છે આ. નાની ટેકરીઓની ગોદમાં સંતાએલું આ ગ્રામ કમનીય છે.'

'બધાંજને આ ગામ ગમી જાય છે.'

'એની અંદર રહેતાં માણસો પણ!'

એનું મોં લ લચોળ બની ગયું. એણે હાથરૂમાલ મોં પર દબાવ્યો: 'હું તો બચપણથી આની પ્રીતમાં છું. બીજા કેટલાયે વિદેશીઓ અહીં સ્થિર થયા છે. બેચાર એકએક Instituteમાં છે મૉન્ટેસોરી સાથે કામ કરી ચૂકેલા એક અંતેવાસી Destitute Homeમાં છે.'

ચાલતાં ચાલતાં એણે મને સંસ્થાના પાયાથી માંડીને અત્યાર સુધીના વિકાસની વાત કરી. આ સંસ્થા એટલે અમ્મા ને અપ્પાની જીવનકથની. ગાંધીનાં ચુસ્ત અનુયાયી ને અંતેવાસી અમ્મા ને અપ્પાએ આ જંગલમાં કેવું મંગલ કર્યું તેની રસપ્રદ કથા મેં સાંભળી. ગાંધીજીના આદર્શોની કેટલી નજીક રહી ડૉક્ટર અમ્મા ને પૈસાપાત્ર અપ્પાએ આ સંસ્થાને ઊભી કરી તેનું તેણે ભાવપૂર્વક બયાન કર્યું. ગામડાંના ઉદ્ધારમાં એનો ફાળો કેવો ને કેટલો છે તેનો અદ્‌ભુત ચિતાર આપ્યો. Family Planning ને Agricultural Instituteની પ્રવૃત્તિઓ ગામડાંનાં અભણ અને અબુધ માણસોને અવશ્ય આશીર્વાદ સમી લાગતી હશે એનો ખયાલ સહેજે મને આવી ગયો. છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનોથી સજ્જ સંસ્થાઓ આ ગાંધીગ્રામમાં જોતાં મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. આવી અપૂર્વ સંસ્થાનાં રચયિતાં પતિ-પત્નીને જોવા મન ઉત્કંઠ બની ગયું.

સંગીત અને નૃત્યના હૉલમાં પ્રવેશતાં જ હું અચકાઈને ઊભો રહી ગયો. દ્વાર આગળ જ પૂરા માનવ કદની રંગીન તસવીર દીવાલ ઉપર લટકતી હતી. એ કિશોરી પંકજમ્ હતી. મેં સપ્રશ્ન એની સામે જોયું.

'હા; એક ભાઈએ વર્ષો પહેલાં બનાવી હતી. મેં ભરતનાટ્યમ્‌નો અભ્યાસ કર્યો છે. આ સંસ્થા માટે પૈસા ભેગા કરવા અમે નાટ્યનર્તનમ્‌નો કાર્યક્રમ લઈ આખા હિંદમાં રખડતાં. અમ્મા ને અપ્પાને મારા પર અત્યંત સ્નેહ છે. એક ચિત્રકાર ભાઈએ સહજ જ ચીતરેલું.'

અમે એક મોટા હૉલમાં પ્રવેશ્યાં. એક હૃદયંગમ દૃશ્ય જોવા મળ્યું. નાનાંનાનાં ભુલકાંઓ નૃત્યના જુદા જુદા પોઝમાં પોતપોતાની પ્રૅક્ટીસ કરી રહ્યાં હતાં. અમને જોઈને ત્યાંની આધેડ બાઈએ તબલચી પાસે થાપ મરાવી ને બધાં જ બાળકો શિસ્તબદ્ધ પોતપોતાની મુકરર જગ્યાએ જઈ અમુક પોઝમાં સ્થિર થઈ ગયાં. બાઈ તોડા બોલવા માંડી ને એક મનોહર હલનચલનની ભાત બંધાવા માંડી.

મારા મનમાં એ ઘરની કલ્પના ઊઠવા લાગી: સ્વચ્છ, સુંદર જ નહિ, પણ સંસ્કારી ને કલાત્મક ગૃહની. પંકજમ્‌નું વર્તન એટલું સુશીલ હતું કે મારી બધી શંકાઓને એણે દૂર કરી નાખી.

ત્યાંથી નીકળી અમે સીધા Destitute Homeમાં આવ્યાં. દરવાજામાં પ્રવેશ કરતાં એ બોલી: 'અમને સહુને આ સંસ્થાનું બહુ જ ગૌરવ છે. અમે એને કલગીરૂપ સંસ્થા માનીએ છીએ. આ બાળકોને તમે અનાથ નહિ કહી શકો.'

હજુ તો અમે પૂરાં અંદર પ્રવેશ્યાં યે નહોતાં તે પહેલાં તો એક અત્યંત માયાળુ દેખાતી બાઈની આસપાસ ઊભેલાં બાળકોમાંથી એક જૂથ પંકજમ્ બાજુ ધસી આવ્યું અને એને લગભગ મારાથી દૂર ઘસડી ગયું. પેલાં બાઈ મારી પાસે આવ્યાં. નમસ્કાર કરી બોલ્યાં: 'તમને હવે પંકજમ્ થોડો વખત નહિ મળે. આજે બાળકો એને મળ્યાં નથી એટલે આ તક મળતાં એની સાથે થોડું ખેલી લેશે, મળી લેશે. ચાલો હું તમને આ સંસ્થાનો પરિચય કરાવી દઈશ.'

એ એક અત્યંત મઝાનું સ્થળ હતું. અનાથ બાળકો માટેનું તો સ્વર્ગ જ ગણાય તદ્દન નાનાં બાળકોના રૂમમાં અમે પહેલાં ગયાં. ત્રણચાર શિક્ષિકાઓ અને આયાઓ બચ્ચાંઓની દેખભાળ રાખતાં હતાં. બધાંને નર્સિંગ ને મૉન્ટેસોરી શિક્ષણની તાલીમ ત્યાં જ આપવામાં આવી હતી. પાંચદસ મિનિટ હું ત્યાં થોભ્યો. બે પરસ્પર વિરોધી લાગણીઓનું ઘર્ષણ મારા મનમાં ચાલી રહ્યું હતું. સ્વચ્છ ને પ્રેમાળ વાતાવરણમાં ઊગી રહેલાં ફૂલો મને ખુશ કરી રહ્યાં હતાં; બીજી બાજુ, એ એમનાં નિકટમાં નિકટનાં સંબંધીઓથી ત્યજાએલાં હતાં એ જાણી હું અત્યંત વેદના ને દુઃખ અનુભવી રહ્યો હતો. એક જાડો, આનંદી બાળક ઘૂંટણિયાં ભરતો મારી પાસે આવ્યો. મેં એને

ઊંચકી લીધો. એ ખિલખિલાટ હસી પડ્યો. એને નીચે મૂકીને અમે જવા માંડ્યું ત્યારે એ ઊંચે સાદે રડવા માંડ્યો. મારું અંતર દ્રવી ઊઠ્યું. અત્યંત ચોખ્ખી, વ્યવસ્થિત, બાળકોની શારીરિક ને માનસિક પ્રગતિ માટે બધી જ સામગ્રીથી સજ્જ એ રૂમો મારા ચિત્તમાં સદાયને માટે મઢાઈ ગઈ.

બહાર મેદાનમાં આવ્યાં અમે. નાનાં બાળકો કલ્લોલ કરી રહ્યાં હતાં. એકાએક પ્રશ્ન ઊઠ્યો ને મેં પૂછી નાખ્યો : 'માફ કરજો આ પ્રશ્ન પૂછવા માટે. ઉત્સુકતા નથી રોકી શકતો. આ બધાંનાં માબાપોથી તમે જ્ઞાત હો છો ? આ બાળકોને અહીં કોણ લાવે છે ?'

'બધાં જ; ગરીબ-તવંગર, પુનિત-પાપી દુર્જન-સજ્જન, જેના ય દિલમાં રામ વસ્યો હોય છે તે બાળકનું ગળું દૂંપવાને બદલે કે રઝળતું છોડી દેવાને બદલે એને અહીં લઈ આવે છે. ગટરમાંથી, કુત્તામાંથી, ઉકરડેથી, જંગલમાંથી—કેં કલ્પનામાં ન આવે એવી ગંદી જગ્યાઓમાંથી માણસો એમને બહાર કાઢી આપી જાય છે. કોઈક જ વખત અમને એમનાં માબાપોની જાણ થાય છે; મોટા ભાગનાં ની નથી થતી.'

અમે કિશોર-બ્લૉક બાજુ આગળ વધતાં હતાં.

'તમે આ બાળકોને કેવી રીતે તૈયાર કરો છો ? તેઓ એમની કમનસીબ દશાથી માહિતગાર હોય છે ? એ ઉંમરલાયક થાય ત્યારે તેઓ નૉર્મલ માણસની માફક આ દુનિયામાં જોડાઈ શકે છે ? સમાજ એમને કઈ રીતે સ્વીકારે છે ? તમારો અનુભવ શું કહે છે ?'

'આ બાળકોને સર્વ રીતે તૈયાર કરવામાં અમે અમારાથી બને એટલું બધું કરીએ છીએ. એમની બુદ્ધિ ને બીજી શક્તિઓને લક્ષમાં લઈ એને લાયક તાલીમ આપવા અમે પૂરો પ્રયત્ન કરીએ છીએ. મોટા ભાગે સફળતા મળી છે અમને; પરંતુ કેટલાંક બાળકોની બાબતમાં અમે નિષ્ફળ પણ ગયાં છીએ. તમને એક નક્કર જ દાખલો આપું. તમે પંકજમ્‌ના મિત્ર છો. પંકજમ્ એ આ સંસ્થાની આગવી સિદ્ધિ છે. તમે જાણો છો, એનું નામ અમ્માએ જાણીબૂઝીને આ રાખ્યું. છે ? એ કાદવનું કમળ છે. એ આ સંસ્થાનું ફરજંદ છે. અમને એનું મોટું ગૌરવ છે.'

મારી છાતીમાં ભયંકર કડાકો થયો !

'આ સૌમ્ય ને શાંત છોકરીની જોડ શોધવી મુશ્કેલ છે. ભણવામાં એ ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ રહી છે એટલું જ નહિ, બીજાં ક્ષેત્રોમાં પણ એ મોખરે રહી છે. શું લેખન, શું નર્તન કે શું વક્તૃત્વ !'

એ આ સંસ્થાનું ફરજંદ છે...એ કાદવનું કમળ છે...માટે એનું નામ પંકજમ્ છે.... મારા મનમાં એ શબ્દો ઘોળાવા માંડ્યા.

'એનાં માબાપની તમને જાણ છે ખરી ?' સહજ જ પ્રશ્ન થઈ ગયો મારાથી

'ના. એનાં માબાપ, સ્નેહીજનો, જે કંઈ ગણો તે આ સંસ્થા, ને એનાથી પણ અધિકતર એવાં અમ્મા ને અપ્પા.'

મારા હૃદયતલમાં સુપ્ત પૂર્વગ્રહો સળવળવા માંડ્યા : આને કેમ પરણાય ? એ કોણ હશે ? એની મા...જરૂર, પતિતા જ હશે. કેવો ય વંશવેલો હશે ! ઓહ ! મારું મન કેવું વિરક્ત બની ગયું છે !

અમે કિશોર-બ્લૉક આગળ આવી પહોંચ્યાં. નાના વાડામાં પંકજમ્ કિશોર-કિશોરીઓને સસલાંઓની સંભાળ કેમ લેવી એના પર સમજૂતી આપી રહી હતી. મારી સામે જોઇ એણે એક મોહક સ્મિત વેર્યું. પરંતુ શીત બની ગએલા મારાથી સામું ન હસાયું.

તને એના પૂર્વજીવન સાથે શી નિસ્બત ? એને જો : કેવી નિર્મલ, નિર્દોષ ને નિખાલસ ! શું તું તારા પૂર્વગ્રહમાંથી મુક્ત નહિ બની શકે ?

પણ એની મા...મા...કોની સાથે ? કેવો ય સંબંધ !

ભયંકર ગજગ્રાહ ચાલવા માંડ્યો મારા મનમાં. લાખ પ્રયત્ન કરવા છતાં ય મનમાં ઊઠતી એક પ્રકારની ઘૃણા હું કેમે ય રોકી શકતો ન હતો; હૃદયને આંળું બનતું અટકાવી શકતો નહોતો. ત્યાંથી ભાગી નીકળવાની વૃત્તિઓ જોર કરીકરીને ઊછળી રહી. હું મૂગો બની ગયો.

અમે બંને ગેસ્ટ હાઉસ તરફ જઈ રહ્યાં હતાં. શાંત સંધ્યા રાત્રિ બની રહી હતી. 'એકદમ કાં શાંત બની ગયા તમે ?' 'અમસ્થો જ.'

'ઇન્સ્ટિટ્યૂટ હોમ જોયા પછી ઘણાની આવી સ્થિતિ થઈ જાય છે.'

મારા મને એનામાં દોષ શોધવાની પેરવી કરવા માંડી. પરંતુ આછા અંધારમાં એનો આકારમાત્ર આકર્ષક લાગ્યો. એના બોલમાં નરી સાલસતા અને પ્રેમાળપણું સંભળાયું. કંઇક ડાઘા શોધવાના મારા પ્રયત્નો નાકામયાબ બન્યા. સવારે જોઈ હતી, જાણી હતી એથી ય વધુ સારી ને આકર્ષક જણાતી હતી એ.

એ પણ ચૂપચાપ ચાલી રહી હતી. મને એવો સંદેહ થયો કે એના મનમાં પણ કોઈ જબરી ભાંજગડ ચાલી રહી છે. એકાએક એનો મધુર અવાજ રણકી રહ્યો : 'જુઓ મારે તમને એક અગત્યની વાત કહેવાની છે. તમે કોઈ પણ નિર્ણય લો એ પહેલાં એ વાત તમને કહેવાની હું મારી ફરજ સમજું છું.' હું સમજી ગયો કે એ કઈ વાત મને કહેવાની હતી. જીવનમાં કદી ય નહોતું ધડક્યું એમ હૃદય ધકધક થઈ રહ્યું. મારાં રોગટાં રોમાંચ અનુભવી રહ્યાં.

'મારું જીવન એક અનોખી કહાણી છે. મારું નામ મારી કથા કહી દે છે. મારે ઘર નથી, માબાપ નથી, સ્વજન નથી. દુનિયાના વહેવારની દૃષ્ટિએ જે 'ગૃહ' તમે હમણાં જોયું તે મારું સાચું ઘર છે. ત્યાંનાં સંચાલકો અને ભૂલકાંઓ મારાં સ્વજન છે, અમ્મા ને અપ્પા મારાં માબાપ છે. મારી નાત, મારું ગોત્ર, મારી જાતિ—કશાની મને ખબર નથી. હું કાદવનું ફૂલ છું. પણ મને હું રજમાત્ર હીન ગણતી નથી. બલ્કે મને એનું ગૌરવ છે.' મારા પૂર્વગ્રહો ઓગળતા ગયા. રહીરહીને મારા હૃદયમાં પ્રશ્ન ઊઠી રહ્યો: 'કોઇ પણ સ્ત્રીએ પોતાના જીવનની કલુષિત વાત શું આ રીતે મને કહી હોત ખરી ? આ ઉદાત્ત સંસ્કારની નિશાની નથી શું ? આ ખાનદાની નથી શું ? હું ઊર્મિલ બની ગયો. પંકજમ્‌ની સુંદરતા, એના અવાજની મીઠાશ ને આત્મીયતા, એના દેહની સુગંધ, એના વ્યક્તિત્વની આકર્ષકતા—બધું મારા મનમાં તરી રહ્યું.

'એક વાત પૂછું તમને ?' હું બોલ્યો; ને એ અટકી ગઈ.

'તમે મને સ્વીકારશો, સેલ્વી પંકજમ્ ?' મેં કાંપતા સ્વરે પૂછ્યું.

'શું ?...શું ?...સ્વી... ? ના, હા.' એ હર્ષના અતિરેકથી થોથવાઈ ગઈ. એ ગળગળી બની ગઈ. એનો અવાજ ગળામાં ઘુંટાઈ ગયો. એની વાચા મૌન બની ગઈ. એણે નજીક આવી મારા હાથ પકડી લીધા. એની આંખમાંથી આંસું સરી રહ્યાં હતાં. મારું હૈયું દ્રવી ઊઠ્યું. એ થોડી સ્વસ્થ બની બોલી : 'સાચે, તમે મને સ્વીકારશો ? હું આ ઉત્તર માટે તૈયાર નથી. તમે મને ચૂપચાપ તરછોડી અહીંથી ચાલ્યા ગયા હોત તો તે વધુ સ્વાભાવિક લાગત. એમ ઘણા ચાલ્યા ગયા છે. તો હું પણ ડોક ઉન્નત કરી, ખભા ઉછાળી, અભિમાનથી ચાલી નીકળી હોત. બીજે દિવસે બધું વીસરી પણ ગઇ હોત. પરંતુ આ નથી માની શકતી. આ પળ માટે વર્ષોથી થોભી છું. મેં એની આશા બિલકુલ મૂકી દીધી હતી. ત્યારે...ત્યારે એ સૌભાગ્યની ઘડી આમ અચાનક આવીને ઊભી રહી છે. નથી જીવરાતી એ મારાથી.'

મેં એનાં આંસુ લૂછી નાખ્યાં. એણે મારા હાથ આંખે દાબી દીધા. મને લગભગ ઢસડતી એ બોલી : 'ચાલો, જલદી ચાલો. અમ્મા ને અપ્પાને સમાચાર આપીએ ને એમના આશીર્વાદ લઈએ.'

મોગરાની મીઠી મ્હેક વાતાવરણમાં પ્રસરતી મેં અનુભવી.

જીવનપટનાં સ્મૃતિચિત્રો



આર્ટિસ્ટ છોટાલાલ તેજપાલ

શ્રી રવિશંકર રાવળનું આત્મકથાનક [૮૬]

૪૨૫ વતનનો સાદ

મારા પિતાશ્રીની નોકરીની કારકિર્દી પૂર્ણ કક્ષાએ પહોંચી હતી. એવામાં વતનનો સાદ આવ્યો. ભાવનગરના દીવાન મોરારજી તન્ના, મારા પિતાશ્રી ભાવનગર હતા ત્યારથી મિત્ર બન્યા હતા. તેમણે પ્રસંગવશાત્ મહારાજાને જણાવ્યું કે આપણી રૈયતમાંના એક, સરકારી નોકરીમાં રાવસાહેબનું માન પામ્યા છે. તુરત મહારાજા સાહેબને સૂઝી આવ્યું કે તેઓ જ્યારે સરકારી કસોટીમાં આટલી પ્રતિષ્ઠા પામ્યા છે ત્યારે જરૂર તેમનામાં ખાસ શક્તિ ને ગુણ હોવાં જોઈએ. એમણે ફરમાવ્યું કે વાતચીત માટે બોલાવો. શ્રી તન્નાએ મારા પિતાશ્રીને પત્ર દ્વારા થોડી રજા લઈને આવવા લખ્યું. એ વખતે ભાવનગરની ટ્રેઝરી તેમજ બૅંકનો વહીવટ શિથિલ અને પરિમિત હતો. રાજ્યને ઘણી વાર લોન મેળવવા મુંબાઈની બૅંકોનો આશ્રય લેવો પડતો, તેમજ પરદેશના વટાવની પણ મુશ્કેલી જણાતી અને પરદેશી લાગવગ માટે સરકારની પળશી કરવી પડતી. મહારાજા સાહેબે મુલાકાતમાં પૂછ્યું કે પોસ્ટના સેવિંગ્સ બૅંકના ખાતા જેવી ચીવટ અને પ્રામાણિકતાથી આ ખાતું ચલાવી શકશો? તેમણે જે નિશ્ચય કરી રાખ્યો હતો તેની જાણ શ્રી તન્નાએ અગાઉથી મારા પિતાશ્રીને કરી જ હતી, એટલે પિતાશ્રીએ જવાબ દીધો: 'નામદાર, મારા કામમાં કંઈ ગફલત લાગે ત્યારે રૂબરૂ બોલાવી (ભીંતે લટકતી બંદૂક બતાવીને) એ ઉપાડી કંઈ પણ પૂછ્યા વિના મને ગોળીએ દેજો.'

'That's it! Mr. Tanna, That's it!' (બરોબર કહ્યું, મિ. તન્ના, બરોબર કહ્યું!)...'પણ અમે સરકાર પાસે તમારી માગણી નહિ કરીએ; તમે ત્યાંથી મુક્ત થઈને આવી જાઓ. તમને પેન્શન તો મળશે, પણ અહીં તમારો પૂરો પગાર સરભર કરી દઈશું.'

મારા પિતાશ્રીએ મારાં માતુશ્રીની સલાહ લીધી. 'હવે કેટલાં વરસ આમ રખડશું? વતનમાં ઠરીઠામ રહેવાય તો પગાર સામે જોવું નથી.' માતુશ્રીનાં એ વચને પિતાશ્રીનો નિશ્ચય દૃઢ કર્યો અને અમદાવાદ આવીને ચડેલી બધી રજાઓ અને જેટલી હતી તેટલી ફર્લો રજાનું ફૉર્મ ભરી દીધું અને તે પૂરી થાય ત્યારથી પેન્શન લઈ નિવૃત્ત થઈ ગયા. ભાવનગર જતાં વીરમગામ સ્ટેશને વેવાઈ-સગાં મળ્યાં તેમણે પિતાશ્રીની બઢતી પર આનંદ બતાવ્યો અને બેનની ખબર રાખવાની ખાતરી આપી. તેથી નિરુપાય બની, ચિંતાભાર સહિત બેનને ત્યાં મૂકી વતન ગયા અને ભાવનગર રાજ્યના બૅંક-અધિકારી બન્યા.

૪૨૬ સાન્ટાક્રુઝની મહૂલી

મેં તો હવે મુંબાઈ સિવાય ક્યાં યે મારો આરો નથી એમ જોઈ લીધું હતું. હાથમાં કંઈ ને કંઈ કામ આવતું તેમાં સંતોષ લેતો. 'વીસમી સદી'ના કામમાં તો નવીનતાઓ અને સર્જકતા ખીલવતાં ખૂબ જ ઉમંગ રહેતો. લાલભાઈએ અગાઉની જેમ રાતવાસો સાન્ટાક્રુઝમાં જ રાખ્યો હતો, એટલે હાજીમહમ્મદ સાથેના અનેક પ્રસંગો તેમજ અન્ય મુલાકાતોની લહેરભરી વાતો ફળિયામાં ખાટલા નાખી હું તથા મારા પડોશી મિત્રો હરખજીભાઈ અને અંબાલાલ માસ્તર સાંભળતા. સ્ત્રીવર્ગ પણ નજીક બેસી મજા લેતો. મારી નાનકડી ઓરડીમાં બને તેટલી સગવડો થઈ ગઈ હતી. કાનજી શેઠે અંદરના પ્રકાશ માટે છાપરામાં ચાર નળિયાં કાચનાં મુકાવી આપ્યાં હતાં અને વચ્ચે એક જૂનું પાર્ટિશન ગોઠવી આપ્યું હતું. તે પણ કોઈ વાર અમારી વચ્ચે આવી પોતાની મોટાઈ બતાવતા. એમની વાતમાં દંભ અને ઘણી વાર ડંખ પણ હોય. તેનું વારણ તેમનાં નવાં સુશીલ પત્ની જમનાબેન કરી નાખતાં.

સાન્ટાક્રુઝમાં આફુસ પાયરીના ટોપલા લઈ વાડીઓવાળા વેચવા આવતા. મુંબાઈમાં પહેલી જ વાર રાજ પાયરી ખાવાનો લ્હાવ ત્યાં મળ્યો. એક વાર લાલભાઈએ કોઈ મિત્રની મારફત ધમડાછાની મોટી નાળિયેર જેવડી કેરીઓ મેળવી આપી. રોજ એવી એક કેરીનો રસ મારા ઘર માટે પૂરતો થઈ જતો. લાલભાઈની હસામણી વાતો અને સૌની રમૂજ ઉડાવવાની એની ટેવથી એ બહુ લાડકા અને પ્રિય થઈ પડેલા. પણ એનું ભાવિ જુદું જ કામ કરતું હતું.

૪૨૭ લાલભાઈનો સિતારો ચમક્યો

એક વાર એકાએક તેણે મારી પાસે ૩૦ રૂપિયા ઉછીના માગ્યા. શી વાત છે તેનો ખુલાસો પૂછ્યો ત્યારે કહ્યું કે બે દિવસ પહેલાં પ્રુફ લઈ ચાઇના બાગમાં ચંદ્રશંકર પંડ્યા પાસે ગયો હતો ત્યારે તેમણે પ્રસન્નતાપૂર્વક કહ્યું કે 'શેઠ રતનશી મોરારજીને એક અંગત સેક્રેટરીની જરૂર છે. મારી નજરમાં એ જગ્યા માટે તમે ઘણા યોગ્ય જણાઓ છો. તમારી બોલવાચાલવાની રીતભાત માણસોને ગમે એવી છે. પગાર માસિક રૂા. ૧૦૦ અને રહેવાનું મકાન મળશે.' મેં કહ્યું: 'હાજીને આ વાત મંજૂર હોય તો મને મંજૂર છે.' મેં આજે હાજીને પૂછ્યું ત્યારે તે ખૂબ ઉદાસ થઈ ગયા, પણ બોલ્યા કે 'તમારી યોગ્યતા વધારે છે જ. હું તમને એટલું આપી શકું નહિ, તેમજ તમારા ભવિષ્યમાં રુકાવટ કરનારો જીવ હું નથી. ખુશીથી એ નોકરી સ્વીકારો. મારું થવાનું હશે તે થશે.' પછી ચંદ્રશંકરને મળી વાત નક્કી કરી છે અને પહેલી તારીખે મારે ત્યાં જોડાવાનું છે. પણ મારે મારો અસબાબ અને પોશાક શેઠના ઘરને લાયક રાખવો છે.'

લાલભાઈનો વિયોગ સૌને લાગ્યો. એ પછી ઘણા વખતે જોયા ત્યારે રંગ જુદો જ હતો, પણ લાગણી ઓછી નહોતી. તેણે પહેલી જ મુલાકાતે શેઠનું મન જીતી લીધું હતું. શેઠ પહેલાંના સેક્રેટરીઓને ડ્રાઈવર પાસે બેસાડતા, લાલભાઈને પોતાને પડખે બેસાડ્યા હતા. થોડા વખત પછી લાલભાઈએ પોતાનાં પત્નીને બોલાવી લીધાં અને મુંબાઈમાં સુખી ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો.

૪૨૮ આર્ટિસ્ટ છોટાલાલ તેજપાલ

અગાઉ એક વાર જણાવ્યા પ્રમાણે એ જમાનામાં સૌરાષ્ટ્રના બે તસવીરકારોની કમાણી સારી હતી: વઢવાણના નાનાલાલ જાની અને રાજકોટના છોટાલાલ તેજપાલ. એમની કારકિર્દીની વાતો હું સાંભળતો. સમાજમાં સાધારણ લોકોથી માંડી રાજપુરુષો સુધી તેમની ખ્યાતિ હતી. શ્રીમંતોના બાપાદાદા અને રાજાઓની તસવીરો કરી તે હજારો કમાતા તેની લોકોમાં ચર્ચા થતી. પણ તેમના કામના ગુણો વિષે કોઈ કહી શકતું નહિ. મુંબાઈનાં પ્રદર્શનોમાં તેમની કૃતિઓ જોવા મળતી નહિ તેમજ કોઈ સ્પર્ધામાં કે રાષ્ટ્રીય કાર્યોમાં પણ તેઓનું અર્પણ સાંભળવા મળતું નહિ. છતાં મારા જેવા ઊગતા અ-

વ્યાસી ચિત્રકારને મોટાઓ કટાક્ષમાં પૂછતા કે 'કેટલું કમાઓ છો ?' મને ખબર હતી કે મુંબાઈના પ્રસિદ્ધ તસવીરકારો પણ એમના જેટલું કમાતા નહિ. કારણ કે તેમને રજવાડી ખુશામત અને અમલદારોને હાથ કરવાની કળા પ્રાપ્ત નહોતી. નાનાલાલ જાની વિષે તો સાંભળેલું કે તે રાતદિવસ મોટાં રજવાડાંઓમાં ફરીને રાજ્યોના મહેમાન બની દીવાનો કે સેક્રટરીને મેળવીને રાજ્યોનાં મોટાં ચિત્રોના ઑર્ડરો લઈ આવતા અને ઘર આગળ સારી નકલ તથા સાફ કામ કરનાર એકાદ જણને કામ સોંપી બીજાં કામોના શિકારે ઊપડી જતા; અને ત્યાંથી પાછા આવે ત્યારે તૈયાર થઈ ગએલાં કામ પર પોતાનો અનુભવી લપેટ મારી ગ્રાહકને પધરાવી દેતા. તેમના આવા એક આશ્રિત ચિત્રકાર જાલમગીરને હું મળેલો અને કેટલીક માહિતી મેળવેલી પણ ખરી. પણ છોટાલાલની રીત જુદી જ હતી, તે ગ્રાહકોમાં ફરવા માટે જતા જ નહિ. તેમના પિતાશ્રી ઘણે ભાગે પોલિટિકલ એજન્ટના શિરસ્તેદાર હતા એટલે તેમને ભાવનગર, જામનગર, જૂનાગઢ જેવાં રાજ્યોમાં લાગવગ અને ભલામણ પ્રાપ્ત થતી અને યુરોપિયનો જેવા જ ભાવ લેતા.

એક વાર તે મુંબાઇના કોઈ મોટા શ્રીમંતનું માનવ કદનું પોર્ટ્રેટ કરીને લઈ આવેલા ને મુંબાઈમાં ઈમ્પીરિયલ હોટેલમાં મુકામ રાખેલો. મારા મિત્ર મનુભાઇ બધેકા અને રામરાવ પણ એ જ હોટેલમાં ઊતરેલા હતા, એટલે તેમને હું મળવા ગયો હતો ત્યાં અચાનક છોટાલાલનો ભેટો થઇ ગયો. મને તે તુરત પોતાના રૂમમાં લઇ ગયા અને પેલું મોટું ચિત્ર બતાવ્યું. સાથે શહેનશાહ જ્યૉર્જની મોટી સવારીનું, ફોટોગ્રાફો ઉપરથી કરેલું એક મોટું ચિત્ર પણ હતું. મને પાછળથી ખબર પડી કે ઘણી વાર આવાં મોટાં ચિત્રોમાં ચબરાક ચિત્રકામ બતાવવા માટે તે સ્કૂલ ઑાવ આર્ટના શિક્ષક શ્રી ત્રિંદાદને પુરસ્કાર આપી કામ લેતા. ત્રિંદાદ ખરેખર સાફ ઑઇલ પેઇન્ટિંગ કરી જાણતા, પણ સ્વભાવે એકાંતપ્રેમી અને આગળ પડવાનો સ્વભાવ નહિ—તેમજ વ્યસનના દાસ પણ હશે—એટલે પોતાની જાતનો કંઈ જેવારો કરી શકયા નહોતા. એમના હાથનો ચમત્કાર છોટુભાઈના ઉપર્યુક્ત સવારીના ચિત્રમાં હું તુરત પારખી શક્યો. છોટુભાઈએ નિખાલસપણે તેનો સ્વીકાર કર્યો અને પછી એ ચિત્રમાંના હિંદી રાજાઓના ચહેરાઓ પર લાઈકનેસ (તાદશ મળતાપણું) આવે તેવા સુધારા કરવા મારો સાથ માગ્યો.

આવા અનુભવી અને નિખાલસ ચિત્રકારનો આ રીતે નિકટ પરિચય મળવાથી હું તો બહુ જ રાજી થયો અને તેમના કામ માટે દિવસ ઠરાવ્યો. તે દિવસે તેમની સાથે હોટેલમાં જ ભોજન લેવાનું ઠરાવ્યું હતું. ઠરાવેલા દિવસે તેમણે મારો ખૂબ જ આદર કર્યો. મેં આખો દિવસ કામ કર્યું. જતી વખતે તેમણે પરાણે મારા ખિસ્સામાં દસ રૂપિયાની નોટ સરકાવી. એમના વિષે મારા મનમાં ઊંડી સ્નેહભાવના પ્રકટી. તે પછી વર્ષો સુધી અમે મળી શક્યા નહોતા. પણ એકાદ વાર વડોદરા આવતાંજતાં અમદાવાદમાં મળેલા.

ઈ. ૧૯૩૭માં તેમના પુત્ર રોશનલાલ જાપાનમાં મને મળ્યા એ યાદગીરીથી તેમણે પૂર્વનો નાતો જાગૃત કર્યો અને રાજકોટમાં 'સૌરાષ્ટ્ર કલામંડળ' સ્થપાયું ત્યારે નિવૃત્ત થએલા સ્વસ્થ છોટુભાઈએ એક સાચા સ્નેહી મુરબ્બી મિત્રનું સ્થાન લીધું એ કલા મંડળની રચનામાં તેમણે જ અગ્ર ભાગ લીધેલો, છતાં મને પ્રમુખસ્થાને રાખ્યો હતો. તેમની સ્મૃતિ મને કાયમ રહેશે. તેમનો પરિવાર—પુત્રપૌત્રો આજે તો શ્રીમંતાઈના વારસદારો બન્યા છે.

[illegible]નાનાલાલ જાની વિષે તો હું અગાઉ વિસ્તારથી લખી ચૂક્યો છું. રાત્રિની [illegible]ંખો મોતિયાથી તેજ ગુમાવી બેઠી ને આર્થિક હાલત અને પ્રચલિત રાગ છે. [illegible]ખતે એક વાર તે મારા ઘેર એકલા અટુલા [illegible] મન કરુણાથી ભરાઈ ગયું. (ચાલુ)

ગુજરાતમાં સંગ્રહસ્થાનોનો વિકાસ


લેખક • આર. ટી. પરીખ

(ડિપાર્ટમેન્ટ ઑવ મ્યુઝિયોલૉજી, એમ. એસ. યુનિવર્સિટી વડોદરા)

ગુજરાત ભારતભરમાં સાધનસંપન્ન અને સુવિકસિત રાજ્ય ગણાય છે. સામાન્ય જીવનનાં અનેક ક્ષેત્રોમાં એણે સારી પ્રગતિ સાધી છે. આ રીતે સંગ્રહસ્થાનોની સ્થાપના અને વિકાસમાં પણ એની ગતિ નોંધપાત્ર રહી છે, એટલું જ નહિ, પણ રાજ્યના ક્ષેત્રફળની દૃષ્ટિએ ગુજરાતમાં વધુમાં વધુ સંગ્રહસ્થાનો છે. અલબત્ત, આમાંનાં ઘણાં બ્રિટિશ ને દેશી રાજ્યશાસન દરમિયાન રચાયાં હતાં. સ્વાતંત્ર્ય પછી પણ કેટલાંક નવાં ઊભાં થયાં, જેમાં અમદાવાદની કૅલિકો મિલનું કાપડ અંગેનું સંગ્રહાલય, સાબરમતી આશ્રમનું ગાંધીસ્મૃતિ સંગ્રહસ્થાન, વડોદરાનું ફતેહસિંહરાવ સંગ્રહસ્થાન, અમરેલીનું ગિરધરલાલ મહેતા બાળસંગ્રહાલય, ભાવનગરનું ગાંધીસ્મૃતિ સંગ્રહાલય, અને જ્યાં હજી કોઈ ખાસ સંગ્રહ ગોઠવાયો નથી એવું અમદાવાદનું સંસ્કારકેન્દ્ર મુખ્ય છે. આણંદ અને વડોદરાનાં કૃષિવિષયક સંગ્રહસ્થાનો પણ નોંધવાં જોઈએ. અને હજી યે સંસ્થાકીય તેમજ વ્યક્તિગત રીતે આ દિશામાં નવાનવા પ્રયત્નો થતા જ રહ્યા છે.

સંગ્રહસ્થાનોના આ વિકાસ માટે આપણે એ વખતના વૉટ્સન, વિન્ચેસ્ટર, બાર્ટન વગેરે જેવા કેટલાક બ્રિટિશ અધિકારીઓનું ઋણ ભૂલવું ન જોઈએ. પોતાની દફતરી કામગીરી ઉપરાંત એમણે જે અનેક અવનવા વ્યાસંગ કેળવેલા તેના એક પરિણામરૂપે, આપણા ભૂતકાલીન અવશેષોનું દસ્તાવેજી મૂલ્ય સમજીને એમણે એના સંરક્ષણ માટે જે વ્યવસ્થાઓ અમલમાં મૂકી એમાંથી આપણાં આજનાં ઘણાં સંગ્રહાલયોનો આરંભ થયો હતો. બીજી બાજુ ગુજરાતમાં નાનાં નાનાં વિવિધ રજવાડાંનો પણ પાર નહોતો. પુરાવશેષોનું ખરું ગૌરવ સમજીને, અથવા દેખાદેખીથી, એમણે પણ પોતપોતાનાં રાજ્યોમાં સંગ્રહસ્થાનો સ્થાપ્યાં હતાં. પ્રજાને તેમજ બહારનાને પોતાના રાજ્યના ઇતિહાસ અને વિકાસનો ખયાલ આપવાની નેમ પણ એમાં હતી. એ રાજાઓની વિદેશયાત્રાઓએ એમનામાં આ અંગે દૃષ્ટિ પ્રેરી હતી. આવા રાજ્યસંગ્રહોમાં શ્રીમંત સરકાર સર સયાજીરાય ગાયકવાડનું વડોદરાનું સંગ્રહસ્થાન અને ચિત્રવીથિ તો ગુજરાત બહાર પણ ઘણી સારી ખ્યાતિ ધરાવે છે. ત્યાંનો વિદેશી કળાનો સંગ્રહ તો આખા એશિયામાં મોટો ગણાય છે. પણ સંગ્રહસ્થાનની સ્થાપનાની દિશામાં પગરણ માંડવાનો પ્રથમ યશ તો છેક ઈ. ૧૮૭૭માં ભુજમાં સંગ્રહાલય ઊભું કરીને કચ્છના મહારાવ લઈ જાય છે.

છેલ્લા બે દાયકા દરમિયાન ગુજરાતમાં નવાં સ્થપાએલાં મહાવિદ્યાલયોએ પણ સંગ્રહાલય પ્રવૃત્તિમાં સારો રસ દાખવ્યો છે. ભારતમાં કેળવણીના ક્ષેત્રે સારી નામના મેળવનાર વડોદરા યુનિવર્સિટીના ઘણા વિભાગો પોતાનાં આગવાં સંગ્રહસ્થાનો નિભાવે છે, જેનો લાભ નિષ્ણાતો, શિક્ષકો ને વિદ્યાર્થીઓ પોતાનાં સંશોધન અને અભ્યાસ માટે લઈ શકે છે. ખેડા જિલ્લામાં વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટી પાસે પણ એક સારું બહુલક્ષી સંગ્રહસ્થાન છે. ગુજરાતની મેડિકલ કૉલેજોએ પણ પોતાના અભ્યાસસંગ્રહો ઊભા કર્યા છે. વડો-



દરા અને અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજના સંગ્રહો આ રીતે નોંધપાત્ર ગણાય છે. હજી હમણાં જ અસ્તિત્વમાં આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પણ આ દિશામાં પગલાં ભરવા માંડયાં છે અને ગુજરાત સરકારના પુરાતત્ત્વ ખાતાના સહકાર વડે ધુમલીમાં ઉત્ખનન પણ આદર્યું છે. કેટલીક મહાનગરપાલિકાઓ અને સુધરાઈઓ પણ આ દિશામાં રસ લઈ ને એ માટે સારી એવી રકમ ફાળવવા લાગી છે. અમદાવાદનું સંસ્કારકેન્દ્ર, વડોદરાનું આરોગ્ય સંગ્રહસ્થાન, સુરતનું સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાન અને અમરેલીનું ગિરધરલાલ મહેતા બાળસંગ્રહાલય આમાં મુખ્ય ગણી શકાય.

કેટલીક વ્યક્તિઓએ પણ અંગત રસ દાખવીને આ ક્ષેત્રે સારો ફાળો આપ્યો છે. અમરેલીના પ્રતાપરાય મહેતા તો હિંદમાં બાળસંગ્રહાલયોના પિતા ગણાય છે. વડોદરાના મહારાજા ફતેહસિંહરાવે પણ પોતાનો અમૂલ્ય કલાસંગ્રહ 'ફતેહસિંહરાવ મ્યૂઝિયમ' સ્થાપીને લોકહિતાર્થે આપી દીધો છે. અમદાવાદની કૅલિકો મિલનું 'ટેક્સ્ટાઈલ મ્યૂઝિયમ' એક નવી જ દિશામાં દોરવણી આપવા જેટલું સમૃદ્ધ છે. ગુજરાતના કેટલાક ધનિકોએ પણ પોતાના સંગ્રહમાં અનેક ઉમદા કલાકૃતિઓ ને મૂલ્યવાન સામગ્રી જાળવી રાખી છે, જે અન્યથા કદાચ પરદેશમાં ઘસડાઈ ગઈ હોત. આવા કલારસિક શ્રેષ્ઠીઓમાં અમદાવાદના શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈનું નામ મોખરે મૂકી શકાય.

દેશના વ્યક્તિવિશેષોની પ્રેરક યાદ જાળવી રાખવા એમના જીવન સાથે સંકળાએલી પ્રત્યેક ચીજ-વસ્તુને સંઘરી રાખવાના હેતુથી પણ જે કેટલાંક સંગ્રહસ્થાનો રચાયાં છે એમાં કદાચ સૌથી વધુ મહત્ત્વનું સાબરમતી આશ્રમનું 'ગાંધીસ્મારક સંગ્રહાલય' ગણી શકાય. ગાંધીજીના જીવનને આવરી લેતી અનેક સ્મૃતિઓ સાથે અહીં એક પુસ્તકાલય પણ છે, જે ગાંધી તત્ત્વજ્ઞાનના અભ્યાસીને માટે અત્યંત મહત્ત્વનું બની રહે એમ છે. ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરમાં એમના નિવાસ-સ્થાનને પણ એક કાયમી સંગ્રહરૂપે ફેરવી નાખવામાં આવ્યું છે.

પણ આટઆટલાં સંગ્રહસ્થાનો આપણે ત્યાં હોવા છતાં આ પ્રવૃત્તિ હજી યે શહેરી વિસ્તારો સાથે જ સંકળાએલી છે. અમદાવાદમાં વધુમાં વધુ સંગ્રહો છે, અને સંગ્રહસ્થાન માટે અદ્યતન એવી મકાનની યોજના પણ એની પાસે છે. વડોદરામાં આવેલું ગુજરાતનું રાજ્ય સંગ્રહસ્થાન (સ્ટેટ મ્યૂઝિયમ) 'બરોડા મ્યૂઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલેરી' તથા 'ફતેહસિંહરાવ મ્યૂઝિયમ' તેમજ રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, સૂરત, ધરમપુર આદિનાં બધાં શહેરી સંગ્રહસ્થાનો ગ્રામપ્રજાથી છેટાં છે. પણ ધીરે ધીરે એ દિશામાં જાગૃતિ વધી રહી છે. ગ્રામ પ્રદેશોમાં ઊઘડતી જતી કૉલેજો પોતાનાં અભ્યાસક્ષેત્રોને આવરી લેતા નમૂનાઓ એકઠા કરવા માંડી છે. ખંભાતની 'રજની પારેખ આર્ટ્સ કૉલેજ'નો સંગ્રહ આનું એક ઉમદા ઉદાહરણ કહી શકાય.

કેન્દ્ર સરકારનું અને રાજ્યનું પુરાતત્ત્વખાતું પણ અમદાવાદ પાસે લોથલમાં અને વેરાવળ પાસે પ્રભાસ પાટણ ખાતે સ્થાનિક સંગ્રહાલયો નભાવે છે. લોથલમાં તો સરકાર એક અદ્યતન મકાન બનાવવા ધારે છે. સંભવ છે કે ભવિષ્યમાં આ સ્થળ પ્રાચીન સંસ્કૃતિમાં રસ ધરાવતા દેશવિદેશના પ્રવાસીઓનું એક અગત્યનું પ્રવાસધામ બની રહેશે.

છેલ્લે છેલ્લે થએલાં સંશોધનો અને એથી બહાર આવેલો સાંસ્કારિક વારસો, રસમય પ્રાકૃતિક ઇતિહાસ તથા કલા-ઉદ્યોગો વગેરે જોતાં ગુજરાતમાં સંગ્રહ કેમ એકઠો કરવો એ કોઈ મોટો પ્રશ્ન નથી, બલ્કે છૂટોછવાયો એકઠો થએલો સંગ્રહ પણ પર્યાપ્ત છે. થોડા સમય માટે તો સંગ્રહકોષ વધારવાનો બાજુએ રાખીને સંગ્રહને યોગ્ય રીતે પ્રદર્શિત કરી નવાંનવાં અર્થઘટનો સાથે સુવ્યવસ્થિત કરવાની જરૂર છે. જોકે આ પ્રશ્ન તો કદાચ સમગ્ર ભારતને પણ લાગુ પડે છે.

આનાં બે કારણ છે: ૧) આપણી પાસે એ માટે પૂરતાં નાણાં નથી અને ૨) આ કામ માટે યોગ્ય તાલીમ પામેલા માણસોની તંગી છે. ગુજરાતનાં સંગ્રહસ્થાનોમાં ઘણા મૂલ્યવાન નમૂનાઓ યોગ્ય રજૂઆત પામ્યા નથી. કેટલેક સ્થળે તો એની યોગ્ય નોંધ પણ રાખવામાં આવી નથી. સંશોધન માટે અત્યંત જરૂરી એવા નમૂના 'કૅટલૉગ કાર્ડ' હજી લગભગ બધે જ બાકી છે. આ તો એક મહત્ત્વની જરૂરત છે.

અલબત્ત, કેટલાંક સંગ્રહસ્થાનોએ નમૂનાઓની રજૂઆતમાં સારી પ્રગતિ પણ કરી છે. અમદાવાદના સંસ્કારકેન્દ્રમાં મુકાએલાં, ગુજરાત મ્યૂઝિયમ સોસાએટીના 'એન. સી. મહેતા ચિત્રસંગ્રહ'ને પ્રદર્શિત કરવા પાછળની મહેનત સ્પષ્ટ વરતાઈ આવે છે. વડોદરામાં 'ફતેહસિંહ સંગ્રહાલય'ના નમૂનાઓ પણ સુંદર રજૂઆત પામ્યા છે.

બીજી બાજુ ગુજરાત સરકારે વડોદરાના 'મ્યૂઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલેરી'માં સંગ્રહિત નમૂનાઓની સુયોગ્ય જાળવણી માટે એક અદ્યતન પ્રયોગશાળા સ્થાપીને ઘણું સ્તુત્ય પગલું ભર્યું છે. વળી તે સાથે એક 'પિક્ચર રિસ્ટોરેશન સ્ટૂડિયો' પણ સ્થાપ્યો છે, જે સંઘરાએલાં જૂનાં ચિત્રોનો નાશ થતો અટકાવે છે કે બગડેલાં ચિત્રો સુધારે છે. આ બંને સુવિધાનો લાભ ગુજરાત ઉપરાંત દેશનાં બીજાં રાજ્યો પણ લે છે.

ગુજરાતનાં કેટલાંક સંગ્રહસ્થાનો અવારનવાર પ્રવચનો ગોઠવીને કે પિક્ચર પોસ્ટકાર્ડ યા કૅટલૉગ દ્વારા પોતાને ત્યાંના નમૂનાઓને લોકનજરમાં લાવવા પ્રયત્ન કરે છે. વડોદરા મ્યૂઝિયમમાં, અમદાવાદનું ગાંધી સ્મારક સંગ્રહાલય ને ધરમપુરનું લેડી વિલ્સન સંગ્રહાલય આમાં મુખ્ય છે. આ ઉપરાંત, ગુજરાતનાં સંગ્રહસ્થાનોમાં એક યા બીજા વિષયમાં નિષ્ણાત એવા માણસો પણ છે. વડોદરા યુનિવર્સિટીએ તો સંગ્રહસ્થાનો અંગેની યોગ્ય તાલીમની વ્યવસ્થા પણ કરી છે.

અને છતાં હજી ગુજરાતમાં ઘણાં ક્ષેત્રો આવરી લેવાનાં બાકી છે. કાપડ, રસાયણ, ખનિજતેલ વગેરે ક્ષેત્રોની ભાવિ પ્રગતિને ખયાલમાં રાખી અત્યારથી જ જો એના વિકાસને તબક્કાવાર સંઘરી લેવામાં આવે તો ભાવિ પ્રજા માટે એક ઉમદા કાર્ય કર્યું ગણાશે. અને અત્યારે અતિ ઝડપે આગળ ધપતી દુનિયામાં સંગ્રહસ્થાન જેવી પ્રવૃત્તિના ક્ષેત્રોમાં પણ તો જરા પણ વિલંબ ન ચાલે.

મારા જેવા ઊગતા અ-

સંગીતસાધના-૧૪

રાગ હમીર

સાધુરામ ન્યામતરાય યોધ

'કોહીનૂર' ફિલ્મનું આ ગીત તો ઘણાએ સાંભળ્યું હશે:
'મધુબન મેં રાધિકા નાચે રે ગિરિધર કી મુરલિયાં બાજે રે'.
સંગીતનિર્દેશક નૌશાદે એ મહમદ રફીને કંઠે મધ્ય લય તિનતાલમાં ગવડાવેલું. એના મૂળમાં રાગ છે હમીર. આ જ રાગમાં ફિલ્મ 'અનજાનગઢ'નું એક ગીત પણ જાણીતું થએલું: 'સંસાર કે આધાર, દયા હમપે દીખાઓ'. અલબત્ત, બીજાં ફિલ્મી ગીતો પેઠે આ બંને ગીતો પણ હમીર રાગ પર 'આધારિત' છે. પૂર્ણતઃ હમીરની રજૂઆત માટે તો શાસ્ત્રીય ચીજ તરફ જ કાન માંડવા પડે. પણ આ બંને ગીતો 'હમીર'-થી અપરિચિત જનને એ રાગનો ઠીકઠીક ખયાલ આપી શકશે.

એક એવો ખયાલ પણ પ્રવર્તે છે કે ફિલ્મી સંગીતે શાસ્ત્રીય સંગીતને વધુ લોકપ્રિય બનાવ્યું છે. અમુક અંશે એ ખરું છે. અગાઉ ફિલ્મી ગીતોમાં ધૂન કે ગઝલો દાદરા, કેરવા, ખેમટા જેવા તાલોમાં રજૂ થતી. પછી કલકત્તાના ન્યૂ થીએટર્સમાં રાયચંદ બોરાલ ને પંકજ મલ્લિક, મુંબાઈમાં ખેમચંદ પ્રકાશ અને ગુલામ મહંમદ તથા પૂનાની પ્રભાત ફિલ્મ કંપની અને કોલ્હાપુરની ફિલ્મ કંપનીમાં માસ્ટર કૃષ્ણારાવ, કેશવરાવ ભોળે જેવા સંગીતનિયોજકોએ રાગદારી સંગીતનો આશ્રય લેવા માંડયો. એમની પાછળ નૌશાદ, સચિન દેવવર્મન, વસંત દેસાઈ, રોશન, મદનમોહન વગેરેએ રાગદારી સંગીતને ફિલ્મી દુનિયામાં વધુ ઊંચે ચડાવ્યું, અને એસ. એન. ત્રિપાઠી, શંકર-જયકિસન વગેરેએ એનું મહત્ત્વ બહુ વધારી દીધું. બીજી બાજુ રાગરૂપોમાં તોડજોડ કરી બેહૂદી સ્વરાવલિઓનો ખીચડો પણ પિરસાવા માંડયો. પણ રાગરૂપને પારખવા માટે નર્યા ફિલ્મી ગીતનો આધાર લેવો એ પૂરતું નથી, કેમ કે એમાં શુદ્ધ રાગસ્વરૂપ રજૂ થતું નથી. માત્ર નવા શ્રોતાને કે અભ્યાસીને અમુક રાગોનો ઢાળ કેવો છે એનો ખયાલ આપવા પૂરતું ટેકા રૂપે ફિલ્મી ગીત નિર્દેશી શકાય.

		નિ નિ(ધ)
		મ ધુ
પ પ પ મં	પ ગ મ —	નિ(ધ) — નિ ધ
બ ન મેં રા	ઽ ધિ કા ઽ	ના ઽ ચે ઽ
	પ	રે
(નિસાં) (રેસાં) નિ ધ	મં પ ગ રે	ગ મ (ગમપ) —
રે ઽ ગિ રિ	ધ ર કી મુ	ર લિ યાં ઽ
ગ મ રે —	સા — નિ ધ	
બા ઽ જે ઽ	રે ઽ મ ધુ	

ઉપર્યુક્ત ગીતમાં 'રાધિકા નાચે રે' શબ્દોમાં 'ગમધ નિધ સાં' એ સ્વરો હમીરનું રૂપ દર્શાવે છે. આ ગીતમાં, સદ્‌ભાગ્યે, બીજા કોઈ રાગની છાયા નથી, એટલે વારંવાર આ ગીત સાંભળતાં હમીર રાગનો સારો ખયાલ આવી શકશે. ફિલ્મ 'અનજાનગઢ'નું 'સંસાર કે આધાર' પણ આ જ રીતે હમીરની સારી રજૂઆત દર્શાવે છે.

રાત્રિના પ્રથમ પ્રહરમાં ગવાતા રાગોમાં 'હમીર' ઘણો લોકપ્રિય અને પ્રચલિત રાગ છે. સંપૂર્ણ જાતિનો અને બધા શુદ્ધ સ્વરોવાળો

રાગ હમીર

दो मध्यम तीवर सबहि, धैवत वादी जान।
सवादी गंधार है राग, हमीर वखान॥

કલ્યાણ થાટમાંથી ઉત્પન્ન થતા આ રાગમાં બંને મધ્યમો યોજાય છે. તીવ્ર મધ્યમનો પ્રયોગ ઓછો ને ખાસ કરીને આરોહમાં થાય છે, જ્યારે શુદ્ધ મધ્યમ આરોહ-અવરોહ બંનેમાં વપરાય છે. સંસ્કૃત ગ્રંથોમાં તીવ્ર મધ્યમનો પ્રયોગ સૂચવ્યો નથી, પણ હિંદુસ્તાની પદ્ધતિમાં બંને મધ્યમ સ્પષ્ટપણે વપરાય છે. અને એટલે જ રાગ હમીરને કલ્યાણ થાટનો ગણવામાં આવે છે.

વાદી સંવાદી સ્વરો: ધૈવત અને ગાંધાર
ગાવાનો સમય: રાત્રિનો પ્રથમ પ્રહર
આરોહાવરોહ
સા, રે સા, ગ મ ધ, નિ ધ, સાં
સાં, નિ ધ પ, મં પ ધ પ, ગ મ રે સા
પકડ
સા, રે સા, ગ મ ધ
હમીર રાગની કેટલીક જાણીતી ચીજો
'કૈસે ઘર જાઉં લંગરવા'
'મૈરા અલબેલા' અને 'ચમેલી ફૂલચંપા'

રાગ હોવા છતાં એના આરોહ-અવરોહના સ્વરોમાં યમન રાગના જેવી સરળતા નથી. હમીર રાગમાં આરોહમાં ઋષભ (રે), પંચમ (પ), અને નિષાદ (નિ) ઘણુંખરું વર્જ્ય રખાય છે. વળી, હમીરમાં શુદ્ધ તથા તીવ્ર એમ બંને મધ્યમ(મ) પણ લેવામાં આવે છે. એ રીતે હમીર રાગ કેદાર, છાયાનટ, કામોદ, શ્યામકલ્યાણ, ગૌડસારંગ તથા યમની બિલાવલ જેવો યમન-મેલજન્ય રાગ છે. કેટલાક ગ્રંથોમાં આ રાગને 'હંબીર' નામે પણ ઓળખાવ્યો છે:

द्विमध्यमेषु रागेषु नियमः प्रायशोभयेत्।
आरोहेस्यांतिदौर्बल्यं गदौर्बल्यं विपर्यये॥

આ શ્લોક યાદ રાખવા જેવો છે. બે મધ્યમવાળા રાગોમાં આરોહમાં નિષાદ તથા અવરોહમાં ગાંધાર સ્વર દુર્બલ છે, એમ એ કહે છે. કામોદ, શ્યામ, છાયાનટ વગેરે રાગોમાં આ નિયમ લાગુ પડી શકે.

સા, રે સા, ગ મ ધ, નિ સાં અને અવરોહમાં સાં, નિ ધ પ મં મ ધ પ, ગ મ રે સા—આ હમીરનું સ્વરૂપ થયું. આમાં અવરોહમાં ગ મ રે સા ને બદલે મ ગ રે સા લેવાય તો તુરત એમાં યમનની છાયા પ્રકટ થશે. આટલા સામ્યને કારણે જ હમીરને કલ્યાણનો એક પ્રકાર માની એને કલ્યાણ થાટમાં મૂકવો સુસંગત બને છે.

વિચક્ષણ શ્રોતાને હમીરમાં કેદાર, કામોદ કે શ્યામ-કલ્યાણનો આભાસ થશે, કેમ કે આ બધા રાગો સમપ્રાકૃતિક ગણાય છે. હમીરનો અતરા પ, પ, ધ પ સાં જેવા સ્વરોથી શરૂ થાય છે. તે પછી ગાયક 'રે સા ધ પ, મં ધ નિ પ' જેવા સ્વરોમાં કોઈ વાર કિંચિત રૂપે કોમળ નિષાદ પણ લે છે, પરંતુ તેથી રાગહાનિ થવાને બદલે રાગનું રંજકત્વ વધે છે અને એટલે આ પ્રયોગ આવકાર્ય છે.


હમીર ગાવા માટે નીચેનું સ્વરૂપ કંઠસ્થ કરવું જરૂરી છે:

સા, ગ મ ધ, નિ ધ, રેં સાં, નિ ધ, પ, ગં મં રેં સાં, રેં સાં
નિ ધ, પ, ગ, મ રે, ગ મ ધ, પ, ગ, મ રે, સા રે સા, ગ મ ધ.

ડાયરી

આપણે સદન આવિયું જે આજ
એ જ અતિથિ ઋષિ,
આલીએ આસન, લીજીએ એને
ભાવતે ભોજન તુષી;
પળની સાથે ખેલીએ આપણુ
વ્હાલની તે દઈ તાલી,
દૂરનું સકલ આપમેળે અહીં
રેલશે એની લાલી.

(રાજેન્દ્ર શાહ)



ફૂલને વધુ વખત તાજાં રાખવાં

ફૂલદાનમાં ગોઠવવાની ફૂલડાળને યોગ્ય વખતે કાપી હોય તો એ વધુ સમય ટકે છે. દા૦ત૦ ગુલાબ હમેશાં સાંજે અને એની ડાંખળી-પાંખડી કડક હોય ત્યારે જ ઉતારવાં. વળી એની ડાંખળીનો છેડો થોડો છૂંદી નાખવો જેથી એના રેસા છૂટા પડી ડાળી તથા ફૂલપાન પાણી સરળતાથી શોષે. ◆ પૉપી અને ગ્લૅડીઑલી જેવાં ફૂલ ખીલે એ પહેલાં કાપી લેવાં જોઇએ. ◆ ઇરીસને સાંજે જ અને તે યે હજી રંગ પકડતી કળીઓ હોય ત્યારે ઉતારવાં. કાપેલી ડાંખળીઓને રાતભર ફૂલનાં મૂળ સુધી પાણીમાં ડુબાડી રાખવી. ફૂલદાનમાં મૂકેલી ડાંખળી પરનાં પાન પાણીમાં ડૂબતાં રાખવાં નહિ. જરૂર પડે તો એવાં પાન ઉખાડી લેવાં. વળી સીધા સૂર્યપ્રકાશમાં, અથવા જ્યાં ગરમી લાગતી હોય એ સ્થાને ફૂલદાન રાખવું નહિ. ◆ ઝૂકી પડતાં ટૂલિપને હૂંફાળા પાણીમાં થોડું મીઠું નાખી એમાં મૂકવાં. ◆ ગુલાબ તથા કાર્નેશન્સ મૂકેલા પાણીમાં, બળેલા લાકડાની થોડી રાખ નાખવાથી ફૂલમાં પાછી તાઝગી આવી જાય છે.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



પ્રેમલીલા વિ. ઠાકરસી

જન્મ: ૮-૧-૧૮૯૪. સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી સાથે ૧૯૧૩માં લગ્ન. ૧૯૧૯માં પૃથ્વીપર્યટન. મૂળ શિક્ષણ ઓછું પણ શિક્ષકો અને માર્ગદર્શકો દ્વારા અંગ્રેજી, સંસ્કૃત, સંગીત અને ઘોડેસવારી પણ શીખ્યાં. સર વિઠ્ઠલદાસનું અવસાન, ૧૯૨૨. પર્ણકુટિ-પૂનામાં નિવાસ રાખી ત્યાં પોતાની જ્ઞાતિની બાળાઓ માટે શાળા ને છાત્રાલય સ્થાપ્યાં. પર્ણકુટિમાં ગાંધીજી અને અન્ય અનેક અગ્રિમ નેતાઓનાં તેઓ પૂનામાં યજમાન થતાં. એસ. એન. ડી. ટી. (શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી) યુનિવર્સિટીનાં પ્રથમ સરકાર-નિયુક્ત ને પછી ચુંટાઇને વાઈસ-ચાન્સેલર. કસ્તુરબા ગાંધી નૅશનલ મેમોરીઅલ ટ્રસ્ટના આરંભથી ટ્રસ્ટી અને છેલ્લાં બાર વર્ષથી પ્રમુખ. મુંબાઈ વનિતા વિશ્રામનાં ચેરમૅન. ઈન્ટર યુનિવર્સિટી બોર્ડનાં પણ ચેરમૅન હતાં. સર વિઠ્ઠલદાસ ચૅરિટેબલ ટ્રસ્ટ તથા લેડી પ્રેમલીલા વિ. ઠાકરસી ચૅરિટી ટ્રસ્ટનાં મૅનેજિંગ ટ્રસ્ટી. પ્રો. જે. પી. ત્રિવેદી સ્મારક ટ્રસ્ટ, ડૉ. કેયાજી રીઅલ ટ્રસ્ટ તથા લેડી નૉર્થકોટ ઑર્ફનેજનાં ચેરમૅન.

૧ તાજેતરમાં ઊજવાએલા આપના ૭૫મા વર્ષના અમૃત-મહોત્સવને અનુલક્ષીને આપનો જીવન સંદેશ આપશો?

ઉ. નિયમિતતા અને મિતાહાર દીર્ઘ જીવનની ચાવી છે. પ્રભુથી જ સર્વ કંઈ થાય છે, આપણે તો નિમિત્તમાત્ર છીએ, માટે એની ઇચ્છાને સાનુકૂળ બની કર્તવ્ય કરવાં અને નિસ્વાર્થભાવે જીવન જીવવું.

૨ શ્રી અને સરસ્વતી બંનેની ઉપાસના એકીસાથે સાયુજ્યભાવે કઈ રીતે સાધી શકાય?

ઉ. ઉચ્ચ સંસ્કારો વિના શક્ય નથી. સરસ્વતીની કૃપા પ્રાપ્ત થશે તો શ્રીનો સદુપયોગ કરતાં આવડી જશે.

૩ કેળવણી-ક્ષેત્રે આપ સંગીન કાર્ય કરી રહ્યાં છો. સાચી કેળવણી આપ કોને કહો છો?

ઉ. જે કેળવણી મનુષ્યને નિર્વાહનું સાધન આપવા સાથે ચારિત્ર્યનું ઘડતર કરી જીવનનો મર્મ બતાવે.

૪ આપની દિનચર્યા ટૂંકમાં કહેશો?

ઉ. સવારે ચાર વાગ્યે ઊઠું છું. પ્રાતઃકાર્ય પતાવી ગીતાના પારાયણ બાદ ત્રણ માઈલ ચાલું છું. ફરી આવીને વર્તમાનપત્રો જોઇ લીધા પછી, મુંબાઈમાં હોઉં તો સાન્ટાક્રુઝના મારા મંદિરે જાઉં છું, ને પૂનામાં હોઉં તો પર્ણકુટિ બંગલો, બગીચો ને છાત્રાલયની વ્યવસ્થા જોઈ લઉં છું. ટપાલ જોઈ, ભોજન કરી થોડા આરામ બાદ કામે વળગું છું. સાંજે ફરી પૂજા કરી, ભોજન લઈ, થોડું વાંચી વહેલી નિવૃત્ત થાઉં છું.

૫ જિંદગી સંબંધી આપનું મંતવ્ય?

ઉ. જિંદગી એટલે સુખ-દુઃખનો સરવાળો. સુખનો ગર્વ ન કરવો, દુઃખમાં હિંમત ન હારવી ને રામ રાખે તેમ રહેવું.

૬ વર્તમાન રાજકીય ક્ષેત્ર માટે આપનું શું મંતવ્ય છે?

ઉ. બાપુએ આપણને સ્વરાજ્ય અપાવ્યું, પણ આપણે એને સુરાજ્ય ન બનાવી શક્યાં. જનતા ને રાજ્યકર્તા ઉભય ગાંધીજીના આદર્શોથી દૂર જઇ રહ્યાં છે. કોઈ દૈવી અકસ્માત ન થાય તો નવી પેઢીનું ભાવિ બહુ આશાજનક નથી લાગતું.

૭ આપનો ખાસ શોખ? ઉ. વાચન અને સ્થાપત્ય.

૮ ગરવી ગુજરાતણ આપ કોને કહેશો?

ઉ. જે આદર્શ ગૃહિણી બની ઘર સંભાળે, પતિની પ્રવૃત્તિઓમાં એને પડખે ઊભી રહે, બાળકોને ચારિત્ર્યશીલ બનાવે અને વખત મળ્યે સમાજસેવા—દેશસેવા કરે.

૯ ગુજરાતનું ભાવિ આપને કેવું લાગે છે? ઉ. ઉજ્જવળ.

૧૦ આપનું પ્રિય પુસ્તક? ઉ. શ્રીમદ્ ભગવદ્ગીતા.

૧૧ આપના પ્રિય ગુણો?

ઉ. સદાચાર, સહનશીલતા અને પ્રભુમાં શ્રદ્ધા.

પ્રેમલીલા વિ ઠાકરસી



કેશગુંફનનો એક સુંદર અભિનવ પ્રકાર: આકૃતિઓ ઉપરથી એની રચના સ્પષ્ટ થશે.

આરોગ્યવચન

હીંગ મરચું ને આમલી, સોપારી ને તેલ;
જો ખપ હોયે કંઠનો, (એ) પાંચે વસ્તુ મેલ.

કુંડામાં વાવેલા છોડની કૂંપળો ચકલાં ખાઇ જતાં હોય તો કાગડા કે કબૂતરનાં પાંચ-છ પીછાં ભેગાં કરી ત્યાં બાંધી રાખવાં.

ફઈબાની ફાકી

ગૅસ, શરદી, સળેખમ વગેરે માટે નીચે જણાવેલી ફાકી, એકથી બે ચમચા, દિવસમાં એક યા બે વખત લેવાથી ફાયદો થાય છે:

સૂંઠ, ફુલાવેલી હીંગ, હિમજ, પીપર, જવખાર, અજમો, અજમોદ, વાવડિંગ, મરી, દરેક ૨૫ ગ્રામ; અને સિંધાલૂણ, વડાગરું મીઠું તથા સંચળ દરેક ૧૫ ગ્રામ લઇને બારીક ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ગૅસ, અજીર્ણ, અપચો, શરદી વગેરે માટે છે. મેદવાળા ને વાયુની તકલીફવાળા માટે તે વધારે સારું છે.

પણ જેમને બ્લડપ્રેશર હોય, સોજા રહેતા હોય કે કિડનીની તકલીફ હોય તેમણે ન લેવું. તેમજ જેમના શરીરે ગડગુમડ, ચાંદાં કે વ્રણ હોય તેમણે પણ આવી દવાઓ બહુ ન લેવી જોઇએ. (હિંમતલાલ વી. જાની)

સાસરે જતાં શરૂઆતમાં જ અન્યાય, ટકટક કે કનડગત જેવું લાગે તો નવવધૂએ 'હા જી', 'વારું', 'ભૂલ થઇ ગઇ' એ ત્રણ શબ્દોથી વધારે કંઈ જ બોલવું નહિ. એ જ રીતે કામની બાબતમાં 'સમયસર કામ' અને 'યોગ્ય સ્થાને ચીજો' એ બે મંત્રો આત્મસાત કરવા, આથી સાસરિયાં સાથેનો સંઘર્ષ દૂર થઈ સંસાર સુખી થશે.


પિતાએ પુત્રીને કહ્યું: 'બેબી, તને એક ખુશ ખબર આપું: તારો નાનો ભાઈ જન્મ્યો છે!'

'હું...' બેબીએ આનંદથી કહ્યું: 'ઊભા રહો, હું બાને ખબર આપી આવું!'

શતરંજ .... સુરેશ મોદી

ઈ. ૧૯૨૭માં કાપાબ્લાન્કાને હરાવીને વિશ્વવિજેતા બનનાર ઍલેક્ઝાંડર અલેખાઈન શતરંજના સૌથી મહાન ખેલાડી ગણાય છે. ૧૯૩૫-'૩૭નાં વર્ષો બાદ કરતાં છેક પોતાના મૃત્યુ સુધી તેઓ ચૅમ્પીઅન રહ્યા હતા. એમની રમતોમાં ઘણાં સરસ કૉમ્બિનેશન્સ જોવા મળે છે. શતરંજનું પાટિયું જોયા વિના પણ તેઓ એક સાથે અનેક (બ્લાઇન્ડ ફૉલ્ડ) રમત રમી શકતા. અહીં એમની એક આવી રમતમાંનું કૉમ્બિનેશન જોઇએ.

FELDT



ALEKHINE

સફેદે રમવાનું છે.

આ હજી તો રમતનો શરૂઆતનો તબક્કો જ છે, છતાં અલેખાઇનને તેમાં યે માત્ર ચાર જ ચાલમાં જીતવાનું કૉમ્બિનેશન મળી ગયું.

1 Q–K2. પોતાના મહોરાના વિકાસ માટે સારી ચાલ તો છે જ, પણ સાથોસાથ એક કૉમ્બિનેશનની શરૂઆત થાય છે. કાળો પોતાના QB માટે તીરકસ (ડાયાગૉનલ) માર્ગ ખુલ્લો કરતી ચાલ ચાલે છે.

1..., P–B4; 2N–B7!

ઘોડાનો ભોગ આપતી સુંદર ચાલ. જો કાળો ભોગ ન સ્વીકારે અને વજીર ખસેડે તો એક સુંદર દષ્ટાંત જોવા મળે. જેમ કે 2..., Q–B1; 3Q×P અને પછી 4N–R6 dble.ch., K–R1; 5 Q–N8ch., R×Q; 6 N–B7 mate.

2..., K×N; 3Q×Pch!

ઘોડા પછી વજીરનો ભોગ આપે છે, પણ તે સ્વીકારાય તેમ નથી. કારણ 3..., K×Q; 4 N–N5 mate થાય.

3..., K–N3; 4 P–KN4. અને હવે 5 B×P mate અને 5 N–R4 mateની ધમકી સામે કોઈ ઉપાય નથી માટે 4..., Resigns.

અલેખાઈનનાં બીજાં કૉમ્બિનેશન્સ પણ આપણે જોઈશું, પણ તે પહેલાં વચ્ચે મે-જૂનમાં ઍંગ્લોરમાં રમાનારી રાષ્ટ્રીય 'બી' ટુર્નામેન્ટમાંથી થોડી રમતો જોઈશું.

આ વખતની ટુર્નામેન્ટમાં ગુજરાતના ખેલાડીઓ ભાગ લઈ શક્યા છે એ આનંદદાયક છે. આ ખેલાડીઓમાં—શ્રી પ્રફુલ્લ દવે (સુકાની) છેલ્લાં બે વર્ષથી ગુજરાતના શ્રેષ્ઠ ખેલાડી પુરવાર થયા છે. ઈ. ૧૯૬૧, '૬૩ અને '૬૬ની રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં તથા '૬૮ની ટીમ ટુર્નામેન્ટમાં રમેલા છે અને લાઇફ ઇન્સ્યો. કૉર્પો.ના અખિલ ભારત ચૅમ્પીઅન હોઈ ગુજરાતના સૌથી વધુ અનુભવી ખેલાડી છે.

શ્રી સુરેશ દવે ૧૯૬૨, '૬૩ અને '૬૫ના ગુજરાતના ચૅમ્પીઅન તથા ગુજરાત બહાર સૌથી સારી રમત બતાવનાર યુવાન ખેલાડી છે. ૧૯૬૩ની મુંબાઈની ટુર્નામેન્ટમાં એમણે વહી, હુસેનઅલી અને દત્તા જેવા જાણીતા રમનારાને તથા રૂસી માદન જેવા સાથે ડ્રૉ લઈને નામના મેળવીને પ્રથમ પાંચમાં આવી જવાની આશા જગાડી હતી પણ પાછળથી એમની રમત જરા નબળી પડી ગએલી. મુંબાઈના ખેલાડીઓ ને વિવેચકોએ ભારતના ઊગતા સિતારા તરીકે એમની ગણના કરી હતી, પરંતુ કેટલાક કારણોસર તેઓ રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકેલા નહિ.

શ્રી ઇન્દ્રવદન મોદી ૧૯૬૪માં ગુજરાતના ચૅમ્પીઅન થયા ત્યારે એમનો પરિચય 'કુમાર'માં આપ્યો હતો. સૌરાષ્ટ્રના તેઓ શ્રેષ્ઠ ખેલાડી ગણાતા હોઈ ભાવનગરના શતરંજ ક્ષેત્રમાં એક પ્રેરણા સમ બની રહ્યા છે.

શ્રી સતીશ દલાલ. ૨૪ વર્ષના આ યુવાન પહેલી જ વાર રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમવાના છે. એમનું સૈદ્ધાંતિક જ્ઞાન સારું ગણાય છે. આ અનુભવ એમને ભવિષ્યમાં વધુ આગળ આવવામાં ઉપયોગી નીવડશે.

આ ટુર્નામેન્ટમાંથી પહેલા ૧૦ ખેલાડી અને પૂનામાં રમાએલી છેલ્લી રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાંના પ્રથમ ૬ મળીને છેવટની ફાઈનલ ટુર્નામેન્ટ રમાશે. સાધારણરીતે આમાં ગુજરાતના કોઈ ખેલાડી આવે એમ મનાતું નથી છતાં શ્રી ભટ્ટ અને શ્રી દવે માટે થોડી આશા બાંધવી વધુ પડતી નહિ ગણાય. શ્રી ભટ્ટને પૂરતો અનુભવ છે અને વિવેચકોની ગણતરી ઊંધી વાળવાની એમનામાં શક્તિ પણ છે જ્યારે શ્રી દવે જો કે ઘણા સમયથી મોટી ટુર્નામેન્ટના સંપર્કમાં રહી શક્યા નથી છતાં એમની ૧૯૬૩ની રમત જોતાં તેઓ આગળ આવી જાય તો નવાઈ નહિ.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ગળમાણું · સરવાણી

સૌરાષ્ટ્રમાં કેટલાક પ્રદેશમાં 'ગળમાણું' નામની, ગોળની એક મીઠી પેય વાની પ્રચલિત છે. જોડણીકોશ તેને 'ગળ્યું' શબ્દની સાથે જોડે છે, પણ આ અટકળ અધ્ધર લગાવેલી છે.

'ગળમાણું'ના મૂળમાં 'ગુડ' (=ગોળ) અને 'પાનક' (=વિશિષ્ટ રીતે તૈયાર કરેલું પેય) એ શબ્દો છે. 'ગુલવાણઉં' એવા વચગાળાના રૂપ ઉપરથી 'ગુળમાણું' દ્વારા 'ગળમાણું' શબ્દ મળ્યો છે.

ખાસ તૈયાર કરેલા શરબત વગેરે જેવા સ્વાદિષ્ટ પેય માટે સંસ્કૃતમાં 'પાનક' શબ્દ જાણીતો છે. પાનકમાં જે વસ્તુ મુખ્ય હોય તેને આધારે તેનું નામ પડતું. પાછલા ઘટક તરીકે રહેલા 'પાનક'નું ઉચ્ચારણ બદલાઇને 'વાણું' કે 'વાણાં' (બહુવચન) થઈ ગયું. જૂની ગુજરાતીમાં ભોજનપદ્ધતિનાં વર્ણનોમાં – ભોજનવર્ણકોમાં જે 'દ્રાખવાણા', 'સાકરવાણા', 'દાડિમવાણા', 'આંબિલીવાણા' વગેરેનો ઉલ્લેખ છે, ત્યાં દ્રાક્ષ વગેરેનાં શરબત જેવાં પેયનું તાત્પર્ય છે. આવાં પેય ભોજનની વચ્ચે લેવાની પ્રથા હતી. ક્વચિત 'દ્રાખવાણી', 'સાકરવાણી' એવાં રૂપ પણ મળે છે. ત્યાં 'વાણી' એ સંસ્કૃત 'પાનીય' (=પાણી)નો વિકાર છે. 'દ્રાખવાણા' એટલે 'દ્રાક્ષાપાનક' અને 'દ્રાખવાણી' એટલે 'દ્રાક્ષાપાનીય'. આંબલીનું આવું મીઠું પીણું કેટલેક સ્થળે હજી પણ 'આંબલવાણું' કહેવાય છે.

'દ્રાખવાણી' વગેરે રૂપો આપણને 'સરવાણી' શબ્દના મૂળની થોડીક ભાળ આપે છે. તેમાં પણ પાછલો અંશ 'વાણી' છે. 'સરવું' એની સાથે આ શબ્દનું મૂળ જોડાએલું હોવાની જોડણીકોશની અટકળ પણ ખોટી ઠરે છે. સંસ્કૃત 'સરિત્' અને 'પાનીય' ઉપરથી પ્રાકૃત અપભ્રંશમાં 'સરિવાણીય' બને. પછી 'સરિવાણી', 'સરવાણી'. અર્થમાં આવેલો વળાંક સહેજે સમજી શકાય તેવો છે.

હરિવલ્લભ ભાયાણી

એક આસ્વાદ

મહાપુરુષોના જીવનવૃત્તાંતને તત્કાલીન સમાજનો ઇતિહાસ જ નહિ બલ્કે સારો ય સમાજની આશાની ઇતિ ગણી શકાય. તેમાં યે, દક્ષિણ આફ્રિકાને આખરની અલવિદા આપીને હિંદમાં કાયમી વસવાટ માટે આવ્યા ત્યાંથી તે એક ધર્માંધ હિન્દુની ગોળીનું નિશાન બનવા સુધીનું ગાંધીજીનું જીવન દેશના આધુનિક ઇતિહાસની પ્રસ્તાવનારૂપ હતું. એમના રાજકીય-બિનરાજકીય વિચારો વિવાદાસ્પદ છતાં માનનીય અને મૌલિક રહેતા. એવા એ જીવનના અમુક ચૂંટેલા પ્રસંગો માત્ર પ્રબોધક જ નહિ પણ પ્રેરણાદાયી પણ થાય. નવલકથાલેખક અને ચરિત્રકથાલેખક વચ્ચે એક મુખ્ય તફાવત હોય છે. એક, વાચકની અભિરુચિને પુલકિત કરે એવા પ્રસંગોનું નિરૂપણ કરે છે, જ્યારે બીજો ઉપસ્થિત પ્રસંગોના નર્મમર્મને હાનિ આવવા દીધા વિના, રોચક રીતે ઘટનાનું નિરૂપણ કરે છે. બંને જણાની ચિંતા તો–એક અમેરિકન લેખકના શબ્દોમાં કહું તો–'વાચક બીજું એક પાનું વાંચશે કે નહિ' એ હોય છે. આપણા આ લેખક (નારાયણ દેસાઇ) તો બીજું એક પાનું નહિ પણ જ્યાં સુધી આખું પુસ્તક એક બેઠકે પૂરું ન કરાવે ત્યાં સુધી જંપે એવા નથી.

પુસ્તકનું પ્રથમ પ્રકરણ જ લેખકની અભિનવ તાજગી અને કલામય સંવેદનની સાહેદી આપે છે. પ્રકરણનું નામ છે 'મંગલ મંદિર ખોલો'—બાળકની ગાંધીજીના હૃદયમંદિરમાં પહોંચવાની ચાવી. ઘંટના નાદે ક્રિયાશીલ રહેતા આશ્રમમાં, ઘંટ વાગી ગયા પછી ભલો ભગવાન પણ સહાય ન કરી શકે. એક વાર નાનકડો નારાયણ ભોજનખંડના દ્વાર પાસે પહોંચે છે તો ઘંટ વાગી ગયો હોય છે. પ્રવેશદ્વાર થયું છે બંધ. નાનકડા બાળકની કલ્પનાભોમમાં અંદર પીરસાતી ખીચડી, શાક, દૂધ, ડબલ રોટી વગેરે હુલ્લડ મચાવે છે. હવે શું કરવું? નિર્દોષ બાળક ગાઈ ઊઠે છે: 'મંગલ મંદિર ખોલો.' દયામય ગાંધીના અંતર સુધી આ ગીતધ્વનિ પહોંચી ગયો ને 'રસોડાનાં બંધ બારણાં બાબલા માટે ખૂલી ગયાં.'

બાપુની પ્રાર્થના તો જગજાહેર. એવી એ પ્રાર્થનામાં આ બાળવૃંદ 'કોઈ વાર ભાઈઓની હારમાં બેસીએ ત્યારે કોઈ એકાદ વિશિષ્ટ વ્યક્તિને ખોળી કાઢી અમે એના ચાળા પાડવામાં અમારી સમગ્ર એકાગ્રતા સાધતા; તો કોઈ વાર વળી બહેનોની હારમાં બેસીને ઈશ્વર સાથે મેળ કરવા ઇચ્છતી, જોડેજોડે બેઠેલી બહેનોના ચોટલા હળવેકથી જોડી દેવામાં અમે સાર્થકતા અનુભવતા." વાત પહોંચી છેક બાપુજીની કચેરીમાં. ચુકાદો આવ્યો—બાળકોના બાપુ જ આપી શકે એવો—'આપણી પ્રાર્થનામાં એ છોકરાઓને રસ શી રીતે પડે? એમને સારુ અલગ પ્રાર્થના ગોઠવો.' આ પ્રાર્થના પછી થતી વાતોમાંથી 'કિષ્કિંધા કાંડ' અને 'લંકાકાંડ'ની વાતોની કદાચ સૌથી વધુ પ્રત્યક્ષ અસર એ વાનરસેના પર થતી. પણ, આમ જુઓ તો, આ બાળકનૈયાઓ ઉપર ગાંધીજીના જીવનની પ્રત્યક્ષ પરોક્ષ અસર ઓછી નહિ. નહિ તો આશ્રમ બતાવવા સારુ બે આના આપનાર અમેરિકન બાઈના દુભાષિયાને 'ના હું કાંઈ પૈસા ખાતર તમને ફેરવતો નથી. મને આ કામ બાપુ તરફથી સોંપવામાં આવ્યું છે. તમારે પૈસા આપવા હોય તો આશ્રમના વ્યવસ્થાપકને આપજો. મારે એ ન ખપે.' એમ કોઈ બાળક કહે ખરું? આમ છતાં એ જ બાળક તે જમાનાની અંગ્રેજ સરકારની છૂપી પોલીસને 'આજકાલ ગાંધીજી કડવા લીમડાના પાનની ચટણી બનાવવાનો પ્રયોગ કરે છે' જેવી બાતમી, પીપરમીટ-ટીકડીને લોભે, આપી દે છે ખરો. અને એ વાત ભલા ઈસ્માઈલભાઈ (સી. આઈ. ડી.) ખૂબ જ કાળજીપૂર્વક પોતાની નોંધપોથીમાં નોંધી પણ લેતા!

આવી તો કેટલી યે વાતો નોંધી શકાય. વિદેશી રમકડે 'આપણાથી' ન રમાય એમ સમજાવવા માટે બાળકોની જ્ઞાતિમાં ભળી જતા બાપુ, અને બાળકોનો પક્ષ લઈ બાળકોના સ્વજન બની જતા બાપુ બાળદિલમાં કેવું ગૌરવભર્યું સ્થાન લઈ લે છે તે જોવું હોય તો 'પૂરા પ્રેમીજન જોને' પ્રકરણ વાંચવું. ના, માત્ર એકાદ પ્રકરણ વાંચવાથી ગાંધીજીના નાનાવિધ વ્યક્તિત્વનો ખયાલ ન જ આવે. બાબલાની બીમારી વખતે ખુદ 'બાબલાના બાપા'ને પણ વઢી નાખતા બાપુ અને આશ્રમની કોઈ પણ એક વ્યક્તિના દુઃખને સામૂહિકરીતે વહેંચી હળવું બનાવી દેતા ગાંધી જ 'કાગડાને મોતે મરીશ, પણ સ્વરાજ ન મળે ત્યાં સુધી આ આશ્રમમાં પગ નહિ મૂકું'નું અસિધારાવ્રત લે છે. 'સરકાર કિસાનોની જમીન છીનવી લે તો આશ્રમ પોતાની સંપત્તિ શા સારુ રાખે?' એમ કહી સ્વેચ્છાએ આશ્રમ સરકારને હવાલે કરી દેતા મહાત્માના જીવન-નવનીતના મંગળ પ્રસંગોથી આ નાનકડા પુસ્તકનું એકેએક પાનું અભિશિક્ત થયું છે.

ગાગરમાં સાગર સમાવવો એ કાંઈ કાચાપોચા લેખકનું કામ નથી. પણ લેખકના પોતાના જ શબ્દોમાં કહીએ તો આ લેખકને 'કોણ જાણે કયા જન્મના પુણ્યે આ જન્મે 'સદા સત્સંગ લાધ્યો છે' અને એથી જ 'શૈશવ

પોતે જ જીવનના દરેક દિવસમાં હર્ષનું કુમકુમ ઘોળે એમ છે. તેમાં અહીં તો ફૂદીબંધ બાળકોનો કલબલ કરતો માળો, ને કલબલ કરતી સાબરમતી નદી, ને જીવનનો આનંદ લૂંટતા અને લૂંટાવતા કાકાસાહેબ જેવા આચાર્યો, સત્યાગ્રહના શુષ્ક વાતાવરણમાં પણ 'ચિત્રાંગદા' અને 'વિદાય અભિશાપ' ગુજરાતીમાં ઉતારે તેવા રસિક વડીલોનો ખોળો ને ભક્તિ અને સંગીત ભેળા મળીને અવતાર લીધો હોય તેવા પંડિતજી (ખરે)ના સ્વરો ભળ્યા હતા.'

પ્રસંગોની હારમાળામાં એકથી એક ચડે એવા પ્રસંગો અને ચિત્રો આવે ત્યારે આપણી નીર-ક્ષીર દૃષ્ટિને આહ્વાન મળે. ગાંધીજીને પરેશાન કરતા, ટ્રેઈનમાં એમના ડબ્બામાં બળજબરીથી ચડી જતા, ને-'કૈસે બદતમીઝ લોગ હોતે હૈ. ગાંધીજી કે સામને જૂઠ બોલને મેં ભી ઇન્હે શર્મ નહીં આતી'—કહેતા જવાહરલાલના મિજાજનો મેથીપાક ખાતા મુસાફરોનું વર્ણન, કે મૈસુર રાજ્યના 'દુનિયાની અજાયબી જેવા સુંદર ગેરસપ્પા ધોધ કે કમ્મર પર દોરડાં બાંધીને ધોધની પછવાડેની બખોલમાં કબૂતરોએ સંઘરેલા અનાજમાંથી થોડું લઈ પોતાનું પેટ ભરવા સારુ જાનને જોખમે નીચે ઊતરતા ગરીબોનું વર્ણન, કે કોઈ પણ વ્યક્તિના દિલને હચમચાવી દે એવું 'ભણસાળીકાકા'નું અને 'બાના ચિરંજીવ સતીત્વ'નું વંદનીય ચિત્ર–આ બધા કયાને યાદ રાખીશું અને કયાને ભૂલીશું? માત્ર મહાત્માનો જ પુત્ર કહી શકે એવા — 'તમને તો મારે એટલું જ કહેવાનું છે કે બાના પુણ્યે જ તમે આટલા મોટા થયા છો એ ભૂલશો મા–' એ હરિલાલકાકાના આ શબ્દોને કયા વાચકની સ્મૃતિ વિસ્મરી શકશે?

સ્વામી આનંદના શબ્દોમાં કહીએ તો: 'આખી ચોપડી એક ઊર્મિલ કાવ્ય સમી છે... સ્વ મહાદેવભાઈનો સરસ્વતીનો અને સ્વ. દુર્ગાબહેનનો ભક્તિનો વારસો બેઉ એનામાં (લેખકમાં) સામટા ઠલવાયા છે. ઉપરાંત નરવો કુદ્રતી મારીને ઝડપી લે એવી ચોપડી વર્ષો કે દાયકાઓ પછી મેં વાંચી હોય તો તે આ.'

આપણે પણ એ વાંચવી ન જ ચૂકીએ. હા, જે પુસ્તકનું નામ 'બાબલો અને બાપુ' રાખવાનું મન થાય તેનું આવું અઘરું નામ ('સંત સેવતાં સુકૃત વાધે') જોઈ કદાચ અનેક 'બાબલાઓ' આ પુસ્તકથી દૂર ભાગે. આપણે તો એ બાબલાઓને એટલું જ કહીશું: 'માંહી પડ્યા તે મહાસુખ માણે'. (બાલગોવિંદ કુબેરદાસની કં., ગાંધી માર્ગ, અમદાવાદ-૧, પૃ. ૧૬૦, પાકું પૂઠું, રૂ. ૩–૦૦).

પાણિનિ: વ્યાકરણશાસ્ત્રી અને કવિ

લગભગ બે હજાર સાતસો વર્ષ પર ભારતની ઉત્તર-પશ્ચિમે તક્ષશિલામાં વિશ્વવિખ્યાત વિદ્યાપીઠમાં ઉપાધ્યાય વર્ષ નામે આચાર્યના ચરણે બેસી 'પણિ'નો પુત્ર વ્યાકરણશાસ્ત્રનો અભ્યાસ કરતો હતો. આ 'પણિપુત્ર' અનન્ય ગુરુભક્ત અને નમ્રતાની મૂર્તિ હતો. એની સેવાપરાયણતા તથા વિદ્યાનિષ્ઠાએ એને સૌ અધ્યાપકો તથા ગુરુકુલવાસીઓનો લાડીલો બનાવ્યો હતો. પરંતુ, એની બુદ્ધિ એટલી જડ હતી કે અધ્યાપકોનો અથાક પ્રયત્ન, અને પોતાની અનન્ય મહેનત છતાં યે એમાં કાંઈ જ પ્રવેશતું ન હતું, અને પ્રવેશે તો ટકતું ન હતું. છતાં એના અનેક ગુણોથી આકર્ષાઈ સૌ એને નિભાવ્યે જતા.

પણ આખરે એની ધીરજને હદ આવી ગઈ. પોતાની હઠીલી મંદતા માટે એને તિરસ્કાર છૂટ્યો, અને એક વહેલી સવારે હતાશ તેમ જ ભગ્નહૃદયે એ ગુરુકુળને નમસ્કાર કરી ગુપચુપ ચાલી નીકળ્યો. દસેક દિવસ પછી દૂર દૂર ભટકતો પાણિનિ એક કૂવાની નજીક બેઠો હતો ત્યાં એણે પનિહારીઓને પાણી ભરતી જોઈ. ભૂખ અને તરસથી વ્યાકુળ પાણિનિએ પાણી પીવા કૂવાકાંઠે જઈ વિનંતી કરી. પાણી પીતાં પીતાં એની નજર રાશથી ઘસાએલા કાંઠાના પથ્થરો પર પડી. એના મનમાં અપૂર્વ મંથન ચાલ્યું: 'પથ્થર જેવા પથ્થરમાં યે જો દોરડાના લસરકાથી નીકો થાય તો હું માણસ થઈને કાંઈ જ ન શીખી શકું? જરૂર મેં પરિશ્રમ કરવામાં મણા રાખી છે, નહિ તો મને કંઈ જ ન આવડે એમ કેમ બને? આખો દિવસ આ બેચેનીપૂર્ણ મનોમંથનમાં વિતાવી બીજા દિવસની સવારે પાણિનિ ઉત્તર તરફ ગયો. ત્યાં ફરી વિદ્યાભ્યાસ શરૂ કરી અનેક વર્ષોના ઘોર પરિશ્રમને અંતે એક દિવસે સિદ્ધકામ પાણિનિ હિમાલય છોડી પાટલીપુત્ર (હાલનું પટણા) આવ્યા. ત્યાંના ગુરુકુળના મુખ્યાચાર્ય વરરુચિ તક્ષશિલામાં પાણિનિના સહાધ્યાયી હતા. વરરુચિની વ્યાકરણશાસ્ત્રની વિદ્વત્તાની ખ્યાતિ-દિગંતમાં પ્રસરી હતી. આ બંને સહાધ્યાયીઓએ વ્યાકરણશાસ્ત્રના સિદ્ધાન્તો પર દિવસો સુધી વિવાદ કર્યો ને આખરે વરરુચિએ પાણિનિની અપૂર્વ પ્રતિભા આગળ શિર નમાવ્યું.

* સરખાવો: દલપત-કવિતા—

કૂવા પરના કઠણ પણ પાકા કાળા પ્હાણ,
દોરડીએ છેદાય છે, એ લેહું એંધાણ.

સંસારની કોઈ ભાષામાં કોઈ 'વ્યાકરણ-ગ્રંથ' સદીઓ સુધી પ્રમાણભૂત રહ્યાનું જાણમાં નથી. પરંતુ એક વખતના પાષાણબુદ્ધિ પાણિનિએ રચેલું સંસ્કૃત વ્યાકરણ આજે ૨૭ સદીઓ વીત્યા છતાં અનુપમ રહ્યું છે. પતંજલિ જેવા મહર્ષિએ એના પર મહાભાષ્ય લખ્યું. વૈયાકરણોએ એના પર ટીકા-ટિપ્પણો રચી પોતાની ધુરંધર પ્રતિભાને ચમકાવી. પાણિનિનાં સૂત્રો 'આર્ષવાણી'નું ગૌરવ પામ્યાં. એનું સર્જન બુદ્ધિના પરમ પ્રકર્ષનો અજોડ નમૂનો છે.

પરંતુ પાણિનિ માત્ર શુષ્ક વૈયાકરણ જ ન હતા. પાણિનિનાં કાવ્યો બુદ્ધ પહેલાંના સંસ્કૃત સાહિત્યના પ્રકર્ષનો સુંદર નમૂનો પૂરો પાડે છે. એણે 'પાતાલવિજય' નામે મહાકાવ્ય રચ્યાના પણ ઉલ્લેખો મળે છે. એમની ગણીગાંઠી રચનાઓએ પણ એમને મહાકવિનું ગૌરવ અપાવ્યું છે. એક નમૂનો જોઈએ:

ऐन्द्रं धनुः पाण्डुपयोधरेण
शरद् दधानार्द्रनखक्षताभम्।
प्रसादयन्ती सकलङ्कमिन्दुं
तापंरवेरभ्यधिकं चकार॥

[અર્થ: ભૂરા પયોધર પર તાજા જ નખક્ષત જેવા ઇન્દ્રધનુષને ધારણ કરતી (નાયિકા) શરદ, કલંકી ચંદ્ર (રૂપી યાર)ને રીઝવે છે, અને એમ કરી નાયક સૂર્યનો સંતાપ વધારે છે.]
(સમર્પણ) —ભાઈશંકર પુરોહિત

નવાં પ્રકાશનો

સ્વાસ્થ્ય-દર્શન: જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીના વિજ્ઞાન વિદ્યાશાખાના આ ત્રીજા ગ્રંથમાં સરળભાષામાં તબીબી વિદ્યાનો ઇતિહાસ, શરીરક્રિયા વિજ્ઞાન, રોગોત્પાદક પરિબળો, નિદાન અને ચિકિત્સા, શસ્ત્રક્રિયા-વિજ્ઞાન, આરોગ્ય અને આહાર, માનસિક સ્વાસ્થ્ય અને શતાયુનો રાજમાર્ગ એ આઠ પ્રકરણોમાં ૩૨ જેટલા લેખો. ડૉ. આર. એમ. ભટ્ટ, ડૉ. જે. ડી. પાઠક, ડૉ. દામોદર બલર, ડૉ. ભાસ્કર વ્યાસ, બંસીધર ગાંધી, ડૉ. એમ. એમ. ત્રિવેદી અને બાપાલાલ ગ. વૈદ્ય જેવા અધિકારી લેખકોના સચિત્ર અભ્યસનીય લેખો ઉપરાંત નેચરોપથી, હોમિયોપથી અને ફિઝિયોથીરપી તથા એન્ઝાઈમનો પરિચય આપતાં પરિશિષ્ટો ને શબ્દસૂચિ પુસ્તકની ઉપયોગિતા ઘણી વધારે છે. પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. પૃ. ૨૭૨, પાકું પૂઠું, રૂ.૨૦.

મહાદેવભાઈની ડાયરી–૯ અને અન્ય લેખો: ૧–૧–'૨૬થી ૨૦-૧૨–'૨૬ દરમિયાનની આ નોંધમાં સાબરમતી આશ્રમ, કાનપુર કૉંગ્રેસ અધિવેશન અને વર્ધા આશ્રમની વિગતો છે. સંપાદક: ચંદુલાલ ભગુભાઈ દલાલ; પ્રકાશક: સાબરમતી આશ્રમ સુરક્ષા

ગાલિબનાં પદ્ય અને ગદ્ય

ગાલિબનું જીવન પારાવાર વેદનાઓથી સભર હતું. આ દુઃખ અને વેદના ગાલિબના કાવ્યમાં શાશ્વતીનો પારસસ્પર્શ પામ્યાં.

સાત સાત સંતાનો થયાં, પણ કોઈ ન જીવ્યું. આખરે ભાણેજ આરિફને દત્તક લીધો, એ પણ જુવાન વયે મૃત્યુ પામ્યો. આ મૃત્યુએ ગાલિબને મોટો આઘાત પહોંચાડચો. આ વેદનામાંથી એમણે એક કવિતા લખી. વ્યથાની પરાકાષ્ઠા સમી એ ગઝલનો એક શે'ર જોઇએ:

તુમ કૌનસે થે ઐસે ખરે, દાદો-સતદકે;
કરતા મલકુલ-મૌત તકાઝા, કોઈ દિન ઔર.

(તું એવો તે કેવો મોટો શાહુકાર બની ગયો કે યમરાજા આંગણે આવીને ઊભા અને જીવ માગ્યો કે તરત જ તેં તારો જીવ કાઢી આપ્યો? યમરાજને થોડા દિવસ રાહ જોવા દીધી હોત તો શું ખોટ થઈ જાત?)

ગાલિબને પ્રશસ્તિકાવ્યો પણ લખવાં પડેલાં. છતાં એમાં યે એની કાવ્યછટાઓ તો આવતી જ. એવી એક કડી જોઈએ:

દિયા હૈ ખલ્ક કો ભી, તા ઉસે નજર ન લગે;
બના હૈ ઐશ તજમ્મુલહુસેનખાં કે લિયે.

(સુખ આમ તો તજમ્મુલહુસેનખાં માટે જ સર્જવામાં આવ્યું હતું; પણ પછી એ થોડુંથોડું આખી દુનિયાને વહેંચી દીધું,—તજમ્મુલ હુસેનખાંને નજર ન લાગે એટલા માટે!)

ગાલિબે ફારસી ભાષામાં યે કાવ્યો લખ્યાં છે. પણ એ ચિરંજીવ તો બન્યાં એમનાં ઉર્દૂ કાવ્યોને લીધે જ. ઉર્દૂમાં ગાલિબને પરંપરા ઊભી કરવાની હતી. મીર તકી મીરે થોડું પાયાનું કામ કર્યું હતું, છતાં ઉર્દૂ કવિતાને અદ્‌ભુત રંગ આપ્યો ગાલિબે જ. ઉર્દૂના એ પછીના તમામ કવિઓ કોઈ ને કોઈ રીતે ગાલિબના ઋણી બન્યા છે. ગાલિબે પોતાની ગઝલોમાં ગઝલ કરતાં યે વિશાળ કાવ્યરૂપની ઝંખના વ્યક્ત કરી. નવા વિચારો, પરિવર્તનની હવા, રૂઢ પ્રતીકોને નવપ્રાણિત કરવાનો—યા છોડવાનો આગ્રહ, આ બધું ગાલિબને કારણે બન્યું.

ગાલિબે ઉર્દૂ ભાષાના પદ્યમાં જેમ પાયાનું કામ કર્યું છે, એમ ગદ્યમાં પણ એમનું નક્કર અર્પણ છે એમના પત્રો;—એવા પત્રો કે જે મેળવવા માટે એમના સમયમાં જીવવાનું, એમના મિત્ર બનવાનું મન થાય!

પત્રો જાણે તેઓ વાતચીત કરતા હોય એવા છે. એક આરંભ કરે છે: 'અરે, કોઈ છે? જરા યુસુફ મિર્ઝાને બોલાવો. લ્યો, સાહેબ આવ્યા ખરા!' બીજા એક પત્રમાં લખે છે: 'આવો ભાઈ, મઝામાં ને? બેસો.'

ગાલિબના પત્રોમાં એમની પત્રલેખનની વિશિષ્ટ શૈલી ઉપરાંત એમના વ્યક્તિત્વ, ૧૮૫૭ની ક્રાંતિ પછીના દિલ્હીની હાલત, પોતાની હાલતની વ્યથા, કવિતા અંગેના તેમના વિચારો વગેરેનો આછો ખયાલ આવી જાય છે. 'દીવાન એ-ગાલિબ' કરતાં પણ વધુ હળદાર એમના પત્રોનો સંગ્રહ છે. એમાં આપણે કવિને બોલતા, આપણી સાથે વાત કરતા સાંભળી શકીએ છીએ. નમૂના તરીકે એમનો છેલ્લો પત્ર વાંચીએ. મૃત્યુ પહેલાં થોડાક સમયે જ આ પત્ર લખાયો હતો: ઉર્દૂ ભાષાના જ નહિ, ભારતના મહાન કવિ તરીકે પૂજાતા આ કવિના આખરી દિવસો કેવા હતા, અને કેવી મનસ્થિતિમાં એ સમય પસાર કરતા હતા તેનો ખયાલ આપણને આ પત્ર પરથી આવે છે:

'(આ) ફકીરે હવે કવિતા ન લખવાની અને કોઈની કવિતા સુધારી ન દેવાની પ્રતિજ્ઞા કરી છે. કવિતા સાંભળી તો શકતો જ નથી. બહેરો છું. કવિતા જોવી પણ ગમતી નથી. અત્યારે પંચોતેરનો થયો. પંદરનો હતો ત્યારથી કવિતા લખું છું. સાઠ વરસ સુધી બકવાદ કરતો રહ્યો. ન પ્રશંસાનું વાક્ય સાંભળવા મળ્યું, ન મળી ગઝલની દાદ.

સૌકોઈ ને કહું છું કે ભાઈ મને કવિઓની પંગતમાં ન મૂકતા, અને એ બાબત મને કોઈ કંઈ પૂછો પણ નહિ. —અસદુલ્લાહ ખાં'

સામાન્યરીતે પત્રની નીચે 'ગાલિબ' લખતા કવિએ આ પત્ર નીચે પોતાનું મૂળ નામ પૂરેપૂરું લખ્યું છે એ સૂચક છે. જિંદગીથી થાકેલા કવિ પોતાના કવિનામથી પણ ભડકી ઊઠચા હોય એમ લાગે છે!

[પરિચય-પુસ્તિકા શ્રેણીમાં પ્રકાશિત 'ગાલિબ'માં શ્રી હરીન્દ્ર દવે]

અને સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ-૧૩. પૃ. ૨૯૭, પાકું પૂઠું, રૂા. ૬-૦૦.

એક પળ ઋતુ બે: કીર્તિકુમાર હ. પંડ્યાની ૬૩ વાર્તાઓ. પ્રકાશક: શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ-૧ પૃ. ૧૮૦, કાચું પૂઠું, રૂા. ૬-૦૦.

પૂર્ણતાનો પંથ: સ્વામી રામકૃષ્ણાનંદના 'પાથ ટુ પર્ફેક્શન'નો ગુજરાતી અનુવાદ. કરનાર: નિરંજન ઉપાધ્યાય. પ્રકાશક: બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧ પૃ. ૧૬, કાચું પૂઠું, ૦-૫૦ પૈસા.

પદ્મ પરાગ: સ્વ. નાથાલાલ દત્તાણીની સારગર્ભ મર્માળી ચિંતનકણિકાઓ. બીજી આવૃત્તિ; સંપાદક: ડૉ. ચંદ્રકાન્ત દત્તાણી, પુનિત પ્રકાશન મંદિર, મણિનગર, અમદાવાદ-૮ પૃ. ૧૨૮; કાચું પૂઠું, રૂા. ૧-૨૦.

લોકગુર્જરી: અંક પાંચમો (૧૯૬૮). ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ (રાજ્ય શિક્ષણ ભવન, રાયખડ, અમદાવાદ)ના આ વાર્ષિકમાં ગુજરાતના લોકજીવનનાં વિવિધ પાસાં રજૂ કરતા સોળ અભ્યસનીય લેખોનું સંપાદન છે. સંપાદકો: શ્રી મંજુલાલ મજમુદાર, બચુભાઇ રાવત અને મનુભાઈ જોધાણી. પૃ. ૯૨, કાચું પૂઠું, રૂા. ૫-૦૦.

બાપુ: ગાંધી-શતાબ્દી નિમિત્તે એમના જન્મદિવસે એલિસબ્રિજ જુનિયર ચેમ્બર, અમદાવાદ-એ પ્રકટ કરેલી સચિત્ર સ્મરણિકા.

ભક્તિસાગર: આરતીઓ, પ્રાર્થનાઓ, સ્તોત્રો, હનુમાનચાલીસાની સચિત્ર પુસ્તિકા. પ્રકાશક: શ્રી પુસ્તક મંદિર, કૃષ્ણ સિનેમા સામે, અમદાવાદ-૧ પૃ. ૬૪, કાચું પૂઠું, ૪૦ પૈસા.

ઔદ્યોગિક માર્ગદર્શન: નવા ઉદ્યોગ શરૂ કરવા ઇચ્છનારને એ ક્ષેત્રની અનેક દિશાની માહિતી આપતું પુસ્તક; લે. ચંદ્રકાંત મો. પાઠક. પ્રાપ્તિસ્થાન: ગુજરાતના ઉદ્યોગોનું માહિતી કેન્દ્ર, મામાની પોળ, દેસાઈ બિલ્ડિંગ, પહેલે માળે, રાવપુરા, વડોદરા-૧. પૃ. ૨૦૩, પાકું પૂઠું, રૂા. ૬-૫૦+૧-૦૫ પોસ્ટેજ.

ગાંધીજીનો અક્ષરદેહ: મહાત્મા ગાંધીજીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેના સંગ્રહનું ૧૦મું પુસ્તક, જેમાં ૧૯૦૯ના નવેમ્બરથી ૧૯૧૧ના માર્ચ માસ સુધીના ગાળાને આવરી લેવામાં આવ્યો છે. કંટાળાજનક સ્થિતિમાં ચાર માસ સુધી ઈંગ્લંડમાં રોકાયા બાદ ગાંધીજી દ૦ આફ્રિકા તરફ પાછા ફર્યા ત્યાંથી આરંભ કરી તાજા જ પ્રકટ થએલા ઈમિગ્રન્ટ્સ ડિસ્ટ્રિક્શન બિલમાં સુધારો કરવા અંગે વાટાઘાટો ચલાવવા એમણે ધીરજપૂર્વક પ્રયાસો કર્યા ત્યાં સુધીની વિગતો આમાં છે. આ દરમિયાન ગાંધીજીના વિચારોની પરિપક્વતા નિર્ણયાત્મક તબક્કે પહોંચવા સુધીનો એમના આંતરિક વિકાસનો આમાં ખયાલ મળે છે. પ્ર૦: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪. પૃ. ૭૧૦. પાકું પૂઠું, રૂ. ૧૬-૫૦.

કલાવાર્તા

શિલ્પી
કાંતિલાલ કાપડિયા

ગુજરાતના જનસામાન્યની કલારુચિ કેળવવાનો હજી આરંભ થતો હતો એ કાળે દક્ષિણ ગુજરાતના ગણદેવી ગામમાં એક વિદ્યાર્થી ગામના દેસાઈજી કુટુંબમાંથી ને શાળાના પુસ્તકાલયમાંથી જે મળે તે સામગ્રીમાંથી કળાની પ્રેરણા પીતો હતો. આજે એ વિદ્યાર્થી જીવનની અનેક કડવી-મીઠી પરિસ્થિતિઓ વટાવીને વડોદરા યુનિવર્સિટીના કલા સંગ્રહાલયમાં અનેક વિદ્યાર્થીઓને શિલ્પકળાના પાઠ શીખવે છે. કાન્તિલાલ કાપડિયા એમનું નામ.

ઈ. ૧૯૩૧માં સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં જ્યારે એમણે પ્રવેશ લીધો ત્યારે પહેલી વાર મુંબાઈ જોયું. એ કલાશાળાનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ બે જ વર્ષમાં પૂરો કરી એમણે તૈલરંગમાં વાસ્તવાલેખન ને તસવીર-ચિત્રણામાં સારી સિદ્ધિ બતાવી. પણ દરમિયાન શિલ્પકળાની મોહિની લાગતાં એ શરૂ કરી, અને એનો પાંચ વર્ષનો અભ્યાસક્રમ ચાર વર્ષમાં પૂરો કરી એ સમયના પોતાના સહાધ્યાયી અને પાછળથી જાણીતા કલાકાર યુસુફઅલી ધાલા સાથે મળીને 'કાપડિયા-મર્ચન્ટ આર્ટ સ્ટૂડિયો' સ્થાપી કામ કરવા માંડયું. આ દરમિયાન બૉમ્બે પૉટરી ઍન્ડ ટાઈલ્સ લિમિ૰માં ત્રણેક માસ સિરામિક્સ સ્કલ્પટર તરીકે ધંધાદારી અનુભવ લીધો. થોડો સમય 'બૉમ્બે ટૉકીઝ'ના સ્ટૂડિયોમાં પણ શિલ્પી તરીકે કામ કર્યું.

આ અરસામાં સૂરતની નર્મદ સ્મારક સમિતિએ કવિ નર્મદની એક પ્રતિમા રચવા વિચાર્યું. તેની જાણ થતાં આ બંને મિત્રોએ સેવાભાવે એ કામ ઉપાડી લેવાનો પ્રસ્તાવ મૂકયો અને પરિણામે ૧૯૪૦માં કવિ નર્મદની જે સુંદર પ્રતિમા સર્જાઈ એની નોંધ ત્યારનાં 'મૉડર્ન રિવ્યૂ', 'ઈલસ્ટ્રેટેડ વીકલી' ને લંડનના 'ઈલસ્ટ્રેટેડ લંડન ન્યુસ' જેવાં સામયિકોમાં પ્રકટ થઈ, અને સમિતિએ આ બંને કલાકારોની જાહેરમાં કદર કરી. આ પ્રસંગથી સારી ખ્યાતિ મળતાં એમને ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજી, ઝંડુ ભટ્ટજી, વાડીલાલ સારાભાઈ, દેવકરણ મૂળજી વગેરેની પ્રતિમાઓ બનાવવાનું કામ મળ્યું. પણ બીજા વિશ્વયુદ્ધને કારણે અને ૧૯૪૨ની સ્વાતંત્ર્ય લડતને લીધે શિલ્પનું કામ મળવામાં ઘણી મંદી આવી પડી. યુસુફભાઈ જન્મભૂમિ પ્રેસમાં કલાકાર તરીકે જોડાઈ ગયા અને કાન્તિલાલ પત્નીની માંદગીને કારણે વતનમાં ચાલ્યા ગયા.

પણ બીજે જ વર્ષે ફરી મુંબાઈ આવી એમણે કલાકાર તરીકે સ્વતંત્ર કામ શરૂ કર્યું. એ સમયે વિક્રમની દ્વિસહસ્રાબ્દી ઊજવવાની યોજના વિચારાતી હતી એમાં વિક્રમ સંવતનાં બે હજાર વર્ષ દરમિયાન કલાસંસ્કારનો જે વિકાસ થયો એની રજૂઆત કરવાનો પણ એક ખયાલ હતો. આ અંગેની કલાસામગ્રી તૈયાર કરવાનું કામ કાંતિલાલને સોંપાયું અને એમણે એમાં અમરાવતીનો સ્તૂપ (જેનો નમૂનો હાલ મદ્રાસ મ્યૂઝિયમમાં છે), એલિફન્ટાની ત્રિમૂર્તિ, સારનાથ અને અજંતાના બુદ્ધ તથા બોરોબુદુરની પ્રજ્ઞાપારમિતાની વિખ્યાત પ્રતિમાઓની તાદૃશ અનુકૃતિઓ પ્રદર્શિત કરી ઘણી પ્રશંસા મેળવી.


ત્યાર પછી મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ માટે મુંબાઈ પાસે કાર્લામાં આવેલી ગુફાઓમાંની ઈ.સ. પૂર્વે બીજી સદીની સૂર્ય અને ઈન્દ્રની પ્રતિમાઓની પ્રતિકૃતિઓ પણ બનાવી આપી. વળી ચારેક દાયકા પર મુંબાઈમાં પરેલના નવા માર્ગનું ખોદાણ કરતાં, શિવનાં સાત સ્વરૂપો રજૂ કરતી એક બાર ફૂટ ઊંચી સર્વાંગ શિવમૂર્તિ મળી આવી જે લોકવિરોધને કારણે મ્યૂઝિયમમાં રાખી શકાઇ નહિ, એટલે એનો મૉલ્ડ લઇને તેમાંથી પણ એક પ્રતિકૃતિ એમણે તૈયાર કરી આપી. આ ઉપરાંત પણ બીજાં નાનાંમોટાં કામ કર્યાં, પરંતુ અનિયમિત આવક તથા નોકરી નહિ કરવાના પોતાના નિર્ણયને કારણે ઠીકઠીક મુશ્કેલીઓ વેઠી. અંતે એક ચિત્રકાર મિત્ર શ્રી



માતા અને બાળક. શ્રી કાંતિલાલે સીધું લાકડા પર કોતરેલું શિલ્પ

જયંતીલાલ ઠાકરના સહકારથી 'સ્ટૂડિયો શિલ્પભારતી' સ્થાપીને, સામાન્ય માણસો સુધી પહોંચી શકે એવા દરે, ભારતનાં ઉત્કૃષ્ટ શિલ્પોની નાની પ્રતિકૃતિઓ, તથા શિક્ષણસંસ્થાઓ માટે ત્રિપરિમાણ નકશા બનાવવા માંડયા. પણ આ કામમાં સારી એવી આર્થિક સહાય આપવા તૈયાર થનાર શ્રી ઠાકરના મોટા ભાઇ પોતે ધંધાકીય ભીંસમાં આવી પડતાં દસેક હજારના દેવા સાથે એમને સ્ટૂડિયો સંકેલી લેવો પડયો અને એ અરસામાં જ નવા પ્રકટ થએલા 'હિંદુસ્તાન' પત્રમાં કલાકાર તરીકે તેઓ જોડાઇ ગયા. આ વર્તમાનપત્ર પણ એકાદ વર્ષ પછી બંધ પડયું.

મે ૧૯૫૯માં પંડિત નેહરુની પ્રતિમા કરી રહેલા શ્રી કાંતિલાલ







ડૉ. રાધાકૃષ્ણન] શ્રી કાંતિલાલે સર્જેલી બે પ્રતિમાઓ [પંડિત નેહરુ

દરમિયાન ઈ. ૧૯૪૭થી '૫૧ના ગાળામાં એમણે સ્વ. ખીમજી નાગજી કોઠારી તથા શ્રીમતી કોઠારી, સર હોમી મહેતા, દયાળજી સૉલિસીટર, ફલી મહેતા વગેરેની શિલ્પપ્રતિમાઓ ઉપરાંત, કપડવણજ, અમરેલી, સિદ્ધપુર અને મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનને માટે ગાંધીજીની પ્રતિમાઓ તથા ખેડા જિલ્લા સત્યાગ્રહ સ્મારકનું સર્જન કર્યું.

ઈ. ૧૯૫૦માં તેઓ વડોદરા યુનિવર્સિટીના લલિતકળાના વિભાગમાં જોડાયા જ્યાં શ્રી શંખો ચૌધરી જેવા આધુનિક શિલ્પશૈલીઓના હિમાયતી પાસેથી એમની કળાને એક નવો જ ઝોક મળ્યો અને અનેક અવનવાં માધ્યમોમાં શિલ્પસર્જનના પ્રયોગો કરવા માંડયા. દરમિયાન વલસાડ નગરપાલિકા માટે ગાંધીજીની સાત ફૂટ ઊંચી કાંસ્યપ્રતિમા, અમદાવાદ ને વડોદરાની બાલવાટિકા માટે સિમેન્ટમાં પ્રાણી-શિલ્પો, આબુની સેંટ ઝેવિયર્સ ટ્રેઇનિંગ કૉલેજ માટે ઈસુ ખ્રિસ્તની ૧૫ ફૂટ ઊંચી સિમેન્ટ-પ્રતિમા ઉપરાંત, ડૉ. રાધાકૃષ્ણન, સ્વ. પંડિત નેહરુ, શ્રી કનૈયાલાલ મુનશી, ડૉ. જીવરાજ મહેતા અને અભિનેતા પૃથ્વીરાજ કપુરની જે પ્રતિમાઓ બનાવી એ પણ પ્રશંસા પામી.

આ વર્ષોમાં તેઓ ભારતનાં વિવિધ કલાધામોનો તેમજ વડોદરા યુનિવર્સિટીના સહકારથી ઈજિપ્ત, ગ્રીસ, ઈટલી, ફ્રાન્સ, સ્વિટ્ઝરલૅન્ડ, હોલૅન્ડ, બેલ્જિયમ ને ઇંગ્લંડની કલાશિક્ષણ સંસ્થાઓ તથા ત્યાંના નામી કલાકારોનો પણ સંપર્ક પામી આવ્યા.

હાલ તેઓ સ્થાપત્યમાં શોભનશિલ્પ તરફ વળ્યા છે. વડોદરાના 'સાધના ટૉકીઝ' અને 'યશકમલ' બિલ્ડિંગ માટે એમણે કેટલાંક શિલ્પ કર્યાં છે. ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય નાટ્ય અકાદમીની શેક્સપીઅર નાટ્ય હરીફાઈની ટ્રોફી તથા અમદાવાદની સેંટ ઝેવિયર્સ કૉલેજની બાસ્કેટ બૉલ ટ્રોફીનાં અભિનવ ડિઝાઇનો પણ એમણે કર્યાં છે.

સ્વભાવે ઓછાબોલા અને નિરભિમાની કાંતિલાલ સૌકોઈ સાથે સહૃદયતા દાખવતા રહીને નિષ્ઠાપૂર્વક પોતાનું કામ કર્યે જાય છે.

— જશુભાઈ નાયક





અમદાવાદની બાલવાટિકામાં શ્રી કાંતિલાલે સર્જેલાં બે પ્રાણીશિલ્પ
(ફોટો • બાલવાટિકાના સૌજન્યથી)

ચિત્રકળા

એક નવું પાઠ્યપુસ્તક

ચિત્રકળા ભા. ૧-૨ (દરેકની કિં. રૂા. ૨). આજ સુધીનાં આવા પ્રકારનાં ચિત્રકામ સંબંધી પ્રકાશનોમાં કિંમતની નજરે આ સસ્તું ગણાય. પુસ્તકનું નામ 'ચિત્રકળા' રાખવા કરતાં 'ચિત્રકર્મ' રાખ્યું હોત તો વધુ ઉચિત ગણાત કારણ કે તેમાં કલાતત્ત્વની કોઈ ચર્ચા કે દષ્ટાંત નથી. લેખક ચિત્રકાર્યની શાળાપ્રણાલી ઠીક સમજે છે, એટલે જે ચિત્રશિક્ષકો પોતાની પૂરી તાલીમ પામ્યા ન હોય તેમને મદદ રૂપ થાય એવું આ પ્રકાશન છે. લેખકે ચિત્રકામના વ્યાકરણનું જ્ઞાન તો મેળવ્યું જણાય છે, પરંતુ આ વિષય શાળામાં કયા ઉદ્દેશોથી જોડવામાં આવ્યો છે અને અન્ય વિષયના અનુબંધમાં તેનો પ્રયોગ કેમ કરવો તે આનાથી વિદ્યાર્થી ભાગ્યે જ સમજી શકે. લેખકે અંગ્રેજી શબ્દોના પારિભાષિક શબ્દો યોજવાનો સારો પ્રયત્ન કર્યો છે, પરંતુ વ્યવહારમાં રૂઢ થઈ ગએલા કે થઈ શકે એવા શબ્દો સર્વત્ર એક જ સંકેત બતાવે એવા પ્રયોજવા જોઈએ. જેમ કે મેમરી ડ્રૉઇંગ માટે પ્રશ્નપત્રોમાં પણ 'સ્મૃતિચિત્ર' વપરાય છે, એને 'સ્મરણ ચિત્ર' નામ આપવું ઘટતું નથી.

લેખકે વિષય શીખવાની પદ્ધતિ માટે જે અનેક આલેખચિત્રો આપ્યાં છે તે સાવ દોષરહિત નથી. તેમજ ક્રિયા, આલેખન, દર્શન પરનું લખાણ સળંગક્રમ બતાવી શકતું નથી. આલેખનનાં ધોરણો અને રીતિઓ સ્પષ્ટ કર્યા પહેલાં ઉતાવળે પાત્ર અને પ્રસંગોનો વિષય ચર્ચાયો છે તે પ્રારંભ કરનારા માટે જટિલ બને છે.

ભૂમિતિની રચનાકૃતિઓને કલાત્મક કરવાના નિયમો સ્પષ્ટ રીતે પ્રથમ પૃથક્કરણથી દર્શાવવા જોઈએ. માત્ર કંપાસપેટીની સ્વૈર લીલાથી યાંત્રિક ચકરડાં અને આકૃતિઓ નેત્રરંજક ન જ થઈ શકે (દા. ત. આકૃતિ ૧૪૯).

નમૂનાની ઘણી બધી આકૃતિઓ અને નકલ કરવાના નમૂનાનાં પાનાં વધારવાં ન જોઈએ. સારાં પરદેશી પ્રકાશનોમાં પદ્ધતિદર્શક એક જ પાનું ક્રમિક વિકાસ બતાવે છે તે પદ્ધતિનો આશ્રય લેવો ઘટે. વળી આકૃતિઓમાં દેશનાં રૂઢ પ્રતીકો અને સાંસ્કૃતિક સુશોભનો આપવાં જોઈએ. જેમ ગ્રીક રૂપરચનામાં હનીસકલ ફળ અને ઍકેન્થસ પાન હોય છે, અથવા ઇજિપ્તનાં સ્વરૂપોની લાક્ષણિકતા નિરાળી હોય છે તેમ ભારતીય લક્ષણો ધરાવતી રૂપરચનાઓનાં નમૂના અસ્મિતા પ્રેરક બને. પરંતુ લેખકે આજનાં પરીક્ષાપત્રો જ નજરમાં

ટિકિટસંગ્રહ

ભારતની ત્રણ ખાસ ટિકિટો



સ્વ. રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેનના માનમાં આ ૧૧મી જૂને બહાર પડેલી ખાસ ટિકિટ. નીચે: હિંદી વહાણવટા સાથે જેમને ગાઢ સંબંધ હતો એ અરદેશર ખરસેદજી વાડિયાના માનમાં (૨૭ મે) તથા શ્રીરામપુર કૉલેજની ૧૫૦મી જયંતી નિમિત્તે (૭ જૂન) બહાર પડેલી ખાસ ટિકિટો.








ઈંગ્લંડના રાજકુમાર પ્રિન્સ ઑવ વેલ્સનો આગામી ૧લી જુલાઇએ પાટવીકુંવર તરીકેનો અભિષેક થશે. આ નિમિત્તે બહાર પડનારી આ ખાસ પાંચ બહુરંગી ટિકિટોમાંથી (ઉપર) પહેલી પર ગ્લેમોર્ગન પરગણાના મારગમ ઍબીમાંનો પ્રાચીન કેલ્ટિક ક્રૉસ છે, અને બીજી પર રાજકુમારની છબિ. બાકીની ત્રણ (નીચેની) ટિકિટો પર, જ્યાં અભિષેક વિધિ થશે તે કાર્નાવર્ન કિલ્લાના (અનુક્રમે) કિંગ્સ ગેટ, ઈગલ ટાવર અને ક્વીન એલિયાનર્સ ગેટનાં આલેખન છે. આ ટિકિટો પર ફરી એક વાર વેલ્સ ભાષાનો પ્રયોગ થયો છે. અંગ્રેજીમાં 'પ્રિન્સ ઑવ વેલ્સ' શબ્દોની સાથે આ જ અર્થના વેલ્સ શબ્દો 'ટવાસોગ કમરી' મૂક્યા છે. ટવા એટલે નેતૃત્વ કરવું એ પરથી ટવા સોગ એટલે નેતા અથવા અહીં રાજકુમાર. કમરી એટલે વેલ્સ.

રમણિકલાલ સોલંકી (લંડન)



રાખીને આ પ્રકાશન એક 'ગાઈડ' માર્ગદર્શક તરીકે આપ્યું લાગે છે. પુસ્તક ઉપર છાપેલા અભિપ્રાયો પણ આ સિવાય કશો નવો સ્ફોટ આપતા નથી. અભ્યાસક્રમની પદ્ધતિ અને પરિણામોનું પૃથક્કરણ કરી ગુણદોષ તારવ્યા હોત તો ઘણાને નવી સૂઝ પ્રાપ્ત થાત. બંને ભાગમાં સ્મૃતિચિત્રોની જે મોટી મોટી યાદી આપી છે તે પ્રશ્નપત્રોનો જ સાર છે. પણ તેનાથી અવલોકન અને સ્મૃતિથી ચિત્રકામ કરવાનો હેતુ સરે છે?

બીજા ભાગની પ્રસ્તાવનામાં લખ્યું છે 'વિદ્યાર્થીઓ ખોટે રસ્તે દોરાવા ન જોઈએ; તેથી જ મારો આગ્રહ છે કે આપેલાં ચિત્રો જ જેવડાં આવડે તેવાં જરા મોટાં બનાવો', આવો બોધ શિક્ષણ દૃષ્ટિએ હિતકારક નથી. ઊલટું એમ કહેવું જોઈએ કે અંદરનાં ચિત્રોની નકલ ન કરશો. તેમાંથી પદ્ધતિ કે રીતો સમજીને તમારી મેળે અવલોકન કરીને ચિત્રકામ કરો. શિક્ષણકાર્યમાં લેખકની સારી સમજ છે, પરંતુ આકૃતિઓની ભારેખમ રેખાઓ અને ન જોઈતા છાયા પ્રકારો, તેમજ દેશજન્ય સ્વરૂપોનો અભાવ તેને નિરર્થક બનાવે છે.

અક્ષર-લેખનનો વિષય સાવ અછડતો રાખ્યો છે. પાયાનાં સ્વરૂપોનો વિકાસ તથા જરૂરિયાત અને લોકરુચિ પ્રમાણે થતા નવા ફેરફારો અને વિકાસક્રમ દર્શાવવા જોઈએ. ભાવિ શિક્ષણક્રમ તથા જરૂરી સુધારા માટે સૂચનો, શબ્દોના અર્થો, વ્યાખ્યાઓ અને પારિભાષિક શબ્દો આપવા જોઈએ. (લેખક: હરિપ્રસાદ શા. જાની, પ્રકાશક: બાલગોવિંદ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પૃ. અનુક્રમે ૮૮ અને ૧૦૮, આકૃતિઓ અનુક્રમે ૧૮૦ અને ૧૩૮, બંનેનાં કાચાં પૂઠાં; કિ. દરેકના રૂ. ૨.)

થાપાનું જાંઘનું ઘૂંટણનું કે આંગળીનું હાડકું ભાંગે ત્યારે

(ડૉક્ટર આવતાં પહેલાં • ૨૧)

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આગળના ભાગે થાપાનાં હાડકાં જ્યાં મળે છે ત્યાં બસ્તિપ્રદેશનું હાડકું ભાંગે છે. એમાં ક્યારેક અંદરના મૂત્રાશયને પણ ઇજા થાય છે. વાગવાથી, પડવાથી કે કચરાવાથી થાપા કે કમરમાં દર્દ થતું જણાય તો થાપાનું હાડકું ભાંગ્યું જાણવું.

રોગીને હીંચકા કે પાટિયા ઉપર સુવાડવો. થાપા ઉપર પહોળો પાટો બાંધવો. બન્ને પગની વચ્ચે ગડ વાળેલું કપડું ગોઠવી એને બાંધી દેવા. આના માટે એક પાટો ઘૂંટણ આગળ અને બીજો પાટો નીચલા પગની અધવચ્ચે બાંધવો. અંગ્રેજી આઠડાના આકારનો ત્રીજો પાટો ઘૂંટી અને પગના તળિયા ઉપર બાંધવો. રોગીને જેના પર સુવાડ્યો હોય એ પાટિયા સહિત હૉસ્પિટલમાં ખસેડવો.

કરોડ ભાંગવી

દોડતા વાહનની અડફેટમાં આવી જવાથી, ઉપરથી વજન પડવાથી, ઊંચેથી પડવાથી, ભેખડ કે મકાન તૂટી પડવાથી કરોડ ભાંગે છે.


કરોડના ફ્રૅક્ચરમાં મોટો ભય કરોડરજ્જુની ઈજાનો છે. કરોડનો મણકો છૂંદાવાથી કે સ્થાનચ્યુત થવાથી એની અંદર આવેલી કરોડરજ્જુ દબાઈ, ખેંચાઈ, છૂંદાઈ કે કપાઈ જાય છે. વળી, કદીક ઈજા પામેલા માણસને હૉસ્પિટલમાં લઈ જતાં બિકાળજીભર્યા હલનચલનથી પણ કરોડરજ્જુને ઈજા થઈને ન સુધરે એવું નુકસાન થાય છે. એટલે ગરદન કે બરડા ઉપર ઈજા થઈ હોય તો રોગીને સ્થાન ઉપરથી ખસેડવાનું સલાહભરેલું નથી. રોગીને બેઠો પણ થવા ન દેવો. પાણી પાવા પણ તેનું માથું ઊંચકવું નહિ: દાક્તરી મદદ આવતાં સુધી હલાવવો પણ નહિ.

અને જો રોગીને ખસેડવો અનિવાર્ય હોય તો હીંચકાનું કે એવું પૂરતું લાંબું-પહોળું પાટિયું રોગીની અડોઅડ રાખી, તેને પીઠ ઉપર સૂતેલો રાખી ખસેડવો. રોગીનું માથું ગરદન અને ખભા સીધી લીટીમાં રહી એકીસાથે ખસે એ રીતે એક જણે એના માથા પાસેથી એને ઊંચકવો; બીજા એકબે માણસે રોગીને ખભા ને પીઠ નીચેથી ઊંચકી તેને પાટિયા ઉપર ચત્તો સુવાડવો. ઊંચકતી વખતે માથું આગળ કે બાજુએ ન હાલે એ ખાસ જાળવવું. માથા નીચે ઓશીકું ન મૂકવું, પણ માથાની બન્ને બાજુએ કપડાં કે નાનાં ઓશીકાં ગોઠવવાં કે જેથી રોગીને વાહનમાં લઈ જતાં એનું માથું હાલે નહિ. તેના બન્ને હાથ છાતી ઉપર ગોઠવવા. હૉસ્પિટલમાં લઈ જતાં તે પાટિયા પરથી સરકી ના પડે તે માટે તેનું શરીર પાટિયા સાથે કપડાની પટ્ટીઓ વતી બાંધવું અને પાટિયા સહિત જ તેને ડામળામાં કે સ્ટ્રેચરમાં મૂકી લઈ જવો. ઍમ્બ્યુલન્સ ગાડી સારું વાહન છે; પણ ગાડા જેવા ખખડતા વાહનમાં તો રોગીને કદી જ લઈ ન જવો.

જો રોગી ઊંધા માથે પડ્યો હોય તો એક જણે બે હાથે માથું શરીરને સમાંતર પકડી રાખી, બીજા માણસોએ તેને પાટિયાની કિનાર સુધી લાવી ગબડાવી સીધો કરી સુવાડવો. સુવાડતી વખતે માથું શરીરની સીધી લીટીમાં જ રાખવું. બરડામાં વાગ્યું હોય તો તેને ઊંધો સુવાડી હૉસ્પિટલમાં ખસેડવો.

જો રોગી ચત્તો પડ્યો હોય તો બે કે ત્રણ માણસોએ પાટિયા ભણી રહીને રોગીની ઉપર વાંકા વળી રોગીના આઘેના ખભેથી ધીમેથી ગબડાવી તેને પાટિયા ઉપર ઊંધો સૂએ એમ સુવાડવો. મતલબ કે રોગીને બરડામાંથી વાંકો વાળ્યા વગર આખો ને આખો ખસેડવો. એનો એક હાથ કોણીએથી વાંકો વાળી માથા નીચે મૂકવો. જો પાટિયું ન મળે તો ધાબળામાં રોગીને ઊંધો સુવાડી હૉસ્પિટલમાં લઈ જવો.

જો રોગી પડખાભેર કે ટૂંટિયું વાળી પડ્યો હોય તો એને આસ્તેથી સીધો કરવો. ડોક કે કમર તૂટી હોય તે મુજબ ચત્તો કે ઊંધો પાટિયા પર કે ધાબળામાં ગબડાવી દેવો. કરોડની ઈજા વખતે રોગીને ધાબળા કે ચોરસા ઓઢાડી રાખવા. હૉસ્પિટલમાં લઈ જતાં હડદોલા ન



(૧) બસ્તિપ્રદેશમાં હાડકું ભાંગ્યું હોય તો રોગીને પાટિયા પર સુવાડી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે પાટા બાંધીને પછી જ એને દવાખાને ખસેડવો. (૨) ફીમરના ભંગ વખતે બગલથી માંડી એડી સુધી પહોંચે એવી લાંબી સ્પ્લિન્ટ મૂકી દર્શાવ્યા પ્રમાણે પાટા બાંધવા જોઇએ. (૩) ઘૂંટણના ભાગમાં પગની પાછળ સ્પ્લિન્ટ રાખી પાટાથી પગને સ્થિર કરી જરા અધ્ધર ટેકવવો. (૪) નીચલા પગના અસ્થિભંગમાં સ્પ્લિન્ટ પર કપડું વીંટીને પછી પાટા બાંધી પગ સ્થિર કરવો જોઈએ.

લાગે એ માટે વાહન ધીમેથી અને સંભાળપૂર્વક ચલાવવું.

જાંઘનું હાડકું ભાંગવું

થાપાથી માંડી ઘૂંટણ સુધીનો ભાગ એ જાંઘ છે. અહીં આવેલા લાંબા હાડકાનું નામ ફીમર છે. વૃદ્ધ માણસોના સાધારણ પડી જવાથી પણ આ હાડકું ભાંગે છે. આ સખત ઈજા છે. રોગીને એથી આઘાત લાગે છે. પગ બહારની બાજુએ વળેલો રહે છે અને તે રોગથી ઊંચો થઈ શકતો નથી. બીજા પગ કરતાં ઈજા પામેલો પગ ટૂંકો લાગે છે.

રોગીને ચત્તો સુવાડવો. ઘૂંટીના પછવાડે એક હાથ મૂકી બીજો હાથ પગની અંદરની બાજુએ રાખી પગને સ્વાભાવિક સ્થિતિમાં ગોઠવવા ધીમેથી ખેંચવો. ખૂબ હળવા હાથે ઈજા પામેલા પગને સાજા પગની જેમ ગોઠવવો અને પાટિયાં (સ્પ્લિન્ટ) બાંધતી વખતે પગને એ જ રીતે સીધો પકડી રાખવો.

એક સ્પ્લિન્ટ પગની બહારની બાજુએ અને બીજી પગની અંદરની બાજુએ રાખવી બહારની સ્પ્લિન્ટ ઘૂંટીથી માંડી બગલ જેટલી લાંબી જોઈએ. બીજી સ્પ્લિન્ટ ઘૂંટીથી માંડી અંદરના ભાગે વળા જેટલી. સ્પ્લિન્ટ બાંધતી વખતે બે માણસોની મદદ જોઈએ. એક જણ ભાંગેલા હાડકા આગળ ટેકો આપે, બીજો નીચલા પગને ટકવે.

સ્પ્લિન્ટ લગાડતાં પહેલાં પગ નીચે પાટા ગોઠવી દેવા. બેવડા વાળેલા ત્રણ પાટા છાતી અને પેટ ઉપર ગોઠવવા અને બીજા ચાર પાટામાંથી એક જાંઘ ઉપર ને ત્રણ પગ ઉપર ગોઠવવા. અને પછી સ્પ્લિન્ટ મૂકીને એ બાંધી દેવા. (જુઓ આકૃતિ ૨) જો સ્પ્લિન્ટ ન હોય તો પગ સીધો કર્યા બાદ બન્ને પગ વચ્ચે ગડ કરેલાં કપડાં ગોઠવી બન્ને પગને જોડતા પાંચ પાટા બાંધવા. આ સમયે સાજો પગ સ્પ્લિન્ટની ગરજ સારશે.

ઘૂંટણના હાડકાનું ફ્રેક્ચર

ઘૂંટણનું સપાટ ત્રિકોણાકાર હાડકું ઢાંકણી (પેટેલા) કહેવાય છે. લપસી પડવાથી કે વાગવાથી તે ભાંગે છે, ને ચામડી પર હાથ ફેરવવાથી ખબર પડી શકે છે; કારણ કે તે ચામડીની નીચે જ આવેલું છે.

ઢાંકણીના ફ્રેક્ચર વખતે રોગી પગ વાળી શકતો નથી તેમજ ઊભો થઈ શકતો નથી. ઈજાવાળા ભાગ ઉપર વેદના અને સોજો હોય છે.

ઈજાવાળો પગ આસ્તેથી સીધો કરવો. જાંઘની વચમાંથી શરૂ થઈ ઘૂંટી સુધી આવે એવી લાંબી અને ચાર ઇંચ પહોળી સ્પ્લિન્ટ પગની પાછલી બાજુએ ગોઠવી, એક ઘૂંટણથી ઉપર, બીજો ઘૂંટણની નીચે, ત્રીજો જાંઘ ઉપર અને ચોથો ઘૂંટી ઉપર એમ ચાર પાટા બાંધવા. ઘૂંટણ ઉપર તો પાટો બાંધવો જ નહિ. જો સ્પ્લિન્ટ ન મળે તો ઘૂંટણ નીચે ઓશીકું કે ગડ વાળેલું કાપડ ગોઠવી પાટા બાંધવા.

નીચલા પગના હાડકાનું ફ્રેક્ચર

ઘૂંટણથી તે ઘૂંટી સુધીનો નીચલો પગ 'લેગ' છે. એમાં બે લાંબાં હાડકાં હોય છે; અંદરના ભાગનું તે 'ટીબિયા' અને બહારના ભાગનું 'ફિબ્યુલા'. ઈજાથી કે પડવાથી એ એક કે બન્ને ભાંગે છે.

એક હાડકું ભાંગે તો પગના હલનચલનમાં વાંધો આવતો નથી, કારણ કે બીજું હાડકું સ્પ્લિન્ટની ગરજ સારે છે. પણ બન્ને સાથે ભાંગ્યાં હોય ત્યારે વેદના, સોજો ને હલનચલનની મુશ્કેલી થાય છે.

બન્ને હાથે મજબૂત પકડી ધીમેથી ખેંચીને પગને બરાબર ગોઠવવો. પછી બન્ને પગ વચ્ચે ગડ વાળેલા કપડાની ગાદી ગોઠવવી. પગને સાથે બાંધવા. બને તો ધાબળા કે ઓશિકાની સ્પ્લિન્ટ મૂકવી. આ વખતે એક માણસે પગ ઊંચો રાખી ખેંચી રાખવો. ગડ વાળેલો ધાબળો પગની આસપાસ મૂકવો અને પાંચ પાટા બાંધવા. પછી ધાબળા ઉપર પગની અંદર અને બહાર ઘૂંટણથી તે ઘૂંટી જેટલી લાંબી લાકડીઓ ગોઠવી ગાંઠ મારવી. સ્પ્લિન્ટ હોય તો તે ઘૂંટણની ઉપરથી એડી સુધી પહોંચે એટલી લાંબી જોઈએ. પગની અંદરની અને બહારની બાજુએ સ્પ્લિન્ટ ગોઠવીને એના ઉપર પાંચ પાટા બાંધવા.

પગનું ચાબખું અને આંગળાં

ઉપર વજનદાર વસ્તુ પડવાથી કે વાહનનું પૈડું ફરી જવાથી પગના ચાબખાનાં ઘણાં હાડકાંમાંથી એક કે વધારે હાડકાં ભાંગે છે.

પગના તળિયા ઉપર ચાર ઇંચ પહોળો, પાની અને આંગળાંથી પણ લાંબો સ્પ્લિન્ટ ગોઠવવો. પછી પાનીથી પાટો શરૂ કરી, પગના નળા ઉપર બે ચાર આંટા વીંટી; ફરી પગના તળિયા ફરતો આંટો મારી નળા ઉપર ગાંઠ મારવી. બીજો પાટો આંગળાંઓ ઉપરથી શરૂ કરી, પાની ફરતા બેત્રણ આંટા લઈ જઈ, ચાબખા ઉપર આવે એમ ગાંઠ મારવી. પગને ઓશીકા ઉપર ગોઠવવો.

ઘા પડેલો હોય કે સંયુક્ત ફ્રેક્ચર હોય તો તે વખતે ડ્રેસિંગ કર્યા બાદ સ્પ્લિન્ટ લગાડવી. (હવે પછી 'માંદગીમાં પ્રાથમિક સારવાર')

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પારિતોષિકો

શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક: ૧૯૬૮ના વર્ષ દરમિયાન પ્રગટ થએલી નીચે દર્શાવેલા ગુણોવાળી કૃતિઓ પૈકી શ્રેષ્ઠ કૃતિના લેખકને: ૧) ભક્તિવિષયક ઉત્તમ મૌલિક રચના; ૨) જનહૃદયમાં ઉચ્ચ પ્રેરણા જગવી શકે એવી ઉત્તમ મૌલિક સાહિત્ય કૃતિ; ૩) પરાક્રમ, સાહસ, ધૈર્ય, ત્યાગ, ઉદારતા, સહિષ્ણુતા આદિ ગુણોને દૃઢ કરે તેવી મૌલિક વાર્તાઓ (સંગ્રહ). સર્વ લેખકો, પ્રકાશકો અને સાહિત્યરસિકોને વિનંતી કે આ પ્રકારની કૃતિઓની વિગત અને શક્ય હોય તો તેની એક નકલ તા. ૩૧-૭-૬૯ સુધીમાં મોકલે.

ભગિની નિવેદિતા પારિતોષિક: ૧૯૬૮ના વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થએલી સ્ત્રી-લેખિકાઓની કૃતિઓ પૈકી શ્રેષ્ઠતાના ક્રમે પ્રથમ અને દ્વિતીય ઠરેલી કૃતિએ ને અનુક્રમે રૂ. ૬૦૦ અને રૂ. ૪૦૦ની કિંમતનું પારિતોષિક. સર્વ સ્ત્રી-લેખિકાઓને વિનંતી કે સ્ત્રી-જીવનને ને સમાજને ઉન્નત કરે એવી ભાવનાપ્રેરક, સ્ત્રીશક્તિપ્રેરક, ગુણવિકાસક, મૌલિક કૃતિઓની વિગત ને શક્ય હોય તો તેની એક નકલ તા. ૩૧-૭-૬૯ સુધીમાં મોકલે.

કાકાસાહેબ કાલેલકર પારિતોષિક: ઈ. ૧૯૬૮ દરમ્યાન મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહૂદી કોમોના લેખકોએ ગુજરાતી ભાષામાં લખેલાં પુસ્તકોમાંથી શ્રેષ્ઠ પુસ્તકને રૂ. ૫૦૧નું પારિતોષિક. તે કોમોના લેખકોને વિનંતી કે કૃતિઓની વિગત અને શક્ય હોય તો તેની એક નકલ તા. ૩૧-૭-૬૯ સુધીમાં મોકલે. સરનામું: ગુજરાતી સાહિત્ય પરિષદ, હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ ૯

લવાજમમાં ફેરફાર

મુદ્રણસામગ્રી, વેતન વગેરેના વધારા ઉપરાંત ગયા વર્ષથી થએલા પોસ્ટેજના વધારાને લીધે લવાજમમાં હવે નછૂટકે તેટલો વધારો કરવો પડયો છે. હવેથી લવાજમ રૂ. ૧૫ તથા પોસ્ટેજ રૂ. ૧-૨૦ મળીને કુલ રૂ. ૧૬-૨૦ થશે. પરદેશનું લવાજમ હતું તે કાયમ રહેશે.

અંતરગઠરી [૧૮]માં

ચન્દ્રવદન મહેતા ડૅમોન રનિયનનું એક બીજું નંગ બાંધી લાવે છે:

ભુઠ્ઠોભરાડી

ઓ. હેન્રીના વાંચનારા દસ હશે, મૅામને ખિસ્સામાં કે રેલવેના ડબ્બામાં કે ઘરના ટેબલ-કબાટમાં સાચવનારા વીસ હશે, તો ડૅમોન રનિયનને વાંચનારા પાંચ પણ નહિ, એક હશે. છતાં હું એની તારીફ કરું છું. ફરીફરીને કહું છું કે એરિક બેન્ટલી જેવો નાટકનો શોખીન અને વિવેચક ડૅમોન રનિયનને ઓ. હેન્રી સાથે, માપ્યું મપાય નહિ એટલું અંતર હોવા છતાં, ઠીક પ્રમાણમાં સરખાવે છે. ઓ. હેન્રી બહુ પ્રકીર્તિત લેખક. ન્યૂ યૉર્કનાં કંઇક અડખાં-પડખાં અને ત્યાં જીવનારાં વિવિધ પાત્રો વિષે લખી એણે અસંખ્ય વાચકોનાં મનરંજન કરવા ઉપરાંત ન્યૂ યૉર્કના જીવનજીવતરનો ખયાલ આપ્યો છે. પણ ઓ. હેન્રીનો જમાનો ત્રીસ-ચાળીસ વર્ષ અગાઉનો. જુદો પણ ખરો. અને લંડન–મુંબાઈ–ન્યૂ યૉર્ક–પારી(સ) જેવાં મોટાં શહેરોમાં યે એકબે દાયકાઓમાં હરણફાળ કરતાં વધારેના ફેરફાર નથી થઈ જતા? જુઓ મુંબાઈ. ૧૯૨૦-’૩૦ની એની રોનક, સ્વચ્છતા સુઘડ ઘાટ, પથિકવર્તન, સામાન્ય માણસની રીતભાત, નજાકત, ખાનદાની...અને આજે ત્રીસ-ચાળીસ વર્ષ બાદ એના કચરા-ઊભર્યા દીદાર, સામાન્ય શહેરીનું નફ્ફટ છેલબટાઉપણું, રસ્તા-પગથાર ઊપસી ઝરતાં ખરજવાં! જુઓ લંડન. જ્યાં અંગ્રેજ બચ્ચો જ જોવા મળવો જોઇએ ત્યાં હવે વિશાળ સામ્રાજ્યનો છેડો આવતાં લગભગ બે પરદેશીએ એક અંગ્રેજ જોવા મળે. ને કેટલાકોની તો એવી ગણતરી છે કે જતે કાળે ગોરા લોકના લંડનમાં કાલે આદમી ગોરિયા કરતાં વધારે દેખાશે!

આવા ઝટપટ પલટાતા સંજોગોમાં ઓ. હેન્રીના જમાનામાં આજે છે એવા જાલિમ ગુનેગારો નહિ. ગુનો કરવાનો રીતસરનો ધીકતો ધંધો નહિ. પૈસા રોકી ગુનો કરાવનારી મોટા પ્રમાણમાં સંસ્થાઓ નહિ. સ્મગ્લિગ-ગૅમ્બ્લિંગની ધોળે દિવસે ચાલતી, સંકળાએલા અડ્ડાઓની હારમાળાઓ નહિ. ઓ. હેન્રીએ દારૂબંધી જોએલી નહિ, અને એને પરિણામે ઉદ્‌ભવેલી ગુંડાઓની નવી જમાત, અને એ જમાત થકી ચાલતી સમાજવ્યવસ્થા જાણેલી નહિ; એટલે સરખામણી અસ્થાને છે. પણ બંને કસબી, બંને પાકા કારીગર, બંને કુશળ કલમબાજ અને બંને ભાષાને નવો ઝોક આપનારા, અવનવા શબ્દો ઉપજાવનારા, નવા રંગો પૂરનારા. એમાં કશો ફરક નહિ. સરખાવો: ‘ઇઝરાએલ ઈબનનું નસકોરું યા એનાં નસકોરાં જુઓ તો ગરનાળાં જેવાં, પણ ચીકણા કાદવને ફરતી વાડ બાંધી હોય એવાં સાધુચરિત લાગે; પણ નજીકની જ બૅંક લૂંટવાના મનસૂબા એના શ્વાસોચ્છ્વાસમાં ઘુમરાતા ફુંફરાટા હોય.’ અને ‘ગિબન ગંગોઠી લ્હેકાતી ચાલે રેસ્ટોરાંના દરવાજા સુધી મલપતો દેખાણો, તો એને જમવા લાવનારના પેટમાં બેત્રણ મરઘાંની અને ત્રણચાર સલાડની તાસકની ફાળ પડવાની જ; કારણ એ ફાળનો સંબંધ એના ડગલામાંના પાકીટમાં પડેલી નોટોની થપ્પી ઉપર અને ખાવાનાના બિલ બંને ઉપરની ઝાપટ ઉપર અવલંબાએલો હોય છે.’

ડૅમોન સારું કમાયો. કૅન્સરના રોગે એનું મૃત્યુ થયું. પુસ્તકોની આખી આવક ‘કૅન્સર રીસર્ચ’ ફાળામાં અને કૅન્સર ઑસ્પિટલમાં આપતો ગયો, એવો એ સખાવતી જીગરો. બ્રૉડવેનો બાદશાહ. એણે લખ્યું છે કે જો બ્રૉડવે ઉપર ફક્ત બે જણા જોડે જ તમને દોસ્તી હોય, તો તમારો બેડો પાર સમજવો. નાણાંની દૃષ્ટિએ તો તમે ન્યાલ જ થઈ જાઓ. આબરૂ ઉપર કોઈની મજાલ નહિ કે હાથ નાખે. જરૂરની વસ્તુનો તોટો ન પડે. બ્રૉડવેનો એ દૃષ્ટિએ એ બાદશાહ નહિ, પણ જહાંપનાહ. પોતે ઘોડદોડનો શૉખીન; એટલું જ નહિ, એ શાસ્ત્ર આખું એને મોઢે. બ્રૉડવેના ગઠિયાઓનાં કોકસબાગસ બધાંનો જાણકાર. ત્યાંના સાતે રંગે એ રંગાએલો. છતાં એનો પોતાનો રંગ શ્વેત—સફેદ—વિબ્જીયૉરમાંથી વ્હાઈટ થાય એમ. રંગતમાં ‘સરસ્યો’, પણ નરસિંહ કહે છે તેમ ‘મન મારી પાસ.’ ઉદારતા ભારોભાર, સમભાવ ભરપૂર, અને માનવસ્વભાવનો તલસ્પર્શી અભ્યાસી.

આપ કહેશો કે બ્રોડવે જ ન્યૂ યૉર્ક છે?–કે બ્રોડવે એટલે જ અમેરિકા છે શું? બ્રોડવેની દુનિયા ચૌદે બ્રહ્માંડ કરતાં અલાયદી, પંદરમા બ્રહ્માંડ જેવી. પણ આપણે કામ પડવાનું છે બ્રૉડવેની નાટકશાળાઓનું, એટલે બ્રૉડવેને ઓળખવા આ લમણાઝીંક કરીએ છીએ. એ સંસાર જુદો, એટલે એના થિયેટરની જમાત પણ જુદી. દરેક નાટકકારના મનમાં બ્રૉડવેનું ચોગાન સર કરવાની છાની યા છતી મુરાદ; અને એ સર થતાં બેડો પાર. દરેક નાટકકાર માને કે કીર્તિનો હિમાલય ત્યાં જ ખડો છે, યા હીરાની ખાણ ત્યાં જ હાથ લાગી જાય એમ છે. એથી કંઈક નાટકકારો ત્યાં ટળવળતા જોવા મળે: આ બારણેથી પેસું કે પેલે બારણે ડોકિયાં કરું! અને બીજી બાજુ થોડા એવા પણ છે કે બ્રૉડવેની નાટકશાળાઓ જાય જહન્નમની ખાઈમાં. આપણે ભલા, આપણું વર્તુલ ભલું. આમ હોવાથી આપણે આપણાં પગલાં બ્રૉડવેની પગથાર ઉપરથી વહેલાં પાછાં નહિ વાળીએ. એક જમાનામાં મુંબાઈમાં પીલાઉસ—એટલે કે ‘પ્લે હાઉસ’–એટલે કે ગ્રાંટરોડ–પંકાએલો. નાટકશાળાનો એ અડ્ડો હતો. ખૂન, લૂટફાટ, ઝેરકટોરો, પત્તાંજુગાર, ઘડીના છઠ્ઠા ભાગમાં ખેલાતા લાખોના દાવ, ભલભલીને ગાયબ કરી નાખવાની યોજના, ભલભલા માંધાતાઓને પલકમાં મસળી નાખવાની પેંતરાબાજી, બધું ત્યાં થતું. બ્રૉડવે પર એ જ વ્યાપાર અમેરિકન ઢબે, એમના સ્કેઈલ પર...આમ પોથાંનાં પોથાં લખતાં પણ બ્રૉડવેનો ખયાલ ન આવે. એટલે આપણે ડૅમોન રનિયનની મદદ લીધી. હજી બ્રૉડવેને છેડે ‘હરિ ૐ’ના મંત્રો જપી ભગવાનને પ્રાપ્ત કરવાની ચાવી તો આપણે ઝૂમખાંમાંથી બહાર કાઢી જ નથી. એ ફેરવશું ત્યારે તો જોજો, કૈલાસ હાથવેંતમાં, સ્વર્ગ હથેલીમાં, અને મોક્ષનિર્વાણ આપણી આસપાસ!

એટલે આપણે નાટકશાળાઓ તરફ વળીએ એ પહેલાં રનિયનની એક બીજી નાની વાર્તા વાગોળી લઇએ. આડા સીધા રસ્તાઓમાં પણ આલીશાં મકાનોની નીચે, ભોંયતળિયે, ભોંયરાં-જાળિયાં-માળિયાંમાં અમુક પ્રકારની નીતિને નક્કી કરી, એને યેનકેન ઉપાયેન આચરણમાં મૂકનારી વ્યક્તિઓ ઢગલાબંધ. એમના કાયદાકાનૂન અલગ, પણ તે અમલમાં. કોઈ ચોપડે લખાણમાં કાણો કક્કો પણ નહિ. પછી પહેલી સ્ટ્રીટનો ગઠિયો હોય કે પંચોતેરની સ્ટ્રીટનો લખમીધર હોય, બંને એ કાયદા બરાબર પાળવાના. સૌથી મોટી વાત એમની એક, કે મોત જેવી કોઈ ચીજ જિંદગીમાં છે જ નહિ. આવે તો આવે, નહિ તો એને દેખીને જોજન દૂર પણ ભાગે. પણ મોતનો શબ્દ એ શાસ્ત્રમાં ચર્ચા કરવા માટે નહિ. તેમ આવતી કાલનો પણ વિચાર નહિ. બેતમા, નફકરા, નીડર, નફ્ફટ-નિરંજન. ક્યાંક શોધવા જાઓ તો સત્યનો, નીતિનો, ઍટ-આબરૂનો, પાયો જોવા મળે પણ ખરો. અને નિર્દયતાનો અવતાર કે રાક્ષસ જેવા વર્તન કરનારા જોવામાં આવતા છતાં એમને માટે માન અને લાગણી બંને થાય. એવા એવા ભડ-ભડવીરોમાંથી ડૅમોને પાત્રો વીણ્યાં-વણ્યાં છે. બસ. ફરીથી હવે ડૅમોન રનિયનનું નામ નહિ દઈએ.

હવે એની એક જ વાત કહીને પછી આગળ ચાલીશું.

એને રનિયન 'હૉટેસ્ટ ગાઈ'—(હૉટેસ્ટ=આકરો બાણ, દુનિયામાં જેનો જોટો ન મળે એવો; 'ગાઈ' એટલે 'ગડિયો')—કહે છે. આપણે એને ભુઠ્ઠો ભરાડી કે આગનો કટકો કહીશું. એનું નામ જુલે. આપણે એને જુલિયો કહીશું. રનિયન લખે છે કે: એક વાર હું મારી હોટલના રૂમમાં ખડકાયો હતો, ત્યાં એક સાંજે એકાએક જુલિયો ટપકી પડ્યો–ટપકી જ પડ્યો. રૂમનું બારણું ખોલી હું જરા બે મિનિટ બાથરૂમમાં ગયો, અને ત્યાંથી બહાર નીકળું છું તો ખુલ્લા બારણામાંથી આવીને ખુરશી ઉપર જુલિયો બિરાજમાન હતો. ટેબલ પર લબાયો, અને એ કોથળામાંથી ત્રણ ચાર ઈંચ બહાર ડોકાતી લોખંડની નળી! મિનિયાપોલીસ પરગણામાં એની આબરૂ બહુ મોટી! કંઈ જ કારણ ન હોય અને એના મનમાં ભૂતડો ધૂણી ઊઠે, તો તરત ગમે તે જતો-આવતો નજરે ચડે એના કનોરામાં એકાદ બે ગોળી સેરવી એને ભોંય પાડી દે! આ તો એને મન કસરતનો એક દાવ! ચોરસ ઉપર ત્રિકોણ એમ ગોઠવતો, સૌથી ઉપર જૂના સોડાવૉટરની બાટલીઓમાં હોય છે એવી લખોટીઓ ગોઠવી, બંદો પચાસ પગલાં ગણી આઘો જઈ, નિશાન લઈ લખોટી ઉડાડી દેતો! આ તો એની રોજિંદી રમત.

કાન્સાસ પરગણામાં બૅંકરોનું એસોસિયેશન—બૅંકરોનો સંઘ. એ સંઘનો એક ઊભો ઠરાવ, કે જો કાન્સાસમાં જુલિયાનાં પગલાં પરખાયાં, તો એને અમુક રકમ પહોંચાડી જ દેવાની; અને એ સાથે પરસ્પરની અગાઉની મસલત પ્રમાણે સમજણ, કે એણે ચાર છ મહિના હમણાં કાન્સાસની ધરતીનો મગજમાં વિચાર સરખો કરવાનો નહિ. એક બે ડિપાર્ટમેન્ટ સ્ટોરના માલિકો પણ એને સારી રીતે ઓળખે. જેવો એ સ્ટોરના પહેલા બારણામાં ઝગઝગ્યો કે તરત સ્ટોરના બે રખવાળ અમલદાર એનું બહુમાન કરી, વાતે ભેરવી, એકાદ મોટી બૅગ લઈ, એમાં એને જે કંઈ ચીજો જોઈએ તે ભરી, બહાર ઊભેલી એની કે કોઈની ગાડીમાં એ નવીનકોર બૅગ ચાવી દોરા સાથે મૂકી આપે, અને એમની સવારી ઊપડી દૂર દેખાતી બંધ થાય ત્યાં સુધી પેલા બે અમલદાર સાહેબો પોતાની જગ્યામાં જડાએલા રહે—જરા યે ચસે નહિ; 'હાશ'—એમ પછી નિરાંતનો શ્વાસ નીકળે. કારણ? કારણ એ કે ભરેલી બૅગ પધરાવતાં છતાં જો એનો હાથ અમસ્થો રૂમાલ શોધવામાં ગજવે ભરાયો, અને એમાં બંદૂકડીનો હાથો હાથ ચડી ગયો, તો એ પાંચ ગોળીઓ આમતેમ ફરકાવવી, એ તો એને મન જાણે સાબુના પાણીમાં નળી બોળીને પરપોટાના ગોટાઓ ઉડાડવા જેવી જ વાત—ફરક એટલો કે પેલા સાબુગોટા હવામાં ઉપર ઊડે, અને આ માનવીઓનાં કોઠાં જમીન ઉપર પલકવારમાં ઢાળી પાડે. એની આવી કામગીરીની યાદી તો મોટી થાય! એકાદ બે પોસ્ટ ઑફિસમાં પણ એમની સારી નામના. એકાદ રેલવે સ્ટેશન ઉપર પણ એમની કીર્તિના લલકાર ગાજી રહેલા. અને એવાં એવાં કંઇક પરાક્રમોને લઈ પોલીસના કંઇક અફસરો એની ભાળમાં ફરતા જ રહેતા. પણ જુલિયો એમ સહેલાઈથી હાથકડીએ બંધાય એ વાતમાં શો માલ છે? એને ઓળખે તે સૌકોઇ કહેતા કે જુલિયો બંદૂકડી વાપરે છે એ જ મહેરબાની; નહિ તો એનું ચાલે તો એની આંગળીઓમાંથી ગોળીઓ ઉકરાવે! એવી રીતે કે એ ધારે ત્યાં જઈને જ એ સામા માણસના કનોરામાં જઇને બેસે.

ગુનેગારની નિમણૂક કરવાની રહે; એટલે જુલિયાનું નામ આમ સસ્તું. પણ એની આબરૂ પણ એવડી કે એને માથે આળ ઓઢાડવામાં પોલીસને ખાસ ખોવાપણું રહે નહિ.

હવે આવો મહેમાન આવે, ત્યારે મોં પર અણગમો પણ કેમ બતાવાય? 'ઓ હો હો! ક્યાંથી? આટલે બધે વર્ષે, એકાએક? સારું થયું ટપકી પડ્યો તે. તબિયેત બહાલ?' એવીએવી વિધિવાચકાઓમાંથી બેત્રણ ચૂંટી આપણે એનું સ્વાગત તો કર્યું, પણ પેટમાં ફાળ, કે કંઈક નહુંજૂનું વેતરીને અહીં જરા આરામ લેવા તો પોતે પધાર્યા નથી ને?

'કેમ એકાએક?'

'જરા કંટાળો! ન્યૂ યૉર્ક છોડ્યાને વરસેક ઉપર થઈ ગયું, એટલે બ્રોડવેનાં ટોળાં અને બ્રોડવેની ઝાકમઝોળ રોશની યાદ આવ્યાં. વળી ઘરડી મા હવે, કહે છે કે, જવાની તૈયારીમાં છે; એટલે ભેળો ભેળો એને પણ મળવાનો મનસૂબો. એમ બેત્રણ મુદ્દા એકઠા થયા, એથી ફરક્યો છું.'

'પણ ભાઈલા! તમારાં માતુશ્રી જ્યાં રહે છે, ત્યાં જ બાજુમાં જૉન બ્રેનિગનનું રહેવાનું થયું છે. અને ન્યૂ યૉર્કના જે કોઈ દસબાર જાણીતા પોલીસના ચબરાક અફસર સાહેબો છે, એમાં બ્રેનિગન બે તસુ આગળ વધેલી કીર્તિવાળો છે, એ તો તમે જાણો છો ને?'

'હવે જૉન બ્રેનિગન સાથે તો અમે બાલપણમાં રમેલા; અને એમાં બેપાંચ ધોલ એની કે મારી વધારે હશે; પણ હમણાં ન્યૂ યૉર્કમાં મારે માટે શાંતિ હોવી જોઇએ; કારણ અહીં કોઈની મેં હમણાં લાશ પાડી નથી. અને બ્રેનિગનના બાપની પણ મને પરવા નથી.' 'કારણ?'

'કારણ, જો બ્રેનિગન મારી અડફટે ચડે તો હું એની હવા બગાડી દઉં—કારણ, દોઢ-બે વર્ષ પહેલાં મેં પેલા જુગારના અડ્ડામાં બે-પાંચ ગોળી છોડી હતી, એમાં ઓલો નવેંઢિયો નોકર વચ્ચે આવી ન ગયો હોત તો ગોળી તો મેં એના કોઠમડામાં જ જમા કરાવી દીધી હોત.'

'અને એટલા જ કારણથી એણે પણ નક્કી કર્યું છે કે જો આપ એની નજરધારામાં આવી પડો, તો એ હવે આપને જીવતા તો ન જ છોડે; એમ ન બને તો ઝાંઝરિયાં પહેરાવે.'

'ભાઈ, આવી વાતોમાં મને રસ નથી. ડોશીને મળવું એ નક્કી. અને બીજું કારણ કુમારી કિટીને પણ જરા હલ્લો કરવું એ ય નક્કી. અને એમાં જૉની બ્રેનિગન અડફટે-અકસ્માતે-સામા ભટકાયા તો એના હાડકાંના માળાને વિખેરી નાખવો એ પણ નક્કી.'

'આ નવી કુમારિકા કિટીબાઈ કોણ છે?'

'વરસેક દિવસ પહેલાં અહીં જ ન્યૂ યૉર્કમાં મળી હતી. સંબંધ સારો બંધાયો હતો. મળીને પહેલાં અચંબો તો પામશે, પણ ખુશ પણ થશે.'

મારા મનમાં મેં અચંબાની વાત કબૂલ રાખી, પણ જો એ જુલિયાને ઓળખતી હોય તો ખુશ થવાની વાત કંઇ બરોબર બેઠી નહિ. અમે હતા આઠમા ઍવેન્યુમાં..અમારા મજલાની બારીમાંથી ઉપરથી બહાર નજર કરો તો મેડિસન સ્ક્વેર ગાર્ડન દેખાય. જુલિયો રહે તે યા જુલિયાની માનું રહેઠાણ—અગિયારમા ઍવેન્યુ પાસે. સ્ટ્રીટના નંબરો જવા દો, તોપણ ત્રણ ઍવેન્યુ પૂરતું ચાલવાનું. એમાં કોઈકનું કોઇક ભટકાવાનો વીમો તો ખરો જ. એટલે મેં એની કિટી વિષે વાત કાઢી.

'ભાઈલા! એકાદ વર્ષના ગાળા બાદ તમે તમારી કુમારી મિત્રને મળવા લહેકાઓ, એનો અર્થ એટલો જ કે એ લાંબા ગાળામાં કિટીબાઈના હૃદયમંડપમાં બીજા બેપાંચ નવા પ્રેમના ફૂલછોડ ઊછરી નીકળ્યા હશે. એમાં એ તમને યાદ કરતી જ હશે એવા નિરધાર પર આવવાની જરા યે જરૂર નથી.'

'ભલા! પ્રેમના પંથ, પ્રીતની વેલ, પ્રણયના ફૂલછોડ, આવી

કવિતાની ભાષા તમે ન લલકારતા હો તો કેવું સારું! જેની તમને ગતાગમ નહિ એની તમે વાત જ કરો ના. વચ્ચે હું એક દૂરના ખળામાં પડ્યો રહ્યો હતો; દૂર એટલે કે કૅનેડા તરફ—કૅનેડામાં જ, દરિયાકાંઠે. વસતી બહુ જૂજ, પણ ઘાસની ગંજીનો ગંજાવર ગંજ ખડકાવેલો ત્યાં.'

'બહુ દૂર એ તો. પરાક્રમનું કંઇ નિમિત્ત—?'

'લાંબી વાત છે. આ બાજુ કોઈક એક ઝવેરીની દુકાનમાં ઝપટ મારેલી, અને ત્યાં હોહા મચી રહી. એમાં એક ગઠિયાએ મારી જાંગમાં એક ગોળી સરકાવવા પ્રયત્ન કરેલો, પણ ગોળી જરા કતરાતી વાગેલી. એટલે ગોળી તો બહારની બહાર રહી, પણ પગમાં જરા છરતો કાપો નોંધતી ગએલી, અને કપડું પણ વેતરતી ગએલી. અને કોણ જાણે કેમ, આપણા પોલીસ સાર્જંટો આવું કંઇક થાય ત્યારે અમારા જેવાના નામની યાદી પકડી બેપાંચ નામ ધરી દે. એમાં અમે ઠીક ગાજેલા. એટલે અમે સવારી ઉપાડેલી કૅનેડામાં. ત્યાં આ ખળું. તદ્દન એકાંત. થૅંક્સ ટુ અવર ફ્રેન્ડ પિયર લિયોન. એ મને ત્યાં સંતાડી ગએલો. મારા ખાવાનાની પણ એણે ત્યાં ગોઠવણ કરેલી. અને ખળામાં જ છાપરું, એટલે ત્યાં પડી રહેવામાં જોખમ તો નહોતું જ. પણ એકલા કરવાનું શું? ત્યાં એક ખૂણામાં ચોપડીઓનો ઢગલો. ખાસ તો ડાક્ટરી, જૂની, કોઈનાં ગળાં કેમ કાપવાં, પેટ કેમ ચીરવાં... લિયોન કહેતો કે કેટલાક ધણી સાહેબો પોતાની વહુઓનાં કાસળ કાઢવા આ જગ્યાએ સજોડે હવાફેર આવતા, અને પાછા ફરતાં એકલા જવામાં નિરાંત અનુભવતા. એવી નામચીન આ જગ્યા. પડી સમજણ?

ત્યાં લિયોને થોડી ગોળીઓની પણ ગોઠવણ કરેલી. અને પડ્યા પડ્યા મારું કામ ખળામાં સંતાતા ફરતા ઊંદરો બહાર આવી દોડતા ફરે ત્યારે એના પર નિશાન તાકી ખતમ કરવાનું. એવા રોજના કંઇ નહિ તો પચાસ-સાઠ ઊંદરો હું સાફ કરતો અને એમાં હું એવડો કાબેલ બની ગયો કે જો હું એમ નક્કી કરું કે મારે ઊંદરની જમણી આંખમાં ગોળી સેરવવી છે, તો તેમ, ને બે આંખની વચ્ચે સેરવવી છે તો તેમ; યા ડાબીમાં જીવ ચાહે તો ડાબીમાં ધારી ગોળીઓ મારતો ...મને લાગે છે કે પણે ટેબલ પાછળ ઊંદર જેવું જ કંઈ ગયું!'

'મોટા ભાઈ! આ ન્યૂ યૉર્ક છે, કૅનેડા નથી. અને અહીં ધડાકો કરશો તો મૅનેજર આપણા બેયના હાથમાં ઝાંઝરિયાં પહેરાવશે.'

'ના; બાકી બે ને આઠનો યા એક ને દસનો ભાવ આપવા હું તૈયાર છું. મારો બેટો બહાર નીકળે એટલી વાર!'

'જુલિયા! ફરી કહું છું કે આ ન્યૂ યૉર્કનો આઠમો ઍવેન્યુ છે, કૅનેડાનું ખળું નથી. અહીં ઊંદર મળવો મુશ્કેલ. હશે; પણ એની ઉપર રેઈસ કોર્સના ભાવ બોલાવવા એ ઘટારત નથી; આગળ ચાલો.'

'ત્યાં કૅનેડાના એ ખળામાંથી બહાર સરકી દરિયાકિનારે કદીક લટાર મારવા નીકળું. એવી એકાદ લટારમાં કિટીબાઇ મળેલાં અને અમને દોસ્તી થએલી. એ ત્યાં હવાફેર આવેલાં. May be *vice versa*—એટલે કે સ્રીને બદલે કોઈ પુરુષનું કાસળ કાઢવા એ પધાર્યાં હોય. પણ એવી આડી વાતોમાં મને રસ નહોતો. અને આ ખળામાં અને આસપાસ વસતા રડ્યાખડ્યા પૅસેન્જરો ઊંદરની વસતિ સિવાય બીજી કોઈ પણ વાતની ઇચ્છાપૃચ્છા કરતા નહિ. અલબત્ત, અમે બંને ન્યૂ યૉર્કનાં વતની, એની જાણ થતાં અમે વધારે ગાઢ દોસ્તીના દાવ રમેલા. આમ અમારી ઓળખાણ. એટલે અહીં આવ્યો છું તો મારાં માતાજીની ખબર કાઢું એમ બને તો કિટીબાઈની ભાળ કાઢી લઉં. એણે આપેલું સરનામું મારા ગજવામાં જ છે. મોઢે યાદ નથી; કારણ બેત્રણ મહિના બાદ એ ત્યાંથી અલોપ થઈ ગયાં. ત્યાર બાદ એ સરનામા તરફ મેં નજર ફેરવી નથી. માટે દોસ્ત! હવે આપણે, મારી આ બે જવાબદારીઓ અદા કરવા બહાર નીકળવું જોઈએ.'

માનશો? બહાનાં કાઢવાની બાબતમાં મારા જેવો કોઈ હોશિયાર નહિ હોય. છતાં એની સાથે ગયા વિના મારે ન ચાલ્યું. વળી જો એ એમ માને કે હું ગલ્લાંતલ્લાં કરું છું, તો એનું મારે માટેનું માન તો ઘટી જાય એ વાત બાજુએ મૂકીએ, તો પણ એ નારાજ થાય તો એની નારાજી આપણને પરવડે નહિ. કારણ એમાં જિંદગીના જ સોદા હોય. એટલે અમે નીચે ઊતર્યા. મેં એને એની ગજવામાંની નાની બંદૂકડી સાથે ન લેવા સૂચના કરી જોઈ, પણ એ કહે કે એટલો ગરમાવો જો સાથે ન રાખે તો પોતાને ક્યારે શરદી થઈ જાય એનો ભરોસો નહિ!

આમ અમારી બેની સવારી બહાર પડી. એવામાં બાગમાંના નાના મકાનના છાપરા ઉપર એક વાંદરો અમારી નજરે પડચો. ત્યાં ઊભેલા બધા જ એ કદરૂપામાં કદરૂપી જાતના વાંદરાને જોવામાં લીન હતાં. વાંદરો મોટા કદનો. માણસ જેવડો જ લાગે. પણ ચહેરેમહોરે બેડોળ, અળખામણો, ભયંકર, બિહામણો. એના હાથમાં કંઈક હતું. પહેલાં તો ન સમજાયું, બરોબર ન પરખાયું; પણ શેરી ઓળંગીને આંખો સજ્જ કરી તો જાણ્યું કે એક બાળક હતું! બાજુમાં સરકસ, એટલે અમને પહેલો વિચાર તો એ આવ્યો કે આ કોઈ ફળદ્રુપ ભેજાએ ઉપજાવેલી જાહેરાત જ છે. પણ ત્યાં તો બૈરાંમંડળીની ચીસાચીસ, સરકસનાં માણસોની દોડધામ, અને આસપાસનાંઓની વાતચીત ઉપરથી તરત જ્ઞાન થયું કે આ વાંદરો–'મિ. બૅાંગો–સરકસનો સભ્ય છે, અને એનું પીંજરું સાફ કરતાં બારણાની સાંકળ વાસવાની રહી જતાં બૅાંગો મહાશય બાગમાં લટાર મારવા નીકળી પડચા. અને જાતે ગોરિલા, એટલે ત્યાં રમતાં બાળકોના ટોળામાંથી એક બાળકને પકડી, કુદાકડો મારી છાપરે ચડી બેઠા. ગોરિલા વાંદરાની કૂખમાં દડબાએલું બાળક કોઈ પણ માતાને ગભરાવી જ મારે, એટલે ત્યાં તો હોહા; અને બૅાંગોના પંજામાંથી આ બાળકને કેમ છોડવવું એની ચર્ચાસભા. પણે બૅાંગો પણ વચ્ચે વચ્ચે જાતજાતના અવાજો કાઢે છે; સરકસના કારીગરો બધાને શાંત રહેવા સમજાવે છે; પોલીસના અફસર આવો મામલો જોઈ વધારાના પોલીસોને બોલાવવા ટેલિફોન કરે છે; અને કોઈક સજ્જને આગ હોલવનાર બંબાવાળાને ટેલિફોન કર્યો હશે, તો તે પણ વાગતે ઘંટે ત્યાં દોડી આવવાની ધમાલમાં છે.

સરકસમાં બૅાંગોનું કામ ગોળ દડાઓ ઊંચકીને ફેંકવાનું. એમાં આ ઢીમચું હાથમાં આવ્યું. એટલે એનો એ સરકસનો પરિચિત દાવ અહીં તો નહિ રમે, એ વિષે પણ જાતજાતની અટકળો થવા માંડી. જાતજાતનાં બૈરાં ત્યાં ઊભાં હતાં. એમાં એક સન્નારી આંખો મીચીને કંઈ ગણગણી રહી હતી. એને જોતાં જ આપણો જુલિયો એની નજીક પહોંચી ગયો, અને 'હલ્લો' કરી ઊભો રહ્યો. એ જ હતાં કુમારી કિટી. એ કંઈ પ્રાર્થના કરતાં હોય એમ લાગ્યું. અને કિટીબાઈએ જેવો જુલિયાને જોયો કે જાણે દરરોજની ઓળખાણ હોય એમ, જાણે વર્ષ દિવસનો વિરહ ન હોય એમ, લાગલી જ બોલી: 'ઓ જુલિયા! કંઈક કરો. તમે આફતના સમયમાં અદ્ભુત—અને તમે કંઈ નહિ કરો તો કોઈ જ કશું નહિ કરે; અને આ તમાશો ચાલ્યા જ કરશે. પ્લીઝ પેલા બાળકને બચાવો!'

જુલિયો તો ત્યાંથી બે ડગલાં પાછળ હઠી ગયો અને ગજવામાંથી બંદુકડી કાઢી. હું પૂછું છું કે 'તમારી શી મકસદ છે?' તો એ કહે છે 'આ ગોરિલો કોઈના ઉપર બચ્ચાને ફેંકે તે પહેલાં એને વીંધી નાખીશ. માળો, કોઈ નહિ અને મારી ઉપર જ બાળકને ફેંકે તો પણ નવાઈ નહિ.'

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૨૦ • યુવતી - યુંગફ્રાઉ

સવારે ફરી ડેરા ઉઠાવ્યા. સ્વિટ્ઝર્લૅન્ડના કદાચ સહુથી વિશેષ રમણીય સ્થળ ઇન્ટરલાકન જવા રવાના થઈ ગયો. હિમાચ્છાદિત પર્વતો આખે રસ્તે સાથ આપતા રહ્યા. ઊતરતાં વેંત જ ઈન્ટરલાકન ગમી ગયું. તેનાં સરોવરો (ઈન્ટરલાકન એટલે જ બે સરોવરની વચ્ચેનું ગામ) સ્વચ્છ બિલોરી પાણીને અંગે આખા ગામને અદ્‌ભુત સૌન્દર્યથી મઢી દેતાં હતાં. હોટેલમાં ગયો. સરસ હતી. જરા તાજો થઈ જવા સરોવરોની ટૂર કરી આવવા ગયો. બોટ તૈયાર હતી. બિલોરી જળમાં વહી જતી એ નૌકા આસમાની અસર ઊભી કરતી. એની અદ્‌ભુતતા નિહાળતાં નિહાળતાં હું એકાદ સ્વપ્નલોકમાં ખોવાઈ ગયો હોઉં એવું લાગતું હતું. જાણે બધું જ ઓગળતું હતું—ભૂત ને ભવિષ્ય. માત્ર વર્તમાન સત્ય હતો અને એ તો સ્વપ્નમય બની ગયો હતો!

આવતી કાલે યુંગફ્રાઉ જવાનું હતું. યુરોપની કદાચ સહુથી સુંદર યાત્રા તે સ્થળની ગણાય. હોટેલ પર જમવા ગયો. ત્યાં અમુક નંબરનું ટેબલ મારે માટે ગોઠવી રાખેલું હતું. રહું ત્યાં સુધી ત્યાં જ જમવાનું. ટેરેન્સ રેટિગનના નાટક Separate Tablesની યાદ આવી. આવાં સ્થળોએ હોટેલમાં પોતપોતાના નંબરવાળાં ટેબલો આપવામાં આવે છે. એ રીતે, એ નાટક વાંચ્યું ત્યારે જે એક મુદ્દો ચોખ્ખો નહોતો સમજાયો તે સ્પષ્ટ થઈ ગયો. ક્યાંક્યાંથી કેવી કેવી વસ્તુઓ સમજાઈ જાય છે!

જમ્યા પછી હોટેલની સંચાલિકા સાથે આવતી કાલની મારી યુંગફ્રાઉની યાત્રા વિષે વાત કરવા લાગ્યો. ત્યાં એક અંગ્રેજ કુટુંબ—પતિપત્ની અને બહેનનું બનેલું—આવ્યું અને અદબપૂર્વક ઊભું રહ્યું. અમારી વાત પૂરી થઈ કે તેમાંના પુરુષે મારે ખભે હાથ અડાડ્યો. સામે જોયું એટલે એણે સ્મિત કર્યું. કહ્યું: 'જરા થોભશો? પછી આપણે થોડી વાતો કરીએ.' શું હશે? બાજુમાં જોયું તો તેની સાથેની સ્ત્રીઓ મૈત્રીભર્યું સ્મિત કરી રહી હતી. મેં કહ્યું: 'જરૂર.'

બે ક્ષણમાં તેણે સંચાલિકા જોડેનું પોતાનું કામ પતાવી લીધું. પછી મારી સાથે હાથ મિલાવી કહે: 'આપણે અહીં ક્યાંક બેસીશું?'

'ખુશીથી'. લાઉન્જમાં ગયાં. તેણે પોતાની ઓળખાણ આપી. અંગ્રેજ હતો. પર્વતોનો શોખીન હતો. ઇંગ્લૅન્ડમાં ન્યૂ કૅસલથી આવતો હતો. સાથે એની બહેન તથા પત્ની હતાં. કહે: 'આ મારું પ્રિય સ્થળ છે. વર્ષે ઓછામાં ઓછો એક વાર તો અહીં આવું જ છું. યુંગફ્રાઉ તો દર વખતે જાઉં જ. ઉપરાંત આજુબાજુ ડુંગરોમાં પણ ખૂબ રખડું છું.'

'અમે પણ એમની સાથે જ રખડીએ છીએ.' એની પત્ની બોલી.

'ફાવે છે?' મેં પૂછ્યું. ત્રણેમાંથી કોઈની ઉમર સાઠથી ઓછી નહિ હોય.

'હુ વી લાઈક ઈટ?' તેની બહેને કહ્યું: 'વી રેલિશ ઈટ.' પછી યુંગફ્રાઉ વિષે ઝીણામાં ઝીણી સૂચના આપી. 'સમય હોય તો બહાર નીકળીએ. મઝા આવશે. સાથે ક્યાંક કૉફી પણ પીશું.'

મારી પાસે સમય સિવાય બીજું હતું પણ શું? હા પાડી. બહાર નીકળ્યાં. રસ્તે દિલ્લગી ઠઠ્ઠા કરતાં કરતાં જતાં હતાં. કોઈ જુએ તો કહે કે જીવનભરના મિત્રો હશે. આ લોકોમાં પ્રવાસનું તો એવું જ છે.

એક સરસ રેસ્ટોરાંમાં જઈ કૉફી પીધી. ભારત અને વિલાયત વિષે વાતો કરી. હું અંગ્રેજ રાજ્ય વિરુદ્ધ સત્યાગ્રહ કરી જેલમાં જઈ આવ્યો હતો એ વાતે એમને રમૂજ પ્રેરી. 'ઇટ વૉઝ એ બૅડ ડ્રીમ.' કહી આખી વાત ખંખેરી નાખી.

ઊઠતાં હતાં, રાત્રે અગિયારેક વાગ્યે, ત્યાં પેલી બહેનને ઓચિંતું યાદ આવ્યું. પૂછ્યું: 'મિ. બ્રોકર, યુંગફ્રાઉ પર લઈ જવાનાં ગૉગલ્સ તો સારાં છે ને તમારાં!' 'ગૉગલ્સ જ નથી.' મેં કહ્યું.

'અરે અરે! ગૉગલ્સ તો લઈ જવાનાં. બરફ ઉપર પડતાં સૂર્યનાં કિરણો આપણી આંખમાં જાય, આ ઊંચાઇએ, તો એ નુકસાન કરે.'

'પણ મારી આંખ સારી છે.'

'એટલે તો એને જાળવવી જ જોઈએ ને?' પત્ની બોલી.

'કેમ કરીશું?' મિત્ર બોલ્યા. બહેને કહ્યું: 'એમ કરો, મિ. બ્રોકર, મારી પાસે ગૉગલ્સ છે. જૂનાં છે ને બહુ સારાં નથી, પણ તમને કામ આવશે. તમે એ લઈ જજો.' 'પણ...'

'પણ ને બણ—' તેમના અવાજમાં આદેશ પુરાયો: 'કહ્યું નહિ કે અહીંનાં અનુભવી છીએ?' 'ને તમે નથી.' મિત્રે કહ્યું.

'એટલે અમે કહીએ તેમ કરવાનું.'

'હુકમ માથે ચડાવીશ'. મેં કહ્યું. 'હાં, હવે બરાબર.'

આનંદભરી વાતો કરતાં કરતાં પાછાં હોટેલ તરફ ચાલ્યાં. બીજી જ વાતો હું કર્યે રાખતો હતો. પેલી ચશ્માંવાળી વાત એ ભૂલી જાય તો સારું એમ મનમાં થતું હતું. એવું કોઈનું જોખમ ક્યાં સાથે લઈ જવું? પણ જેવાં હોટેલમાં પહોંચ્યાં કે પેલાં બહેને કહ્યું: 'એક મિનિટ ઊભા રહેજો, હોં.'

ને એ દોડી. એક જ મિનિટમાં પાછી આવી. સાથે પેલાં ગૉગલ્સ લાવી હતી. મારા હાથમાં આપતાં કહ્યું: 'આ જૂનાં છે, ને નકામાં જેવાં છે, એટલે તૂટી કે ખોવાઇ જાય તો ચિંતા નહિ કરતા. પણ ત્યાં પહેરજો તો ખરા જ.' કૃતજ્ઞતાભર્યા ભાવે એ સ્વીકારી લીધાં.

સવારે તૈયાર થઈ નીચે ઊતર્યો ત્યાં એ ત્રણે મિત્રો લાઉન્જનમાં બેઠાં હતાં: 'તમને વિદાય આપવા બેઠાં છીએ.' પેલી બહેનોએ કહ્યું.

'એ યુવતીને મારાં વંદન પહોંચાડવાનું તમને કહેવા હું તો આવ્યો છું.' એ મિત્રે કહ્યું.—યુવતી? પછી તરત જ સમજી ગયો. 'યુંગ-ફ્રાઉ' એટલે 'યંગ વૂમન'—યુવતી. આવી જાજ્વલ્યમાન યુવતી! યુવતી સુંદર હોય. એ તો આ હતી જ. પણ સુકુમાર પણ હોય. આ તો ભવ્ય અને જાજ્વલ્યમાન હતી આવું નામ કેમ પડયું હશે? સુંદર યુવતી તરફ સહુ આકર્ષાય. આની તરફ આખું જગત આકર્ષાતું હતું એટલે? કોણ જાણે. પણ એથી એને જોવાની તાલાવેલી વધી ગઈ.

ત્રણે મિત્રોનાં પ્રેમભર્યાં આશીર્વચનો લઈ બહાર નીકળી પડયો. સાથે હોટેલનાં સંચાલિકા બહેને ઠાંસીઠાંસીને ખાવાનું ભરેલી એક કોથળી આપી દીધી. 'આટલું બધું ન જોઈએ'—ની મારી વાત તેણે સાંભળી જ નહિ. 'ત્યાં ડુંગર ઉપર બધું ખવાઈ જાય.' તેણે કહ્યું.

પ્રભાતની હવા માદક હતી. પગમાં આપોઆપ જ સ્ફૂર્તિ વરતાય. છેક ૧૧,૧૦૦ ફીટની ઊંચાઈએ યુંગ ફ્રાઉ લઇ જનારી નાની રેલવે સગવડવાળી છે. જરા ઉતાવળે પહોંચ્યો એટલે બારી પાસે જગ્યા મળી ગઈ. મનને આનંદ થયો. રસ્તે આખે સૌન્દર્યનાં દર્શન કરવા મળશે.

ટ્રેઈન ઊપડી એટલે આજુબાજુ જોયું. બધા અપરિચિત ચહેરા હતા. બધા ઉપર ઔત્સુક્ય કોતરાઈ ગયું હતું. એ ઔત્સુક્ય એ અપરિચિત ચહેરાઓને એક જાતની પરિચિતતા અર્પી દેતું હતું. એ પરિચિતતા મૈત્રીભાવની સૂચક તો નહિ હોય?

ખબર નથી પણ મારી જ બાજુમાં બેઠેલી એક યુવતીના ચહેરા ઉપરની પરિચિતતા તો એ ભાવની સૂચક હતી જ. નારી સાથે આંખ મળતાં એ હસી. મેં પૂછ્યું: 'ક્યાંથી આવો છો?'

એ હસતી રહી, પણ કશું બોલી નહિ. સમજી ગયો. પૂછ્યું: 'નો ઇંગ્લિશ?' તેણે ડોકું ધુણાવ્યું. સારું થયું. મનમાં થયું કદાચ એની સાથેની વાતોમાં આ બારી બહારનું સૌન્દર્ય પૂરું જોવા ન પણ મળત.

ડોકું ફેરવ્યું. બહાર તો એ અસરે ભરાતું હતું. આજુબાજુ હિમે મઢ્યા પહાડ હતા. વાદળ અને સૂરજ તેમને પળેપળે અવનવા સૌંદર્યે મઢતાં રહેતાં હતાં. વનરાજિ પણ મનને ભરી દે એવી હતી. ક્યાંક ઝરણાં, ક્યાંક ખેતરોમાં કામ કરતાં લોક, ક્યાંક કોઇ ગાય કે ઢોર-ઢાંખર એ સૌન્દર્યને પોતપોતાનું વ્યક્તિત્વ અર્પી અવનવો ઓપ ચડાવતાં હતાં. મુગ્ધ બનીને હું એ બધું જોઈ રહ્યો હતો ગાડી એની અલસ ગતિએ ઉપર ચડયે જતી હતી.

ઓચિંતો કોઈ શબ્દ સંભળાયો. ભ્રમ થયો માની મેં એ દિશામાં જોયું નહિ. ફરી શબ્દ સંભળાયો—બહુ જ નજીકથી. જરા ચમક્યો. બાજુમાં જોયું પેલી યુવતી સામેના દૃશ્ય તરફ આંગળી ચીંધતી હતી ને મને જ કહેતી હતી: 'બ્યૂટીફુલ!'

તો તો એને અંગ્રેજી આવડે છે! મેં હકારમાં ડોકું હલાવ્યું. સૌન્દર્ય-દર્શન આપે એ દીપ્તિ તેના આખા ચહેરા ઉપર ફરી વળી. ફરી તે બોલી: 'વેરી મચ.'

'યુ નો ઇંગ્લિશ.' મેં કહ્યું. 'લિતલ, લિતલ.'

એ 'લિતલ'નો ઉપયોગ કરવા સામે વેરાએલા આ અફાટ સૌન્દર્યે એને પ્રેરી હશે? સૌન્દર્યનો સ્વભાવ જ એવો છે. એકલાં એકલાં માણવું એ ગમતું નથી. એ હજી કશુંક વધારે કહેવા માગતી હતી, પણ શબ્દો એની મદદે આવતા નહોતા. મને પૂરા તો નહિ, પણ એ જે કહેવા માગતી હશે એનો અર્થ પોતામાં સમાવી લે એવા શબ્દો આવડતા હતા. એ મેં કહ્યા. એ રાજીરાજી થઈ ગઈ. 'કરેક્ત.' તે બોલી.

'તમારી ભાષા?' મેં પૂછ્યું. 'ઇતેલિયન.'.

'શું કરો છો ત્યાં?' 'શિક્ષિકા છું.'

'ફરવા નીકળ્યાં છો?'

'હા, પડોશમાં જ છીએ, પણ આ સુંદર પ્રદેશ કદી જોયો નહોતો.'

'ઇટલી પણ સુંદર છે.' 'પણ આના જેવું નહિ.'

ત્યાં તો કોઈ અદ્ભુત દૃશ્ય સામે પથરાઈ ગયું. તે જોયું ને તેણે બે હાથે જોરથી તાળી પાડી. હર્ષસભર અવાજે કહ્યું: 'લુક!'

ખરેખર સરસ હતું. ફરી એની સામે જોયું. એનો ચહેરો હજી દીપ્તિથી મઢેલો હતો. બોલી: 'વન્ડરફુલ.'

'તમારો આ આનંદ પણ મને વન્ડરફુલ લાગે છે.' મેં કહ્યું.

'કેમ? આવું જોઈને તો...'

થોડુંથોડું જ અંગ્રેજી એને આવડતું હતું. પણ અમારું ગાડું ગબડયે જતું હતું. આ સૌન્દર્યપ્રવાસમાં સૌન્દર્યનું શોખીન સાથી મળી ગયું એને મેં મારું સદ્ભાગ્ય ગણ્યું. તેને એ કહ્યું પણ. તેનો ચહેરો જરા લાલ બન્યો. એ યુવાન ચહેરો આમે ય સુરેખ ને સુંદર હતો. લાલીએ એને વિશેષ સુંદર બનાવ્યો. તેણે સરળતાથી કહ્યું: 'હું કવિતા શીખવું છું.'

'સરસ તો તો.' હું બોલ્યો.

'ના; કવિતા શીખવનારા ઝાઝે ભાગે કવિતાને ચાહનારા હોતા નથી. પણ મને તો કવિતા ગમે પણ છે.'

'એ તો તમારા પ્રત્યાઘાતો કહી આપે છે.'

રંગેચંગે અરધે રસ્તે પહોંચી ગયાં. ત્યાં વળી ગાડી બદલવાની હતી. મેં કહ્યું: 'હવે આપણે કદાચ છૂટાં પડી જઈશું. હું તો સામી ગાડી તરફ દોડી જઈશ. તમે બહુ આનંદ આપ્યો એ માટે આભાર.'

'છૂટાં પડીએ ત્યારે એ બધું કહેવાનું.'

'કદાચ હમણાં જ છૂટાં પડી જઇશું.' 'નહિ પડીએ.'

'કેમ?' 'હું પણ તમારી જોડે દોડીશ.'

'પણ કદાચ બધાં જ દોડતાં હશે.'

'તો તમે મારો હાથ પકડી રાખજો. હું પાછળ ન પડી જાઉં.'

'પણ હું ઝડપથી ચાલનાર છું હોં. તમને મુશ્કેલ પડશે.'

'એમ તો તમારાથી નાની છું; છતાં તમને મારી પાછળ નહિ ખેંચું.'

સાથેસાથે જ ચાલી આવી. બદલવાની ગાડીમાં અમે સાથે જ પહોંચ્યાં. ત્યાંની રીત પ્રમાણે મેં સહજ રીતે તેને બારી આગળ બેસવા કહ્યું. ન બેઠી. કહે: 'આ બધું જોતાં તમારો ચહેરો જે થાય છે ને, એ મારે જોવો છે. એટલે તો તમને છોડ્યા નથી.'

'કવિ લાગો છો.'

'ખબર નથી પણ તમને તો કવિતા ગમતી જ હશે.'

ગાડી ચાલી. જેમ ઊંચે જતાં હતાં તેમ વિશેષ સમૃદ્ધ સૌન્દર્ય નજરે પડતું હતું. યુવતી એ બધું જોતાં કહેતી જતી હતી: 'મને નિસર્ગને જોવાનો બહુ શોખ છે. રજાઓ પડે છે કે નીકળી પડું છું ઇંગ્લૅન્ડ, ફ્રાંસ, બધે જઈ આવી છું. સ્વિટ્ઝર્લૅન્ડ નહોતી આવી. પણ સારું થયું કે આવી.' 'કેમ?'

'આવું મન ક્યાંય નહોતું ભરાયું.'

યુંગ ફ્રાઉ સુધી પહોંચ્યાં ત્યાં સુધીમાં તો એનો ઇતિહાસ હું જાણી ચૂક્યો હતો. ટ્યૂરિનની એ હતી. નામ હેલન સ્મોન્ધીની. ઉમર પચ્ચીસ આસપાસ. અપરિણીત. પરણવાની ઈચ્છા ખરી, પણ મન પૂરેપૂરું માને તો જ.

'કેમ મન ન માને? ઇટલીના પુરુષો તો પ્રેમ કરવા માટે વખણાય છે.'

'ઇટૅલિયનને તો કદી યે ન જ પરણું.' તેણે જુસ્સાથી કહ્યું.

'કેમ?' મને એનો એ જુસ્સો ન સમજાયો.

'એ લોકો—એ લોકો...વિશેષ શું બોલવું એ આવડતું ન લાગ્યું એટલે તેણે ટૂંકમાં કહી દીધું: 'નૉત કરેક્ત.'

'તો ફ્રેન્ચ?' 'નૉત કરેક્ત, તૂ રૉમૅન્તિક.'

'ને અંગ્રેજ?' હવે મારાથી હસવું ખળાતું નહોતું.

'કરેક્ત. એ મળે તો પરણું.'

'ને હિંદી?' હવે હું રંગમાં આવી ગયો હતો. 'કરેક્ત!' તે બોલી. મને આશ્ચર્ય થયું. 'તમે હિંદીઓને ઓળખો છો?' પૂછ્યું.

'તમે હિંદી છો ને?' એણે સામે પૂછ્યું. 'તેથી શું થયું?'

'કરેક્ત.' તેણે આંખમાં તોફાનની ચમક લાવી કહ્યું.

એ ઉપર હસીને હાથ મિલાવ્યા. એનામાં વિનોદવૃત્તિ તો હતી જ.

શિખર પર સાથે જ ઘૂમ્યાં. યુવતી યુંગ ફ્રાઉ તેના પૂર્ણ તેજે ચમકતી હતી. દિવસ ચોખ્ખો બની ગયો હતો ને વાદળો નહોતાં. બરફ ઉપર પડતાં સૂરજનાં કિરણો આંખને આંજી નાખે તેવાં હતાં. તરત જ પેલી અંગ્રેજ બહેનની યાદ આવી ગઈ. તેણે આપેલાં ગૉગલ્સ આંખે ચડાવી લીધાં. હેલન પાસે તો પોતાનાં ગૉગલ્સ હતાં જ.

ચારે બાજુ અફાટ વિસ્તાર વિસ્તરેલો હતો. બધા જ પ્રવાસીઓ તરસી આંખે એ બધું પી રહ્યા હતા. ચારે બાજુની ભવ્યતામાં એક જાતની કમનીયતા પણ હતી. તેથી જ એને યંગ વૂમન કહી હશે!

એક બાજુ બરફની ગુફા હતી. રીતસરની ગુફા. અંદર ઠંડી પણ સખત હતી. ઓવરકોટ ચડાવ્યો. હેલને અને એના જેવા અનેક સુસજ્જ પ્રવાસીઓએ હાથનાં મોજાં પણ પહેરી લીધાં. ગુફામાં ચાલતાં પગ લસરતા હતા. એક તો બૂટ પહેરવાનું ફાવે નહિ. તેમાં વળી આ

થીજેલા બરફ ઉપર ચાલવાનું! ફાવતું નહોતું. પણ અભિમાન કોઈનો આશ્રય માગવા દે તેમ નહોતું. હેલન અંદર ક્યાંક છૂટી પડી ગઈ હતી.

અભિમાને પોતાનું ધાર્યું કર્યું. ભૌતિક નિયમોએ પોતાનું ધાર્યું. સપ દઈને સરી પડચો! આજુબાજુથી અનેક માણસો દોડી આવ્યાં. ઊભો કર્યો. સદ્ભાગ્યે સીધો પડચો હતો અને ઝાઝું વાગ્યું નહોતું. ભોંઠા તો શું પડવાનું? પણ લોકોની લાગણી ગમી. કેટલી બધી સંભાળ રાખતાં હતાં! હેલન પણ આવી પહોંચી: 'મારો હાથ પકડતાં શરમાતા હતા, કેમ?' તેણે ઠપકો આપ્યો. મેં હસીને કહ્યું: 'નૉત કરેક્ત!'

હવે સંભાળપૂર્વક ચાલ્યો. અંદર બરફની બનેલી એક મોટર પણ હતી. રીતસર મોટર જ જોઈ લો! સફેદ દૂધ જેવી મોટર!

કલાકો સુધી ત્યાં પડયાં રહ્યાં. રખડયાં પણ ખૂબ. પાછાં ફરતાં હતાં ત્યારે કશુંક અનિર્વચનીય અનુભવ્યાનો આનંદ હૃદયમાં ઊભરાતો હતો. ને પેટમાં ભૂખ. વચ્ચે ગાડી બદલવાની આવે ત્યારે ખાવાનું નક્કી કર્યું. મારી સાથે ખાવાનાથી ભરેલી પેલી કોથળી હતી જ, એથી મારે ત્યાંની રેસ્ટોરાંમાં જવાની જરૂર નહોતી. એટલે હેલનનો રેસ્ટોરાંમાં જવાનો પ્રસ્તાવ મેં ટાળ્યો. મારી કોથળી બતાવી. એણે એની બૅગમાંથી એની એવી કોથળી કાઢી ને મારી સામે હલાવી! રેસ્ટોરાંની વાત બંધ થઇ ગઈ. સરસ સ્થળ જોઇને ખાવાનું નક્કી કર્યું.

નાના ગામડામાં થોડે દૂર સુધી ચાલ્યાં. બેસવા જેવું સ્થળ આવ્યું. પાસે એક મકાન હતું. બહાર વૃક્ષો હતાં. એક વૃક્ષનો આશ્રય લીધો અને અમારો ખજાનો ખોલ્યો. પેટ ભરીને ખાધું. વાત તો આખો વખત અમે માણેલા સૌન્દર્યની જ થતી હતી હાથ ખંખેરીને ઊઠયાં ત્યારે વધેલું બધું કોથળીમાં પડયું હતું. પણ હવે તેનો ભાર લાગતો હતો. એક જગ્યાએ નાખી દેવાનો વિચાર કર્યો. હાથ ઊંચો કર્યો ત્યાં હેલને એ પકડી લીધો: 'નો' તે બોલી. હું આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યો.

'ધિસ ઇઝ સ્વિતઝર્લૅન્દ. નૉત કરેક્ત.'

સમજી ગયો. આગળ ચાલ્યાં એટલે કહે: 'ઇન ઇતલિ,' ને પછી હાથથી ઘા કરવાનો અભિનય કર્યો. 'બત હીઅર—નો, નૉત હન. ધિસ ઇઝ સ્વિતઝર્લૅન્દ.'

પાછાં ફરતાં ટ્રેનમાંથી બહાર ફેંકવાનો પણ એ જ ઇન્કાર: 'નો, ધિસ ઈઝ સ્વિતઝર્લૅન્દ.'

પ્રદેશો પણ લોકોનાં મન ઉપર પોતાનો મહિમા કેવો સ્થાપી દે છે! ઇટલીમાં બધું થાય, પણ અહીં ન થાય! કંઈ નહિ. ઈન્ટરલાકનમાં પહોંચી તેને માટેની જગ્યાએ કચરાને પધરાવશું, બીજું શું?

ગાડી ઊભી રહી, ઈન્ટરલાકન આવી ગયું. ત્યાં એની વ્યવસ્થા કરી દીધી. હેલનને ઈન્ટરલાકનના મેઇન લાઈનના સ્ટેશનેથી અમુક સ્થળે ટ્રેનમાં જવાનું હતું. તેનો ઉતારો ત્યાં હતો—સરોવરને સામે કાંઠે આવેલા કોઈક સ્થળે. 'સ્ટેશન સુધી સાથે ચાલો,' તેણે કહ્યું.

સ્ટેશન જઈ હેલને પોતાની ટિકિટ કઢાવી. હજી કલાક પછી જવામાં એને વાંધો નહોતો. નજીકમાં આવેલા તળાવની પાળે જઈ બેઠાં.

ભારત વિષે તેનું કુતૂહલ અપાર હતું. નેહરુથી એ મુગ્ધ હતી. ગાંધીથી અજાણ; પણ નામનો મોહ. સાહિત્યની શોખીન, પણ સાહિત્ય વિષે વાત એને નહોતી કરવી; નેહરુ વિષે કરવી હતી.

ખૂબ કરી. છૂટાં પડયાં ત્યારે ક્યાંય સુધી ડબામાંથી તેણે હાથ હલાવ્યા કર્યો. ક્યાંથી કેવાંકેવાં અણજાણ પાત્રો આવી ભીતરની ધરતીને લીલીછમ કરી જાય છે એ વિચાર કરતોકરતો હું મારી હોટલ પર પહોંચ્યો. ત્યાં તો પેલાં ત્રણે જણાં રાહ જોતાં બેઠાં હતાં.

'મોડા થયા?' તેમણે કહ્યું.

મેં તેમને હેલન વિષે વાત કરી. ખુશ થયાં: 'આ પ્રવાસોની મજા જ એ છે. અવનવાં માણસોને મળાય, અને આપણી આ વિશાળ ધરતી આખરે તો એક જ તાલે ધબકે છે તેનો વારંવાર સુખદ અનુભવ થાય.' એ મિત્રે કહ્યું. બન્ને બહેનોએ એમાં સૂર પુરાવ્યો.

'તમારાં ગૉગલ્સ સાંજસમાં પાછાં લાવ્યો છું હોં.' કહી મેં એ પાછાં આપી દીધાં. ઉમેર્યું: 'એ જૂનાં પણ નથી, ને ખરાબ પણ નથી.'

'પણ નહિ તો તમે એ સ્વીકારો જ નહિ ને!' તેણે ભાવપૂર્વક કહ્યું.

ફરી પાછા જમીને રખડવા નીકળી પડચાં. રાતે છેક અગિયારે પાછાં આવ્યાં. સૂવા જતી વખતે એમણે કહ્યું: 'તમે ઇંગલૅન્ડ આવ્યા ત્યારે અમે તમને ઓળખતાં નહોતાં. હવે આવો ત્યારે તમે અજાણ્યા નહિ હો. ન્યૂ કૅસલમાં અમારું ઘર છે. સગવડવાળું છે. એક સ્વતંત્ર ઓરડો તમને આપી શકીશું આવશો ને?'

'જરૂર, જરૂર.' કહી અત્યંત ભાવપૂર્વક છૂટાં પડચાં. પાછું કદી મળાશે તો નહિ, પણ તેમની ઉષ્માભરી સોબત તો યાદ રહી જશે.

અનુસંધાન] ભુફ્ફો ભરાડી [પૃ. ૨૨૮થી

બાળકની ખોપરીમાં-ખોપરીમાં કે હૃદયમાં! તો શું થઈ જશે તે જાણો છો?'

'છ! છ! વાંદરાને ક્યાં અને કેવી રીતે મારવા એ તમે મારી ઉપર છોડો. એમાં પણ ટેકનીક છે. બંને આંખોની વચ્ચે વીંધું એટલે આ બાજુને બદલે પેલી બાજુ પડશે. એટલેકે ટૂંકમાં છાપરા ઉપર જ. એટલે તમે આવી બધી ફિકર મને સોંપી દો, અને મારા ધ્યાનમાં ખલેલ ન કરો.' ત્યાં તો સરકસના કારીગરો પણ ઊલટી પડચા. પણ એટલી વારમાં તો જુલિયાએ હાથ ચલાવ્યો, આંગળી દબાવી, ધડાક દેતો ને અવાજ સંભળાયો, અને સરકસવાળા બૅાગો મૂઓ હોય તો એક લાખ ડૉલરનો નુકસાનીનો દાવો માંડવાની વાતો પ્રસારતા પણ સંભળાયા.

પેલી બાજુ બેચાર જણા છાપરે ચડચા. એક જણે બાળકને હાથમાં લીધું, અને બીજા બે ત્રણ જણ વાંદરાનું શબ ઊચકી એની બે આંખોની વચ્ચે જડેલી ગોળીનું મથક બતાવતા ઊભા. કિટીબાઈ તો જુલિયાને બાઝી જ પડી અને એનો આભાર માનતી ઊભી. જુલિયાએ બંદૂકડી ગજવા-મ્યાન કરી

ત્રણચાર અફસરો જુલિયાને ધારીધારીને જોઈ રહ્યા હતા એકે તો ગજવામાંથી ઝાંઝરિયાં બહાર પણ કાઢયાં. એટલામાં એક અફસર એ ટોળીમાંથી આગળ આવ્યો. અને એ જ હતો જૉન બ્રેનિગન. એને જોતાં જ જુલિયાએ પોતાના ગજવા પર બંદૂકડી બહાર કાઢવા હાથ નાખ્યો. પણ બ્રેનિગને એને આંખના ઈશારે રોકી, જરા દૂર હડસેલી, બાજુ પર ખેંચી કહ્યું: 'જુલિયા! એ હમણાં રહેવા દે. હું કહું તેમ કર. મારી પાછળ વહ્યો આવ.' જરા આઘે, ઉપર ફરતી બત્તીવાળી પીળી ગાડી હતી એમાં એને બેસાડી કહે છે: 'જુલિયા! હું તારો પીછો જ પકડતો હતો. પણ જો હવે સમજ. બે બ્લૉક દૂર હું તને ખૂણામાં ઉતારી મૂકું છું. તારી માને મળી લે. અને પછી તરત જ ન્યૂ યૉર્કમાં જેટલો છાનોમાનો આવ્યો, એથી પણ વધુ ચૂપકીથી વિદાય થઈ જા. કારણ મારા સાથીદારો તને પકડવા જ ફરે છે. જા. અને જો સાંભળ. તેં મારું બાળક બચાવ્યું છે. એનો આભાર હું કદી નહિ ભૂલું. કિટી અને હું વરસેકથી પરણ્યાં છીએ. પેલા બાળકની મા કિટી! સમજ્યો? જા, ભાગ!'

તો જુલિયો કહે છે: 'હાં, મને બાળકના મોં ઉપરથી લાગતું જ હતું કે એ તારું બાળક છે. જો કે જ્યારે મેં નિશાન તાક્યું ત્યારે ગોરિલાના મોંમાં અને બાળકના મોંમાં મને કોઈ ફરક જેવું લાગેલું નહિ, પણ ખેર; થૅંક્સ.'



કવિવર રવીન્દ્રનાથે ઉત્તરજીવનમાં લખેલી કવિત્વમય ને રસભરી જીવનપ્રબોધક લઘુકથાઓનો અનુવાદ શ્રી વિનોદ કોઠારીએ ત્યારે આપવા માંડેલો. એ 'લિપિકા'ની કથાઓ પૈકી આ, પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી:



પચ્ચીસ વર્ષ પહેલાં

જૂન ૧૯૪૪ અંક ૨૪૬

નામનો મહિમા

નાનપણથી જ તેણે કવિતા લખવાનું શરૂ કરેલું. બહુ મહેનત લઈને નોટબુકમાં સોનેરી શાહીની કિનારી આંકી, તેના પર વેલબુટ્ટી ચીતરી, અંદર લાલ શાહીથી તે કવિતાઓ લખીને રાખતો, અને ખૂબ ભપકાથી પૂઠા પર લખતો: 'શ્રી કેદારનાથ ઘોષ'.

એકએક કરીને એમાંનાં કાવ્યો તે પત્રોમાં મોકલવા લાગ્યો. પણ ક્યાંયે કાંઈ છપાયું નહિ.

મનમાં ને મનમાં એણે નિશ્ચય કર્યો કે જ્યારે હાથમાં પૈસા આવે ત્યારે પોતે જ એક પત્ર બહાર પાડવું.

બાપુના મૃત્યુ પછી વડીલો વારંવાર કહેતા: 'કોઈ એકાદ ધંધે લાગી જા; ખાલી લખવામાં જ વખત બગાડ નહિ.' તે જરાક હસી લેતો અને વળી લખવા મંડી પડતો. એક . . . બે . . . ત્રણ ચોપડી તેણે વારાફરતી છપાવી.

આને લીધે ખૂબ આંદોલનો થશે એમ તેણે આશા રાખી હતી. કૈં ન થયું.

૨

એક વાચકના મનમાં આંદોલન થયું. તે તેનો ભાણેજ હતો. હમણાં જ ક ખ ગ ઘની બારાખડી શીખતો હતો. એટલે જે કોઈ ચોપડી હાથમાં આવતી તેના પર મંડી પડતો.

એક દિવસ એક ચોપડી લઇને હાંફતો હાંફતો મામા પાસે આવ્યો. કહ્યું: 'જુઓ જુઓ, મામા, આ તો તમારું નામ!'

મામા જરાક હસ્યા અને લાડથી છોકરાના ગાલ પર ટપલી મારી. પછી મામાએ તેની પેટી ખોલીને એક બીજી ચોપડી કાઢીને કહ્યું, 'ઠી . . . ક, આ વાંચ જોઉં.'

ભાંણો એકએક અક્ષર જોડીને મામાનું નામ વાંચી ગયો. પેટીમાંથી બીજી એક ચોપડી કાઢી. તેમાં પણ વાંચી જોયું તો મામાનું નામ!

એક પછી એક એમ ત્રણ ચોપડીમાં મામાનું નામ વાંચ્યું, એટલે હવે તેને એટલાથી જ સંતોષ ન થયો. બે હાથ પસારીને બોલ્યો, 'તમારું નામ તો કેટલી કેટ . . . લી બધી ચોપડીઓમાં છે. એક . . . સો . . . ચો . . . વીસ ને . . . સા . . . ત ચોપડીઓમાં!'

મામા આંખ મીંચીને બોલ્યા: 'એ તો ધીમે ધીમે ખબર પડશે.'

ભાણો ત્રણેય ચોપડીઓ લઇને કૂદતો કૂદતો ઘરની બુઢ્ઢી નોકરડીને બતાવવા લઈ ગયો.

૩

એવામાં મામાએ એક નાટક લખ્યું. છત્રપતિ શિવાજી હતા તેના નાયક. દોસ્તો કહેતા: 'જરૂર, આ નાટક થીએટરમાં ભજવાશે.'

મનમાં મનમાં પણ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યું કે રસ્તાએ રસ્તામાં અને ગલીએ ગલીમાં તેના નામની અને નાટકની જ બસ શહેરભરમાં વાતો ચાલી રહી છે.

આજે રવિવાર છે. તેના થીએટરપ્રેમી મિત્રો થીએટરવાળાની પાસે અભિપ્રાય લેવા ગયા છે. એટલે તે રસ્તા પર જ તાકી રહ્યો છે.

રવિવારે તેના ભાણેજને પણ રજા. આજે સવારથી તેણે એક રમત શોધી કાઢી છે. અન્યમનસ્ક મામાના લક્ષમાં એ આવ્યું નથી.

એની નિશાળ પાસે એક છાપખાનું છે. ત્યાંથી ભાણો પોતાના નામનાં કેટલાંક બીબાં ઉપાડી લાવ્યો છે. તેમાંનાં કેટલાંક નાનાં છે, કેટલાંક છે મોટાં. જે કોઈ ચોપડી મળે છે તેના પર સીસાના એ અક્ષર પર શાહી લગાડી લગાડીને પોતાનું નામ એ છાપે છે. મામાને આશ્ચર્યમાં નાખી દેવા હતા.

૪

આશ્ચર્યમાં નાખી દીધા. મામાએ એક વખત દીવાનખાનમાં આવીને જોયું તો છોકરો ભારે કામમાં હતો. 'કેમ કાનાઈ, શું કરછ?'

ભાણેજે ખૂબ આગ્રહપૂર્વક બતાવ્યું કે પોતે શું કરે છે. માત્ર ત્રણ ચોપડી પર નહિ, પણ ઓછામાં ઓછી પચ્ચીસ ચોપડી પર છે કાનાઈનું છાપેલું નામ.

'આ શી ધમાલ? ભણવાગણવાનું નામ નહિ ને બસ રમત રમત ને રમત! અને તે પણ કેવી રમત?'

કાનાઈએ બહુ યત્ને આણેલાં બીબાં મામાએ તેના હાથમાંથી છીનવી લીધાં.

કાનાઈ મોટેથી રડવા લાગ્યો; પછી હૂસકે હૂસકે રડવા લાગ્યો; અને પછી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. કેમે કર્યો છાનો રહેતો નથી.

બુઢ્ઢી નોકરડીએ આવીને પૂછ્યું, 'શું છે. બાબા?' કાનાઈએ કહ્યું: 'મારું...નામ.'

માએ આવીને કહ્યું: 'શું રે કાનાઈ, શું છે?'

કાનાઈએ રડતા રડતાં કહ્યું: 'મારું..નામ.'

નોકરડીએ એક પૂરી આપી. જમીન પર ફેંકીને તેણે કહ્યું: 'મારું...નામ.'

માએ આવીને કહ્યું: 'કાનાઈ, આ લે તારી રેલગાડી.' કાનાઈ રેલગાડી ફેંકી દઈને કહે: 'મારું... નામ.'

૫

થીએટર પરથી દોસ્ત આવ્યો.

મામા દરવાજા પર દોડતા જઈને પૂછવા લાગ્યા: 'શું થયું?'

દોસ્ત કહે: 'એમને પસંદ ન પડ્યું.'

કેટલી યે વાર ચૂપ રહ્યા પછી મામા બોલ્યા: 'મારું બધું યે ભલે જતું રહે, પણ હું પોતે જ થીએટર ખોલીશ.' દોસ્તે કહ્યું: 'આજે ફૂટબોલ મૅચ જોવા નથી જવું?'


એણે કહ્યું: 'આજે મને તાવ જેવું લાગે છે.'

સાંજે માએ આવીને કહ્યું: 'ખાવાનું ઠંડું થઈ ગયું.' એણે કહ્યું: 'ખાવું નથી.'

રાત્રે પત્નીએ કહ્યું: 'તમારો પેલો નવો લેખ સંભળાવોને!' એણે કહ્યું: 'માથું ચડ્યું છે.'

ભાણેજે આવીને કહ્યું: 'મારું નામ પાછું આપી દો.' મામાએ ધડ દઈને તેના ગાલ પર એક તમાચો ચોડી કાઢ્યો! **વિનોદ કોઠારી**

વહાણકથા–૧૮




ફ્રાંસિસ ડ્રેઈક અને કૅવેન્ડિશનની સફર પછી ઈંગ્લંડને દરિયાનો ઘણો નવો અનુભવ મળ્યો. ઈ. ૧૫૮૮માં સ્પેઇનના ફિલિપ બીજાએ એ કાળે યુરોપભરમાં 'અજય' ગણાતો પોતાનો નૌકાકાફલો મોકલી ઇંગ્લંડ પર ચડાઈ કરી. પણ તરતા ગઢ જેવા ૧૩૨ જહાજોના એ 'અજય' કાફલાના ૨૧૦૦૦ સૈનિકો માત્ર લડી જાણતા હતા. નૌસંચલન માટે તો ૮૦૦૦ નાવિકો અલગ હતા. ઉપર એમના એવા એક લડાયક જહાજનું ચિત્ર આપ્યું છે.

ઈંગ્લંડ પાસે આવો ગંજાવર કાફલો નહોતો. પણ એનું નૌકાદળ નૌવિદ્યાનું જ્ઞાતા હતું. ઍડમિરલ હૉવાર્ડ અને ફ્રાંસિસ ડ્રેઈક જેવા અનુભવી એમના નેતા હતા. એમનાં વહાણો વધુ સારી રીતે તરી શકતાં હતાં અને એમની ભારે તોપોની ગોલંદાજી વધુ જોરદાર હતી. આ ગોલંદાજીના જોરે જ હાથોહાથની લડાઈ ટાળતા રહીને ઇંગ્લંડે સ્પેઈનના કાફલાને વ્યૂહાત્મકરીતે દૂર રહીને પણ સતત ઘેરી રાખીને અને તોપમારો ચલાવીને એના ભુક્કા બોલાવી દીધા. આ યુદ્ધમાંથી ગભરાટમાં લંગર પણ ઊપાડયા વિના એની સાંકળો તોડીને નાઠેલાં સ્પેઈનનાં વહાણોમાંનાં કેટલાંક કિનારે ખેંચાઈ જઈ અથડાઈ અથડાઇને ભાંગી ગયાં.

ઇતિહાસમાં આ નૌકાયુદ્ધનું એક આગવું સ્થાન છે. સાગર પરના સ્પેઈનના વર્ચસ્વને પછાડીને હવે ઇંગ્લંડે ગૌરવ સાથે 'સાગરની રાણી'નું બિરુદ હાંસિલ કર્યું.

આ જ અરસામાં પૂર્વના દેશો સાથે તરી માર્ગે વેપાર ખેડવાના સાહસ માટે રાણી ઇલિઝાબેથ પહેલી પાસે પરવાનગી માગવામાં આવી. પણ એનો સ્વીકાર થયો નહિ, પરંતુ ઈ. ૧૫૯૨માં એક મોટું પોર્ટુગિઝ જહાજ પકડાયું. એમાંથી અઢીલાખ પાઉન્ડની કિંમતનો માલ તો મળ્યો તે ઉપરાંત હિંદુસ્તાન પહોંચવાના દરિયાઈ માર્ગની ઇંગ્લંડને માહિતી પણ હાથ લાગી ગઈ.



અમને નાખો જિંદગીની આગમાં
ફેરવીશું આગને પણ બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં.
—શેખ'દમ આબુવાલા

પ્રતિભાવાન ગુજરાતી વૈજ્ઞાનિક ડૉ. નૌતમ ભટ્ટ

ભારત સરકારના સંરક્ષણખાતાની એક મહત્ત્વની પ્રયોગશાળા 'સૉલિડ સ્ટેટ ફિઝિકલ લૅબોરેટરી'ના અધ્યક્ષ ડૉ. નૌતમ ભગવાનલાલ ભટ્ટને એમની ૯૧મી વર્ષગાંઠના દિવસે જ (ગઈ એપ્રિલની ૧૦મી તારીખે) સ્વ. રાષ્ટ્રપતિના હસ્તે પદ્મશ્રીનું બહુમાન અપાયું એ એક સુભગ યોગાનુયોગ બની રહ્યો. જામનગરમાં ઈ. ૧૯૦૯માં એમનો જન્મ. પિતા ભગવાનલાલ રામચંદ્ર ભટ્ટ, ભાવનગરમાં આજે પણ જેમના નામ પરથી 'ક. ભ.ની ખ.' (કલ્યાણ ભટ્ટની ખડકી) જાણીતી છે એ લબ્ધપ્રતિષ્ઠ પ્રશ્નોરા નાગર કલ્યાણ ભટ્ટના વંશજ. માતા ઉજમબા પણ એક પ્રભાવશાળી સન્નારી હતાં. કનૈયાલાલ, વિજયશંકર, નૌતમભાઈ અને મનવંતરાય તથા સ્વ. કમળા, સ્વ. મંગળા, સ્વ. સવિતા અને છેલ્લાં વીસેક વર્ષથી ઈંગ્લંડમાં ભારતીય હાઇકમિશનમાં કામ કરતાં હરબાળા, એમ આઠે ભાઇબહેનોમાં નૌતમભાઈ સૌથી દેખાવડા, નાનપણમાં તોફાની અને હોશિયાર.

ઈ. ૧૯૨૬માં ભાવનગર રાજ્યમાં મૅટ્રિકમાં પહેલા આવી એમણે સર જસવંતસિંહજી શિષ્યવૃત્તિ મેળવી. એ પછી ત્યાંની સામળદાસ કૉલેજમાં એક વર્ષ રહી અમદાવાદની ગુજરાત કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્ર સાથે બી.એસસી. થયા. અહીં તેઓ સ્વ. પ્રો. વીરમિત્ર દિવેટિયાના એક પટ્ટશિષ્ય ગણાતા. વિદ્યાભ્યાસ ઉપરાંત તેમને વ્યાયામ, સંગીત અને નાટકોનો પણ ઘણો શૉખ હતો. એ વખતે સ્વામીરાવના નામે ઓળખાતા જાણીતા ક્રાંતિકારી પૃથ્વીસિંહના, ભાવનગરના મોતીબાગમાં ચાલતા અખાડાના તેઓ એક સ્થાપક સભ્ય કહી શકાય. સંગીતનો શૉખ પણ મોટાભાઈ ડૉ. વિજયશંકરની સોબતથી વિકસેલો અને તે સમયમાં ભાવનગરમાં રહેતા કચ્છી ગાયક ઉસ્તાદ લાલખાં પાસેથી આ બંને ભાઈઓ ઘણી ચીજો શીખેલા. ઈ. ૧૯૨૭માં ગુજરાતમાં આવેલી રેલ માટે ફાળો ઉઘરાવવા કરેલા નાટ્યપ્રયોગમાં નૌતમભાઈને એક ગાયનમાં વીસ 'વન્સમોર' મળેલા. આજે પણ એમનો કંઠ એ સમયની તાલીમની સાક્ષી પૂરે તેવો છે. એ વખતની પ્રવૃત્તિઓના એમના સાથીદારો સર્વશ્રી હીરાલાલ ભગવતી, જયંતી દલાલ અને નરેન્દ્રરાય શુક્લને હજી યે એ ભૂલ્યા નથી.



ગુજરાત કૉલેજ પછી બૅંગલોરના ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સમાં એમણે ડૉ. સર સી. વી. રામનના હાથ નીચે ભૌતિકશાસ્ત્રનો વધુ અભ્યાસ કર્યો. ૧૯૩૬માં ભાવનગર રાજ્યની શિષ્યવૃત્તિ લઇને અમેરિકાની પ્રખ્યાત એમ. આઈ. ટી. સંસ્થામાં ઈલેક્ટ્રૉનિક્સ અને ઇલેક્ટ્રો–ઍકૉસ્ટિક્સનો અભ્યાસ કર્યો. એ સમયે ભાવનગરના બીજા પણ એક તેજસ્વી વિદ્યાર્થી સ્વ. અનંત પંડયા ત્યાં ભણતા. ત્યાં નૌતમભાઈએ 'બંધ નિયત સ્થાનોમાં

ધ્વનિનું વર્તન' (બીહેવિયર ઑવ સાઉન્ડ ઈન કન્ફાઈન્ડ સ્પેઇસિઝ) પર મહાનિબંધ લખીને ડૉક્ટરેટ મેળવી. અવાજનાં મોજાં વિષેના નિયમો-ને કદાચ આમ પહેલી જ વાર નવી દૃષ્ટિએ તપાસવામાં આવ્યાં હતાં.

અમેરિકાથી આવ્યા પછી ઘણાની પેઠે શરૂઆતમાં એમને પણ યોગ્ય નોકરી મળી નહિ. કલકત્તામાં સાયન્ટિફિક સ્ટોર્સના ઇન્સ્પેક્ટો-રેટમાં વૈજ્ઞાનિક તરીકેની જગ્યા અંતે મળી ખરી, પણ એ જતી કરીને એમણે સંશોધન અને શિક્ષણના ક્ષેત્રથી ખેંચાઈને એથી પણ અરધે પગારે બૅંગલોરના સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં વ્યાખ્યાતા થવાનું પસંદ કર્યું! ત્યાં એમણે કૉમ્યુનિકેશન એન્જિનીઅરિંગના વિદ્યાર્થીઓ માટે ઇલેક્ટ્રૉનિક્સને લગતા પાઠ્યક્રમો ઘડ્યા. આ દેશમાં આ જાતના પાઠ્યક્રમો એમણે જ પ્રથમ તૈયાર કર્યા. પછી અહીં તેઓ સંશોધન-ક્ષેત્રમાં ઓતપ્રોત થઈ ગયા અને એમનું કાર્ય ઝળકી ઊઠ્યું.

સ્વાતંત્ર્ય પછી જે અનેક નવી વ્યવસ્થાઓ ઊભી કરવાની જરૂર જણાઈ તેમાં ડૉ. નૌતમભાઈને સંરક્ષણ ખાતાના વૈજ્ઞાનિક આયોગ 'ડીફેન્સ સાયન્સ ઑર્ગેનિઝેશને' ખેંચી લીધા; અને એ પછીનાં એમનાં વર્ષો મુખ્યત્વે સરકારી તંત્ર અને સંસ્થાઓ સાથે જ સંકળાએલાં રહ્યાં છે. સંરક્ષણખાતાની એમની કામગીરી દરમિયાન સ્વ. ડૉ. શાંતિ-સ્વરૂપ ભટનાગરે ૧૯૫૩માં એમને પિલાણી (રાજસ્થાન)ની સેન્ટ્રલ ઈલેક્ટ્રૉનિક્સ એન્જિનીઅરિંગ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષપદે જવા અનુરોધ કર્યો. ત્યાં એમણે ત્રણ જ વર્ષમાં પાણીના કૂવાથી માંડીને અદ્યતન યંત્રસામગ્રીથી સુસજ્જ પ્રયોગશાળા ઊભી કરવાનું મહાભારત કાર્ય સફળતાથી પાર પાડ્યું, અને ભારત જ નહિ પણ દુનિયાના નકશામાં એ પ્રયોગશાળા મૂકી દેવાનો યશ પ્રાપ્ત કર્યો.

આ કામગીરી પૂરી કરી તેઓ ફરી સંરક્ષણખાતાના વૈજ્ઞાનિક વ્ય-વસ્થાતંત્રમાં પાછા ફર્યા. અહીં એમણે ૧૯૫૭માં 'રાડર રીસર્ચ યુનિટ' શરૂ કર્યું, જેમાંથી હૈદરાબાદનું ડીફેન્સ ઈલેક્ટ્રૉનિક્સ રીસર્ચ પ્રયોગ મથક વિકાસ પામ્યું. આ પછી એમને 'સૉલિડ સ્ટેટ ફિઝિક્સ'ની પ્રયોગ-શાળાની યોજના સોંપવામાં આવી. અહીં પણ ઝૂંપડીઓમાં કચેરી અને પ્રયોગશાળાઓ શરૂ કરીને એમણે દિલ્હી યુનિવર્સિટી વિસ્તારમાં આજની સુસજ્જ પ્રયોગશાળા ને મકાનોનાં આયોજનો પાર પાડ્યાં. આ કાર્ય એમના જીવનની એક યશકલગી સમું બની રહ્યું. એમને પદ્મ-શ્રી બનાવવા બાબતની સંરક્ષણખાતાની ભલામણોમાં એમની કામ-ગીરી, ખંત, કુનેહ, વ્યવસ્થાશક્તિ અને કલ્પનાશક્તિનાં ભારોભાર વખાણ કરવામાં આવ્યાં છે. આ ક્ષેત્રની અદ્યતન યંત્રવૈજ્ઞાનિક (ટૅકનૉ-લૉજિકલ) કક્ષા સુધી પોતાના સહકાર્યકરોને લઈ જવાનો યશ પણ ડૉ. ભટ્ટને જ અપાય છે. એમની દોરવણી નીચે આપણા દેશનો જ કાચો માલ વાપરીને ઉપયોગી ક્ષેત્રોમાં સંશોધનો થયાં છે.

આ સઘળી પ્રવૃત્તિઓ છતાં લલિતકળાનો રસ પણ એમણે ટકાવી રાખ્યો છે. દિલ્હીના 'ભારતીય કલાકેન્દ્ર'ની આદ્ય સંસ્થાપક સમિતિ-ના તેઓ સભ્ય હતા. આકાશવાણીના શાસ્ત્રીય સંગીત માટેના ઑડિ-શન બોર્ડના પણ તેઓ ૧૯૬૪થી સભ્ય રહ્યા છે. એમના અભિપ્રાય માટે શાસ્ત્રીય સંગીતના નામી કલાકારો ઊંચો આદર રાખે છે.

ઝડપથી કામ પાર મૂકવાની એમની ખાસિયત સહેજે જણાઈ આવે એવી છે. તે સાથે પોતાનો સ્વતંત્ર અને સ્વમાની મિજાજ પણ એણે જાળવી રાખ્યો છે, અને એ માટે ગમે તે સહન કરવાની પણ એમની સદા તૈયારી રહેતી આવી છે, જે સામાન્યતઃ સરકારી તંત્ર સાથે સંકળાએલી વ્યક્તિઓમાં ઓછો જોવા મળે છે. આને કારણે સંરક્ષણખાતામાં એમનું ઘણું ઊંચું માન રહ્યું છે.

ધ્વનિ અને ધ્વનિયંત્રો સાથે સંકળાએલા ડૉ. ભટ્ટની સેવાઓ દેશની ઘણી સંસ્થાઓ લે છે: રેડિયો-ટેલિવિઝનના ઉત્પાદન પ્રશ્નોમાં એમની સલાહનું ઊંચું મૂલ્ય ગણાતું રહ્યું છે. પોતાના આવા વિદ્વાન, અસાધારણ વ્યવસ્થાશક્તિવાળા સંસ્થાનિર્માતા પુત્રને ગુજરાત પોતા તરફ ખેંચીને એમનો ઘણો લાભ મેળવી શકે.

—હૃષિકેશ પાઠક

બ્રિટનમાં ગુજરાતના સંસ્કાર-વારસાનું દર્શન

લંડનના પૂર્વ વિસ્તારમાં બેથનાલ ગ્રીન વિભાગના નાના સંગ્રહા-લયમાં દેશદેશનાં રમકડાંનો સંગ્રહ છે. ત્યાં લાકડામાં કોરેલી અને રંગેલી બે સુંદર બિલાડીઓ છે. જોતાં જ મુગ્ધ થઈએ તેવી એ બિલાડી-ઓ સોએક વર્ષપહેલાં સુરતમાં બનાવેલી. લંડનના સાયન્સ મ્યૂઝિયમમાં વાહનવ્યવહારની પ્રગતિ બતાવતા વિભાગમાં ગુજરાતનો ધુધરિયાળો રથ જોઇને લાગ્યું કે દુનિયાનું સૌથી સુંદર વાહન શું ગુજરાતમાં હતું?


ગુજરાતના સંસ્કૃતિ-વારસાનું આવું દર્શન લંડન અને બ્રિટનમાં બીજે પણ થાય છે. બ્રિટિશ મ્યૂઝિયમ, વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝિ-યમ, કૉમનવેલ્થ ઇન્સ્ટિટ્યૂટ વગેરે સ્થળોમાં ભારતના સાંસ્કૃતિક અવ-શેષો સાથે ગુજરાતના પણ ઘણા નમૂના છે. પાલીતાણામાં કોતરાએલી અત્યંત રમણીય મૂર્તિ, કલ્પસૂત્રની હસ્તલિખિત પ્રતમાંના ગુજરાતી કલાકારનાં ચિત્રો, સોમનાથના મંદિરના થાંભલામાં કોતરેલી પૂતળી-ઓ, ગુજરાતની આરસપહાણની સરસ્વતીની મૂર્તિ, સૌરાષ્ટ્ર અને કચ્છના ભરતકામના નમૂના આદિ એ સંગ્રહસ્થાનોમાં સચવાયાં છે.

'કુમાર' માસિકના વાચકોએ વર્ષો પહેલાં જાણ્યું હતું કે અશોકના સ્થંભોમાંના એક સિંહસ્થંભ પરનો ખરોષ્ટી લિપિનો લેખ વાંચી શકાતો નહોતો તે ગુજરાતના વિદ્વાન શ્રી ભગવાનલાલ ઈન્દ્રજીએ ઉકેલી આપ્યો હતો. એ લેખવાળો સ્થંભનો ભાગ બ્રિટિશ મ્યૂઝિયમમાં છે.

લંડનના રીજન્ટ્સ પાર્કના પ્રાણીસંગ્રહ તરફ ફરતાં પાણીના નળ-ની એક પરબ આવે છે તે મુંબાઈના એક પારસી ગૃહસ્થે બંધાવી છે અને એના પર હિંદનાં પ્રાણીઓ કોતરેલાં છે. કૉમનવેલ્થ ઇન્સ્ટિટ્યૂટમાં એક નાના વિભાગની રચના માટે બીજા એક પારસી ગૃહસ્થ મંચેરશા ભાવનગરીએ દાન કરેલું છે. લંડનના એક જાહેર ચોકમાં પૂતળું મુકા-વાનું માન એક જ હિંદીને મળ્યું છે; સૌથી મોટા ગુજરાતી ગાંધીજીનું એ શિલ્પ ટૅવિસ્ટૉક સ્કવેરમાં છે.

ગુજરાતની કલાકારીગરી અને સંસ્કૃતિનો આવો વારસો લંડન, બર્મિંગહામ, માંચેસ્ટર, ગ્લાસગો, એડીનબરો આદિ ઘણે સ્થળે છે.
('ગરવી ગુજરાત')

—વિનાયક પંડ્યા




લંડનની બજારમાં મુકાએલાં બે નવાં ઘડિયાળો. પહેલું જમણી બાજુનું ક્રોનોગ્રાફ: વેગ, અંતર અને પેટ્રોલના વપરાશની ગણતરી પણ કરી આપે છે; જ્યારે બીજું ઘડિયાળ તત્કાળ ગુણાકાર-ભાગાકાર કરી આપે એવા ગોળાકાર 'સ્લાઈડ રૂલ'થી સજ્જ છે.

બૉલ-પૉઇન્ટ પેન

બૉલ પૉઇન્ટ પેન એ હમણાંની શોધ છે એમ લગભગ બધા માને છે. હકીકતે છેક ઈ. ૧૮૮૦માં એની શોધ થએલી, પણ ત્યારે એમાં આર્થિક લાભ દેખાયો નહોતો. પણ ઈ. ૧૯૪૩ના ગાળામાં અમેરિકન હવાઈદળે હવામાનના ઓછાવત્તા દબાણમાં પણ એકસરખી ચાલી શકે એવી પેનની માગણી કરી. ચાલુ પેનમાં શાહી ભર્યા પછી એની અંદરનું દબાણ શાહી ભરતી વખતના દબાણ જેટલું જ રહે છે, દરિયાની સપાટીએ ૩૦ ઈંચ જેટલું. પણ વિમાન ઊંચે જતાં તેમાં દબાણ ઓછું હોય છે: ૬૦૦૦ ફૂટ ઊંચે ૨૩ ઇંચ. આ વખતે પેનમાંનું દબાણ પ્રમાણમાં વધારે હોઈ એ શાહીને બહાર ધકેલે છે. પણ બૉલ પૉઇન્ટ પેનમાં અંદર-બહારનું દબાણ એકસરખું જ રહી શકતું હોઈ વાતાવરણના ફેરફારમાં પણ એમાંની શાહી એક સરખી ઊતરે છે.


બૉલ-પૉઇન્ટ પેનની રચના એવી છે કે એમાં ચાલુ પેનની પાતળી પ્રવાહી શાહીને બદલે ઘટ્ટ અને છતાં એકધારી સળંગ વહી શકે એવી શાહી જોઇએ. વળી, એ કાગળ પર લાગી રહેવી જોઈએ, જેથી લાંબા સમય જાળવી રાખવા જેવી નોંધો લખવામાં પણ વાપરી શકાય. આજે બજારમાં નજીવી કિંમતે એ 'રીફિલ' રૂપે બૉલ પૉઇન્ટ સાથે સુલભ છે. આવી એક રીફિલ એની બનાવટ પ્રમાણે સળંગ એકથી બે માઈલ લાંબી લીટી દોરી શકે એટલી ચાલે છે! બૉલ પૉઇન્ટ પેનના લાભ એ છે કે, પ્રથમ તો એ ઘણી સસ્તી પડે છે. બીજું, એને માટે શાહીની બાટલી કે ખડિયો રાખવો પડતો નથી. તુરત સુકાઇ જતી હોઈ શાહીચૂસની જરૂર પડતી નથી. એનો બૉલ બીજી પેનોની ટાંક કરતાં ઓછા ઘર્ષણથી વધુ સરળતાથી સરકી શકતો હોઈ ઝડપથી લખી શકાય છે. વાતાવરણના દબાણના ફેરફારમાં યે તે એકસરખી ચાલે છે. તો બીજી બાજુ, બૉલ-પૉઇન્ટ વડે અન્ય પેનની ટાંકથી થઈ શકે એવું જાડીપાતળી લીટીવાળું સુંદર લખાણ થઈ શકતું નથી: એના અક્ષરો બધા એક જ સરખી જાડાઇના થાય છે. બૉલ પૉઇન્ટ પેનથી લખવામાં વધુ ભાર દેવો પડતો હોઈ હાથ જલદી થાકી જાય છે. બૉલ પૉઇન્ટ પેનની શાહી કાગળ પરથી સરળતાથી ભૂંસી શકાતી હોઈ અગત્યના દસ્તાવેજો ને સહી વગેરે માટે એનો ઉપયોગ કાયદેસરનો ગણાતો નથી.

બજારમાં આજે તો અનેક અવનવા રૂપરંગે બૉલ પૉઇન્ટ પેન મળે છે, પણ એ બધામાં મુકાતી બૉલ પૉઇન્ટ અને શાહી સાથેની રીફિલ એકસરખી જ હોય છે. માત્ર એની બનાવટ પ્રમાણે એનો હલકો-ઊંચો દરજ્જો અંકાય એટલું જ. રચનાનો સિદ્ધાંત તો એક જ. સાથેની આકૃતિમાં એ રચના બતાવી છે.



આમાં મુખ્ય તો ત્રણ જ ભાગ છે: ૧) શાહી ભરવા માટેની નળી. એ ધાતુની કે પૉલીથીનની હોય છે. પૉલીથીનની નળી પારદર્શક હોઈ અંદરની શાહી કેટલી વપરાઈ તે નજરે જોઇ શકાય છે. ૨) બૉલને પકડી રાખનારું ધાતુનું પૉઇન્ટ. એમાં શાહી ઉતારવા માટે એક બારીક માર્ગ હોય છે. આ પૉઇન્ટના 'હોઠ' બૉલને પકડવા માટે બૉલની મધ્યરેખાથી ૧૨/૧૦૦૦ મિલિમીટર આગળ રહે છે, જેથી બૉલ અંદર ફરી શકવા છતાં બહાર નીકળી પડતો નથી. શંકુના બદલે નળાકારમાં પણ એ બને છે. પણ સિદ્ધાંત તો સરખો જ. ૩) બૉલ: સામાન્ય પેનનો બૉલ એક મિ. મિ. વ્યાસનો હોય છે, પણ વધુ ઝીણા લખાણ માટે ૦·૭ મિ. મિ. વ્યાસનો બૉલ પણ બને છે.

પેનમાં શાહી હલકા પ્રકારની હોય યા વધુ પ્રમાણમાં ઊતરતી હોય તો પૉઇન્ટના હોઠ પાસે એ એકઠી થઈ લખાણ બગાડે છે.



૨૪૦૦૦ ચો. ફૂટ પર આચ્છાદિત ૧૭૫ ફૂટના વ્યાસવાળો આ વિશાળ ઘુમ્મટ જીઓડેસિક પદ્ધતિથી, અંદર એક પણ ટેકો મૂક્યા વિનાના એલ્યુમીનિયમના માળખાથી બનાવેલો છે. સેન્ટ લૂઈ (યુનાઇટેડ સ્ટેટ્સ) શહેરના મિસૂરી બૉટનિક ગાર્ડનમાં 'ક્લાઈમૅટ્રૉન' નામે ઓળખાતા આ આચ્છાદનની અંદર એક પણ ખંડ પાડ્યા વિના જુદા જુદા સ્થાને, સમશીતોષ્ણ, ભેજવાળું કે ધોધાર વરસાદ જેવું વાતાવરણ સર્જીને તે તે ભાગમાં વિવિધ હવામાનમાં થતી લાક્ષણિક વનસ્પતિના ઉછેરના પ્રયોગ કરવામાં આવે છે.

ગાંધીસ્મારક-સિક્કા



યુરેશિયા ન્યૂમિસ્મૅટિક ઍન્ડ ઍન્ટિકવૅરીઅન એજન્સી (૯ બ્લૂમફિલ્ડ રોડ, લંડન, એન ૬) તરફથી ગાંધીશતાબ્દી નિમિત્તે ૩૩ મિલિમીટર વ્યાસના ૨૨ કૅરેટ સોનાના ૪૨ ગ્રામના અને ચાંદીના ૨૩ ગ્રામના આ ખાસ સ્મારકસિક્કા બહાર પાડવામાં આવ્યા છે જેની અનુક્રમે ૩૬ પા. સ્ટર્લિંગ અને ૨–૧૯–૬ સ્ટર્લિંગ કિંમત છે. ઈચ્છુક સંગ્રાહકનો ઑર્ડર મળ્યા પછી બે અઠવાડિયે એ તૈયાર કરી આપવામાં આવે છે.



મહારાષ્ટ્રના ઉદ્યોગપતિ ને દેશભક્ત લક્ષ્મણરાવ કાશીનાથ કિર્લોસ્કરના માનમાં આ માસની ૨૦-મી તારીખે બહાર પડનારી ખાસ ટપાલ ટિકિટ. જેમાં હળ, ઝૂંપડી ને અનાજની ડૂંડીનું આલેખન છે.

એક આવકાર્ય સૂચક


ગાંધીતારક


ગાંધી-શતાબ્દી વર્ષની ઉજવણી અંગે થએલાં અનેક સૂચનોમાં બાલ સંગ્રહાલયના પ્રતિષ્ઠાતા રાજ્યરત્ન પ્રતાપરાય ગિરધરલાલ મહેતાના એક અભિનવ સુયોગ્ય અને આવકાર્ય સૂચનને અમે અગાઉ 'કુમાર'ના ૫૧૦ (જૂન-૧૯૬૬)ના અંકમાં પ્રકટ કર્યું હતું. હવે આ વર્ષ તો એ શતાબ્દીનું જ હોઈ એને અહીં દોહરાવવું ઉચિત ગણાશે.

આકાશના ઉત્તર ગોળાર્ધમાં દેખાતા 'હંસ' (સિગ્નસ) નામના એક તારા-સમૂહમાં 'હંસ-પુચ્છ' (ડેનેબ) નામે ઓળખાતો એક તેજસ્વી તારો છે. આજ સુધી તેનું કોઈ ભારતીય નામકરણ થયું નથી તેથી તેને ગાંધીજીનું નામ આપવાનું એમણે સૂચવ્યું છે.

પ્રત્યક્ષ તેજસ્વિતાની દૃષ્ટિએ આકાશમાં સૌથી વધુ ઉજ્જ્વળ દેખાતા પ્રથમ વર્ગના વીસ તારાઓમાં પણ આ ડેનેબ આગળ પડતો ગણાય છે. સૂર્ય સાથેની એની યુતિ (કંજંકશન) પછી બરાબર ગાંધીજીના નિર્વાણ-દિને—૩૦ જાન્યુઆરીએ જ સાયંતારા તરીકેના અસ્ત પછી એનું પુનર્દર્શન થાય છે. 'હંસ'-ના તારાઓને 'નૉર્ધર્ન ક્રૉસ' પણ કહે છે. ઈસુખ્રિસ્તનો એ વધસ્તંભ-ક્રૉસ બલિદાન ને વિશ્વ ભ્રાતૃત્વનું પ્રતીક છે. ગાંધીજીનું જીવન અને બલિદાન ખયાલમાં લઈને આ ક્રૉસના શિરસ્થાને ચળકતા ડેનેબને એમના નામે ઓળખીએ તો એ સર્વથા યોગ્ય લેખાશે.


ખગોળગણિતના એક અંદાજ પ્રમાણે ઈ. સ. ૧૦,૦૦૦ની આસપાસ આ ડેનેબ પૃથ્વીનો ધ્રુવતારો – અને તે પણ આજના ધ્રુવતારા કરતાં ઘણો વધુ તેજસ્વી ધ્રુવતારો બનશે. ત્યારે, ધ્રુવતારકની પેઠે આપણા જીવનને માર્ગદર્શન આપનાર ગાંધીજીને આપણે ધ્રુવ, અગસ્ત્ય કે વશિષ્ઠ વગેરે જેવા અન્ય ઋષિઓની સાથે નભોમંડળમાં સ્થાપિત કરીએ તો એ એક સુયોગ્ય સ્મારક ગણાશે. આ આપણી નિજી બાબત છે. એને માટે કોઈ આંતરરાષ્ટ્રીય સમજૂતીની પણ જરૂર નથી. એટલે એ આદર્શમૂર્તિ, આસ્તિક શિરોમણિ યુગપુરુષ ગાંધીજીનું આ વ્યોમ-સ્મારક આપણે કેમ ન કરીએ? અગ્રગણ્ય વ્યક્તિએ એ આ સૂચનને એક શ્રેષ્ઠ વિચાર તરીકે આવકાર્યું છે. આ વર્ષથી જ આપણે આ ડેનેબને ગાંધીજીના નામે જ પંચાંગો–પુસ્તકોમાં ઓળખવા માંડીએ તો?





લગભગ ઉત્તર આકાશમાં ઉત્તર ધ્રુવ અને વિષુવવૃત્તની વચ્ચે, વર્ષના પાછલા માસ દરમિયાન વહેલી રાતે દેખાતા 'સિગ્નસ'—'હંસ' નામે તારામંડળમાં હંસની આકૃતિ કલ્પવામાં આવે છે (ઉપરની ડાબી બાજુની આકૃતિ જુઓ) ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ–ક્રૉસ આકારે એ તારાઓ ગોઠવાયા હોઇ એને 'નૉર્ધન ક્રૉસ' તરીકે પણ ઓળખે છે. (ઉપર જમણી બાજુ) આ ક્રૉસના શિરસ્થાને (એટલે કે હંસની પૂંછડીને સ્થાને) આવેલા તારા ડેનેબને આપણે તરજુમિયા નામે–'હંસપુચ્છ' તરીકે ઓળખીએ છીએ. ભારતીય નામાભિધાનથી વંચિત આ એક અતિ ઉજ્જ્વલ તારાનું બીજી ઘણી રીતે પણ મહત્ત્વ છે અને એટલે જ એને ગાંધીજીની સ્મૃતિ સાથે જોડવો સર્વથા ઉચિત ગણાશે.

સૂર્યની આસપાસ તેમજ પોતાની ધરી ઉપર ફરવા સાથે પૃથ્વીની એક ત્રીજી ગતિ પણ છે. ફરતો ભમરડો જેમ ડોલે તેમ પોતાની ધરી પર ફરતી પૃથ્વી પણ ડોલન લે છે. એના આ ડોલનનું એક ચક્ર પૂરું થતાં લગભગ ૨૬૦૦૦ વર્ષ લાગે છે. આથી આજે એની ધરી જે ધ્રુવતારક તરફ મંડાએલી છે એ, અગાઉ ત્યાં નહોતી અને ભવિષ્યમાં પણ ત્યાં નહિ હોય. આ આકૃતિમાં એની એ ગતિ દર્શાવી છે. એ જોતાં સમજાશે કે ઈ. ૧૦,૦૦૦ આસપાસના સમયમાં 'ગાંધી' (ડેનેબ–હંસપુચ્છ) તારક આપણો ધ્રુવતારક બનશે.



આ માસ (જૂન) ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

તા. ૧ ઇંગ્લંડના ૧૭મા રાજકવિ જ્હૉન મેઈસ્ફીલ્ડનો જન્મ, ઈ. ૧૮૭૮. (અવસાન ૧૨ મે, ૧૯૬૭.) લગભગ ૯૦ જેટલા ગ્રંથોમાં નાટકો, નવલિકાઓ, નવલો, કિશોરકથાઓ, નિબંધો ને શેક્સપીઅર વિષેના અભ્યાસલેખો લખવા સાથે ખાસ તો પોતાની સરળ ને કથનાત્મક શૈલીથી એમણે અંગ્રેજી કાવ્યસાહિત્યમાં એક નવો જ વળાંક આપ્યો હતો. 'લખાતા'ને બદલે એમણે 'બોલાતું' પદ્ય આપ્યું. ઈ. ૧૯૩૦માં તેમને ઈંગ્લંડનું રાજકવિ પદ મળ્યું હતું. (વિસ્તૃત પરિચય અંક ૫૨૩.)



તા. ૪ મીર જાફર અને ક્લાઈવ વચ્ચે ખાનગી કરારો થયા. આ પછી ક્લાઈવે સિરાજુદ્દૌલા સામે પલાશી (પ્લાસી)-માં લશ્કર ઉતાર્યું. પૂર્વયોજના પ્રમાણે લડાઈમાં મીર જાફર નિષ્ક્રિય રહ્યો. પરિણામે સિરાજુદ્દૌલાને યુદ્ધમેદાન-માંથી નાસી જવું પડ્યું. ક્લાઈવની જીત થઈ અને મીર જાફર બંગાળ, બિહાર તથા ઓરિસ્સાનો નવાબ બન્યો. બીજી જુલાઇએ સિરાજુદ્દૌલાને પકડી પાડી મીર જાફરના પુત્ર મીરને એને મારી નાખ્યો, ઈ. ૧૭૫૭. આ મીર મીરનનું આગળ જતાં અંગ્રેજોએ ખૂન કરાવી નાખેલું. (બાજુમાં મીર જાફર અને તેના પુત્ર મીરનનાં રેખાંકનો છે.)


તા. ૫ ફ્રાંસમાં ઍનોની મુકામે જૉસેફ અને એટીની મૉન્તગૉલ્ફર નામે બે ભાઇઓએ બલૂન ઉડાડવાનો સૌપ્રથમ સફળ પ્રયોગ કર્યો, ઈ. ૧૭૮૩. ઘરની ચીમનીમાં ધુમાડાના જોરે રાખના કણો ઊડતા જોઈ એમને પ્રેરણા મળી, અને ૩૮ ફૂટ જેટલો પહોળો ગબ્બારો બનાવી, સળગાવેલા ઘાસનો ધુમાડો ભરીને એમણે એ હવામાં ચડાવ્યો. ૬,૦૦૦ ફૂટ ઊંચે જઈ દસેક મિનિટમાં એ દોઢેક માઈલ દૂર જઈ પડેલો. હકીકતે ધુમાડાથી નહિ પણ ગબ્બારાની અંદરની હવા ગરમ થઇને બહારની હવા કરતાં હલકી થવાથી એ અધ્ધર ઊપડેલો. આ સિદ્ધાંત પર પછી વધુ સફળ પ્રયોગો થયા ને માણસનું હવા-માં ઊડવાનું સ્વપ્ન આકાર લેવા માંડ્યું.



મૉન્ત ગૉલ્ફર ભાઇઓ
જૉસેફ અને એટીની તથા
એમનું પ્રથમ બલૂન→



તા. ૧૧ દશ્ય-ચિત્રોના ઉસ્તાદ અંગ્રેજ ચિત્રકાર જ્હૉન કૉન્સ્ટેબલનો જન્મ, ઈ. ૧૭૭૬. (અવસાન : ૩૧ માર્ચ ૧૮૩૭) આકાશ, વાદળો, નદી, વનરાઈ અને લાક્ષણિક મકાનોના આશક આ ચિત્રકારનાં અનેક સુંદર દશ્યચિત્રો ઘણાખરાં મ્યૂઝિયમોમાં સંઘરાયાં છે.



કૉન્સ્ટેબલની એક ચિત્રકૃતિ

તા. ૧૪ સમાજ પર કદાચ સૌથી વધુ ઊંડી અસર પાડનાર કથા 'અંકલ ટૉમ્સ કૅબિન'ની અમેરિકન લેખિકા હૅરીએટ બીચર સ્ટોનો જન્મ, ઈ. ૧૮૧૧. ૨૫મે વર્ષે ગુલામીની પ્રથાના વિરોધી પાદરી રેવ૦ એડવિન ઈ. સ્ટો સાથેના લગ્ન પછી ઉપાડેલી ઝુંબેશ-ના ફલસ્વરૂપ આ કથાએ જ ગુલામીની પ્રથા વિરુદ્ધ લિંકનને પક્ષે સૌથી વધુ લોકમત કેળવેલો.



હૅરીએટ બીચર સ્ટો

તા. ૧૬ હિંદમાં ઘણે સ્થળે—ભરૂચ, કચ્છ, કલકત્તા અને છેક પોંડિચેરી સુધી—ભયંકર ધરતીકંપ, ઈ. ૧૮૧૯. અમદાવાદની જુમા મસ્જિદના ભવ્ય સુંદર મિનાર એમાં જ તૂટી ગએલા.

તા. ૧૭ બુરહાનપુરમાં એક પુત્રીને જન્મ આપતાં શાહજહાંની બેગમ અર્જુમન્દબાનુ મુમતાઝ મહાલનું અવસાન, ઈ. ૧૬૩૧. સાતેક માસ પછી એના શબને આગ્રા લઈ જઈ શાહજહાંએ એની કબર પર જગવિખ્યાત મકબરો—તાજમહાલ બંધાવ્યો, જેનું કામ ઈ. ૧૬૪૫માં પૂરું થએલું.



મુમતાઝમહાલ

તા. ૧૯ અર્લ ઑવ રૉસે 'સ્પાઈરલ નેબ્યુલા'—દેવયાની નિહા-રિકા—ની શોધ જાહેર કરી, ઈ. ૧૮૫૦. દેવયાની તારામંડળમાં 'એમ ૩૧' નામે ઓળખાતી આ નિહારિકા નરી આંખે મોટામાં મોટી ને વધુમાં વધુ તેજસ્વી દેખાતી નિહારિકા છે. આપણાથી ૨૦ લાખ પ્રકાશવર્ષ દૂર અને ૧૫૦,૦૦૦ પ્રકાશ-વર્ષ જેટલા પ્રલંબ વ્યાસવાળું આ તારાજગત આપણા આકાશગંગા-તારાવિશ્વ જેવી ઘણીખરી ખાસિયતો ધરાવે છે.



સ્પાઈરલ નેબ્યુલા

તા. ૨૯ બંગભાષાના શ્રેષ્ઠ કવિ માઇકેલ મધુસૂદન દત્તનું અલીપોરની ધર્માદા દવાશાળામાં અવસાન, ઈ. ૧૮૭૩. (જન્મ : ઈ. ૧૮૨૪.) ગ્રીક, લૅટિન, ફ્રેંચ, જર્મન, ઈટાલિય, હિબ્રુ ને સંસ્કૃત ઉપરાંત તમિળ અને તેલુગુ ભાષાના જાણકાર એમણે અંગ્રેજીમાં કાવ્યો લખવાથી સાહિત્ય-જીવનનો આરંભ કર્યો પાછળથી માત્ર બંગાળીમાં લખવા માંડેલું. વીરરસપ્રધાન કાવ્યોમાં એમની સિદ્ધિ અગ્રિમ હતી.

પૃથ્વી

વિખેરી દઈ મોહને તું મુજ ચિત્તને પ્રેરજે,
ભલે મલિન દીન હીન પણ કોઈ કર્તવ્યમાં.

'શેષ'

સીતાનું હરણ કરીને જતા રાવણને જોઈ, પોતે વૃદ્ધ અને નબળો પક્ષી માત્ર હતો છતાં રાવણને વારવાના દુર્દમ પ્રયત્નો કર્યા, ને અંતે ક્રોધાવિષ્ટ રાવણના ઘાથી ભોંય ભેગો થઈ પડયો ત્યારે મૃત્યુથી કણસાતા જટાયુને કોઈએ તેને પૂછયું: 'તને રાવણની શક્તિનો ને તારા ગજાનો ખયાલ નહોતો? શા માટે પોતના મોંમાં જાણી જોઈને હાથ નાખ્યો?' જટાયુએ જવાબ દીધો: 'મને પૂરો ખયાલ હતો કે એમાં જીવનું જોખમ જ છે; પણ નજર સામે અધર્મ આચરાતો તો કેમ જોઈ શકાય?' આટલું કહી તે **પરમ શાંતિથી** મૃત્યુ પામ્યો.

અનેકાર્થી શબ્દ: ઢગ=ગંજ, ઢગલો; ઘણું, પુષ્કળ; એકત્ર જથ્થો કે ટોળું—તે ઉપરથી કન્યાને તેડવા જનાર વરપક્ષનાં માણસોનો સમૂહ; બળદ; વાદળું; છાપ કે નિશાની.

કાવ્યબદ્ધ કહેવતો:


વૈદ્ય, ભૂવા ને ડાકલાંવાળા,
આવે ચડયા ને જાય પાળા.

[દરદીને સાજો કરવાની ગરજ અને ઉત્કંઠાથી જેને વાહનમાં બેસાડીને લાવ્યા હોય તેને જ કામ પત્યે કે નિષ્ફળ નીવડયે પગપાળા પાછા મોકલનાર ગરજુ સમાજ પર].

કોઈ પણ આપેલી તારીખનો વાર શોધવાની રીત: (૧) ઈસવી સનની સાલના છેલ્લા બે આંકડા લો. (૨) તેના ચોથા ભાગની રકમ તેમાં ઉમેરો; તેમ કરવામાં અપૂર્ણાંકને જતા કરો. (૩) આપેલી તારીખ મહિનાનો જેટલામો દિવસ હોય તેટલા તેમાં ઉમેરો. (૪) નીચે પ્રમાણે મહિનાને અંગે તેમાં ઉમેરો કરો: જાન્યુઆરી માટે ૧ અથવા લીપઈયર હોય તો ૦. ફેબ્રુઆરી માટે ૪ અથવા લીપઈયર હોય તો ૩. માર્ચ ૪, એપ્રિલ ૦, મે ૨, જૂન ૫, જુલાઈ ૦, ઑગસ્ટ ૩, સપ્ટેમ્બર ૬, ઑક્ટોબર ૧, નવેમ્બર ૪, ડિસેમ્બર ૬. (૫) તે પછી અઢારમી સદી માટે ૪, ઓગણીસમી સદી માટે ૨, વીસમી સદી માટે ૦ તથા એકવીસમી સદી માટે ૬ ઉમેરો. (૬) હવે આવે તે રકમને સાત વડે ભાગો અને જે શેષ વધે તેને અઠવાડિયાનો દિવસ અનુક્રમે ગણવો. ૧ વધે તો રવિવાર, ૨ વધે તો સોમવાર, વગેરે. ને ૦ વધે તો શનિવાર ગણવો. ઈ.સ. ૧૭૫૨ થી ૨૦૯૯ સુધીના આંકડા આ રીતે મળી શકશે. (છોટાલાલ કામદાર)



ખોટી વાત: આપણી સામાન્ય માન્યતા છે તે મુજબ પ્રકાશ પોતે તો નજરે દેખાતો જ નથી. માત્ર તે કોઈ પદાર્થ ઉપર જ્યારે પડે છે ત્યારે જ તે ભાસમાન બને છે. દાખલા તરીકે ઓરડામાં કોઇ જાળિયામાંથી કે બારીની તરડ અગર છાપરામાંના બાકોરામાંથી ચાંદરણાનો પ્રકાશ વચગાળાના ભાગમાં લાંબા કિરણ જેવો જે આપણને દેખાય છે તે તેમાં તરતાં ધૂળ (રજ)નાં અતિ બારીક રજકણોને લીધે. ઓરડામાં એવાં રજકણો લેશમાત્ર ન હોય તો તેના પર ન અથડાવાને કારણે કિરણનો એ વચગાળાનો લીસોટો યે આપણને દેખાય નહિ; માત્ર જમીન પર જે જગ્યાએ એ પ્રકાશ પડે ત્યાંથી પ્રતિબિંબિત થઇને તેટલા પૂરતો જ તે ભાસમાન થાય.




ઍટલાંટિકમાં થતી આ મૅકરેલ માછલીની ચૂઈ એવી રીતે ગોઠવાએલી હોય છે કે ઑક્સિજન મેળવવા એના પરથી સતત પાણી પસતું રહેવું જોઇએ. અને એ માટે મૅકરેલને ચોવીસે કલાક તરતા રહેવું પડે છે.

એકસરખી ભેટનો જેને ભરાવો થઈ ગયો હોય તેને માટે નુસખો: લિવરપુલના એક પાદરીને તેના દેવળની ભક્ત બાઈઓ તરફથી નાતાલની ભેટ તરીકે એક જ સરખા રંગ અને ઢંગનાં સત્યાવીસ કાળાં સ્વેટર મળ્યાં! પાદરીએ એ વેચનાર વેપારીને ત્યાં જઈ ૨૬ સ્વેટરના બદલામાં એક સૂટ લીધો અને એક સ્વેટર પહેરવા રાખ્યું. એ કહે છે કે 'પેલી સત્યાવીશે ભક્તો એમ જ સમજશે કે તેણે ભેટ આપેલું સ્વેટર જ મેં પહેર્યું છે.'

અકબરે બિરબલને પૂછયું: એવું કાંઈ છે કે જે ઈશ્વર પણ ન કરી શકે ને છતાં હું કરી શકું?

'જી હા, નામદાર, દેશનિકાલની સજા ઇશ્વર કોઇને કરી શકતો નથી.' બિરબલે કહ્યું.



મધ્ય અમેરિકામાં વિકસેલી પ્રાચીન માયા સંસ્કૃતિની છેલ્લી રાજધાની 'માયાપાન'નું ઈ. ૧૪૬૦માં આખરી પતન થયું. એક કાળની એ અતિ સમૃદ્ધ સંસ્કૃતિના સર્વ ક્ષેત્રે થવા લાગેલા પતનમાં ત્યારે ત્યાંની કળા પણ ઊતરતી કોટિની બની ગઈ હતી. એનાં આવાં શિલ્પનાં શોભન અંગો અલગઅલગ જથ્થાબંધ તૈયાર થતાં ને પછી પ્રતિમા પર ચોડી દેવાતાં. કહેવાય છે કે આ સંસ્કૃતિ પર પ્રાચીન ભારતીય સંસ્કૃતિની અસર હતી. આ પ્રતિમાનું સૂંઢ જેવું નાક અને હાથમાંના લાડુ જેવા ગોળા આપણી ગણેશમૂર્તિનાં લક્ષણો સાથે સંબંધ નહિ ધરાવતા હોય?